BAOU
Education
for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

દ્વિતીય વર્ષ BA અર્થશાસ્ત્ર
પેપર ૪ (મુખ્ય તથા ગૌણ)
ECOM 204/ ECOS 204
ગુજરાતનું અર્થતંત્ર



## ગુજરાતમાં વેપાર, વસ્તી અને શહેરીકરણ 4

## સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક ભારતરત્ન ડૉ.બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં ગુજરાત સરકાર શ્રી એ ઇ.સ. 1994 માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એકમાત્ર મુક્ત વિશ્વ વિદ્યાલય ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.

ડાં. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડતા સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ, શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે : 'જેનાથી ચારીત્ર્ય ઘડતર થાય, માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી, શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે.બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમના રોજિંદા કામો કરતા પ્રાપ્ત થતી રહે. વ્યવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્ર નિર્માણમાં પોતાનું પ્રદાન આપેએ માટે પ્રયાસરત છે.

'સ્વાધ્યાયઃ પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટી એ કેન્દ્રમાં રાખીને અહી પ્રવેશ કરતા છાત્રોને સ્વ અધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવો પાઠ્યપુસ્તકો નિષ્ણાંત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈપણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસ સામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શન કરવામા આવે છે. એ પછી જ માળખુ રચી, અભ્યાસ સામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોના કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાક્રમોનું લેખન કરે છે. વિષય નિષ્ણાંત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થાય પછી જ પરિણામલક્ષી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણપહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબમાં અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.

અસ્તુ !


પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય

કુલપતિ

ડૉ.બાબાસાહેબઆંબેડકરઓપનયુનિવર્સિટી,

જ્યોતિર્મયપરિસર સરખેજ-ગાંધીનગર હાઈવે

છારોડી, અમદાવાદ.

સંપાદકઃ

પ્રો. ડો. અમી ઉપાધ્યાય, નિયામક, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોસિયલ સાયન્સીસ, કુલપતિ, ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

ડૉ. કૃતિ છાયા, આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ

જીવરાજ ઝાંપડિયા, આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

---

વિષય સમિતિઃ

ડૉ. કૃતિ છાયા, આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

ડૉ. ગીતા પંડ્યા, પ્રિન્સિપાલ (નિવૃત્ત), સરકારી વિનયન કોલેજ, કે. કે. શાસ્ત્રી શૈક્ષણિક સંકુલ, મણિનગર, અમદાવાદ.

ડો. ગૌરાંગ રામી, પ્રોફેસર, અર્થશાસ્ત્ર વિભાગ, વીર નર્મદ, સાઉથ ગુજરાત યુનિવર્સિટી, સુરત

---

વિષય પરામર્શનઃ

પ્રો. ડૉ. પી. જી.મારવણીયા પ્રોફેસર અને હેડ અર્થશાસ્ત્ર, વિભાગ,(નિવૃત) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,રાજકોટ

ડો. જી.ડી.ત્રિપાઠી, પ્રિન્સિપાલ, સી. એન. આર્ટસ એન્ડ બી. ડી. કોમર્સ કોલેજ, કડી, મહેસાણા

ડો. રોહિત દેસાઇ, ડી.ડી.ઠાકર આર્ટસ એન્ડ કે.જે.પટેલ કોમર્સ કોલેજ,ખેડબ્રહ્મા

---

લેખનઃ

ડો. કૃતિ છાયા આસિસ્ટન્ટ પ્રોફેસર, ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

ડૉ જીજ્ઞેશ પુરબિયાઃ શ્રીએસ.ડી.આર્ટસ એન્ડ ડી.આર કોમર્સ કોલેજ,માણસા.

આત્મન શાહ, અધ્યાપક, સેન્ટ ઝેવિયર્સ કોલેજ,અમદાવાદ

---

ભાષા પરામર્શનઃ

ડો.ધ્વનિલ પારેખ, સહપ્રાધ્યાપક, મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ, ગુજરાત વિદ્યાપીઠ, સાદરા

ડો.પૂર્વી ઓઝા, એસોસિએટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ, સરકારી વિનયન કોલેજ, જાદર

ધીરજ પી ગોહિલ, આસિસ્ટન્ટ પ્રોફેસર, સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, કઠલાલ

---

પ્રકાશકઃ ડૉ. ભાવિન ત્રિવેદી, કુલસચિવ (કાર્યકારી), ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ISBN: 978-93-91468-51-4**

**: સર્વાધિકાર સુરક્ષિત :**

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વ-અધ્યયન હેતુથી દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસક્રમ-સામગ્રીનો કોઇ પણ સ્વરૂપમાં ધંધાદારી ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

This publication is made available under a Creative Commons Attribution-NonCommercial-ShareAlike 4.0 International (CC BY-NC-SA 4.0)
https://creativecommons.org/licenses/by-nc-sa/4.0/

All rights reserved. No part of this work may be reproduced in any form, by mimeograph or any other means without permission in writing from Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad. While all efforts have been made by editors to check accuracy of the content, the representation of facts, principles, descriptions and methods are that of the respective module writers. Views expressed in the publication are that of the authors, and do not necessarily reflect the views of Dr. Babasaheb Ambedkar Open University. All products and services mentioned are owned by their respective copyrights holders, and mere presentation in the publication does not mean endorsement by Dr. Babasaheb Ambedkar Open University. Every effort has been made to acknowledge and attribute all sources of information used in preparation of this learning material. Readers are requested to kindly notify missing attribution, if any.

# વિભાગ

# 4

# ગુજરાતમાં વેપાર, વસ્તી અને શહેરીકરણ

| | |
|---|---|
| એકમ-14 ગુજરાતનો વેપાર | 7 |
| એકમ-15 ગુજરાતની વસ્તી વિષયક રૂપરેખા | 21 |
| એકમ-16 શહેરીકરણ અને આર્થિક વિકાસ | 43 |
| એકમ-17 ગુજરાતનાં મહત્ત્વના શહેરો અને તેની આર્થિક વિશેષતાઓ | 55 |

## દ્વિતીય વર્ષ બીએ(મુખ્ય અને ગૌણ)

## પેપર 4 - ગુજરાતનું અર્થતંત્ર

| એકમ સંખ્યા | એકમનું નામ | સમાવિષ્ટ મુદ્દાઓ |
|---|---|---|
| 1 | પ્રાદેશિક અર્થશાસ્ત્ર-I | પ્રદેશ એટલે શું?, પ્રાદેશિક અર્થતંત્રના અભ્યાસનું મહત્વ |
| 2 | પ્રાદેશિક અર્થશાસ્ત્ર-II | પ્રદેશોના જુદાજુદા પ્રકારો, પ્રાદેશિક આવક, પ્રાદેશિક વિકાસના નિર્દેશકો,રાજયનું ઘરગથ્થુ ઉત્પાદન |
| 3 | ગુજરાત પ્રદેશનો પરિચય- I | ગુજરાતનું ભૌગોલિક સ્થાન, ગુજરાતનાં કુદરતી પર્યાવરણીય પાસાંઓ, પ્રદૂષણની સ્થિતિ |
| 4 | ગુજરાત પ્રદેશનો પરિચય-II | ગુજરાત રાજકીય અને વહીવટી (રાજકીય ઈતિહાસ, જીલ્લાઓ, વહીવટી વિભાગોનો પરિચય ટૂંકમાં, સમવાયતંત્ર – પરિચય) |
| 5 | ગુજરાતનું કૃષિ ક્ષેત્ર – જમીન | ગુજરાતની જમીનના પ્રકાર, ખેડવાલાયક જમીનનું પ્રમાણ, લેવાતા પાકો, કૃષિ પદ્ધતિ, |
| 6 | પાક | ગુજરાતના મુખ્ય પાક, ઉત્પાદનનું પ્રમાણ અને તેમાં ફેરફારો (વલણ/trend), |
| 7 | ખેતી વિકાસ અને યોજનાઓ | ગુજરાતની ખેતીની સમસ્યાઓ, વિકાસ અને સહાય યોજનાઓ ( રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર) |
| 8 | ગુજરાતનું ઉદ્યોગ ક્ષેત્ર | ગુજરાતના ઉદ્યોગો, સ્થાનીયકરણ, ઔદ્યોગિક ઉત્પાદન, |
| 9 | ઔદ્યોગિક વિકાસ અને યોજનાઓ | ઔદ્યોગિક વિકાસની તકો, ઔદ્યોગિક વિકાસના અવરોધો, વિકાસ અને સહાય નીતિ |
| 10 | ગુજરાતમાં શિક્ષણ | સ્થિતિ, સમસ્યાઓ, ખાનગીકરણ, જાહેર નીતિ |
| 11 | ગુજરાતમાં સ્વાસ્થ્ય સુવિધાઓ | સ્થિતિ, સમસ્યાઓ, ખાનગીકરણ, જાહેર નીતિ |
| 12 | પરિવહન સુવિધાઓ | રેલમાર્ગ, રસ્તા, હવાઈ ઉડ્ડયન, જળમાર્ગ- વગેરેની સ્થિતિ, સમસ્યાઓ, ભાવિ વિકાસની તકો |
| 13 | સંદેશા વ્યવહાર અને બેક્કિંગ | સંદેશાવ્યવહાર, બેક્કિંગ વગેરેની સ્થિતિ, સમસ્યાઓ, ભાવિ વિકાસની તકો |
| 14 | ગુજરાતનો વેપાર | અન્ય રાજ્યો સાથે (આંતરરાજ્ય) અને અન્ય દેશો સાથેના (આંતરરાષ્ટ્રીય) વેપારમાં ગુજરાતનો ફાળો |
| 15 | ગુજરાતની વસ્તી વિષયક રૂપરેખા | ગુજરાતની વસ્તી, વસ્તીનાં લક્ષણો, જન્મદર, મૃત્યુદર, વસ્તીવૃદ્ધિ દર |
| 16 | શહેરીકરણ અને ગુજરાતનાં શહેરો | શહેરની વ્યાખ્યા, શહેરીકરણની વ્યાખ્યા, શહેરીકરણના કારણો, અસરો, ગુજરાતનાં શહેરો |
| 17 | ગુજરાતનાં મહત્વનાં શહેરો | ગુજરાતનાં મહત્વનાં શહેરો, શહેરીકરણની તરાહ અને તેની આર્થિક વિશેષતાઓ |

## Second Year BA (Main and Subsidiary)

## Paper 4- Economy of Gujarat

| Srl No. | Title of Unit | Included Points |
|---|---|---|
| 1 | Regional Economy - I | What is Region? Importance of Study of Regional Economy |
| 2 | Regional Economy - II | Types of Region, Regional Income, Indicators of Regional Development, State Domestic Production |
| 3 | Introduction of Gujarat State as Region- I | Geographical Position of Gujarat, Natural Environmental Aspects of Gujarat, Status of Pollution |
| 4 | Introduction of Gujarat State as Region- II | Gujarat – Political and Administrative (Political History, Districts, Introduction to Administrative departments, federal System) |
| 5 | Agriculture Sector of Gujarat- Land | Types of Land, Arable Land, Agriculture crops and cropping pattern |
| 6 | Agriculture Crops | Main Crops, Production, trends in Production |
| 7 | Agriculture development and Schemes | Problems in agriculture development, Government schemes and planning (State and Central) |
| 8 | Industry sector of Gujarat | Industries in Gujart, Location, Industrial Production |
| 9 | Industrial Development and Schemes | Scope for Industrial development, Problems in industrial development, Government aid and policies. |
| 10 | Education in Gujarat | Status, Problems, Privatisation and Public Sector policy |
| 11 | Health facilities in Gujarat | Status, Problems, Privatisation and Public Sector policy |
| 12 | Transportation Facilities | Railway, Roads, Aviation and Waterways- Status, Problems, Scope for Future Development, Public Sector policy |
| 13 | Communication and Banking | Communication and Banking – (Status, Problems, Scope for Future Development) |
| 14 | Trade of Gujarat | Trade with Other States of India and International Trade. Contribution of the State. |
| 15 | Demographic Profile of Gujarat | Population of Gujarat, Characteristics of Population, Birt rate, Death rate, Population growth rate. |
| 16 | Urbanisation and Cities of Gujarat | Definition of an Urban area, Definition of Urbanisation, Causes and effects of Urbanisation, Cities of Gujarat |
| 17 | Important Cities of Gujarat | Important Cities of Gujarat, Pattern of Urbanisation and their Economic Characterisitcs |

એકમ 14

# ગુજરાતનો વેપાર

## રૂપરેખા

14.0 ઉદ્દેશો
14.1 પ્રસ્તાવના
14.2 ગુજરાતના વેપારનું કદ, બંધારણ અને દિશા
14.3 ગુજરાત સરકારની વેપારનીતિ
14.4 સારાંશ
14.5 ચાવીરૂપ શબ્દો
14.6 તમારી પ્રગતિ ચકાસો
14.7 સંદર્ભ વાચન
★ તમારી પ્રગતિ ચકાસોના જવાબો

## 14.0 ઉદ્દેશો :

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે

- ગુજરાતના વેપારના વિવિધ પાસાઓનો પરિચય મેળવી શકશો.
- ગુજરાતના પ્રદેશ (રાજ્યની) મુખ્ય આયાતો અને નિકાસો વિશે માર્ગદર્શન મેળવી શકશો.
- ગુજરાતમાં વેપારને અસર કરતાં પરિબળો નોંધી શકશો.
- ગુજરાત સરકારની વેપારનીતિની માહિતી મેળવી શકશો.

## 14.1 પ્રસ્તાવના :

કોઈપણ અર્થતંત્ર માટે કોઈપણ આર્થિક પ્રવૃત્તિ માટે વેપાર અનિવાર્ય છે. વેપાર એટલે સામાન્ય ભાષામાં કહીએ તો વિનિમય કારણ કે કુદરત દ્વારા બધા જ પ્રદેશોને એક સમાન પ્રમાણમાં અર્માદિત અને જરૂરિયાત પ્રમાણે સંસાધનો આપેલાં નથી. કોઈ પ્રદેશમાં ખનિજસંપતિ વિપુલ પ્રમાણમાં હોય પરંતુ ખેતીને અનુકુળ જમીન કે વાતાવરણ ન હોય તો ખનિજના બદલામાં અનાજનો વેપાર થાય છે. આ બાબત પરિવારો અને વ્યક્તિને પણ લાગુ પડે છે. પરિવાર કુટુંબ કે વ્યક્તિ કોઈ એક આર્થિક ક્રિયા કરે છે અને અન્ય જરૂરિયાત પૂરી કરવા માટે બીજા પાસેથી વસ્તુઓ અને સેવાઓ ખરીદે છે.

ગુજરાત પ્રદેશની વાત કરીએ તો, તમે જાણો છો કે ગુજરાતની ભૂગોળ વિવિધતાથી ભરેલી છે. દરિયો છે, ક્યાંક જંગલો છે અને કોઈ જગ્યાએ રણ પણ છે.

સદીઓ પહેલાં ગુજરાતના જે ભાગમાં ચોખાની ખેતી થતી હતી ત્યાં આજે રણપ્રદેશ છે. છેલ્લી સદીની વાત કરીએ તો સમયાંતરે આવતા ભૂકંપો, વાવાઝોડાં, રણપ્રદેશનો વિસ્તાર થવો વગેરે જેવાં કારણોથી ગુજરાતના કેટલાક પ્રદેશોમાં આર્થિક વિકાસ થયો ન હતો. ત્યાંની પ્રજા આ કારણોસર વેપાર અર્થે દરિયાઈ માર્ગે વિદેશો સાથે સંબંધ રાખતી થઈ. ગુજરાતના અન્ય કેટલાક પ્રદેશોમાં કૃષિ અને ઔદ્યોગિક વિકાસ થયેલો છે. ગુજરાતના કયા પ્રદેશોમાં ખેતી અને ઉદ્યોગોનો વિકાસ થયેલો છે તે તમે અગાઉનાં એકમોમાંથી જાણ્યું તમે એ વાતથી પરિચિત હશો જ કે ગુજરાતની પ્રજા મૂળભૂત રીતે વેપારી પ્રજા કહેવાય છે. આજે ભારતનાં લગભગ બધાં જ રાજ્યોમાં અને વિશ્વના બધાંજ દેશોમાં ગુજરાતની પ્રજા વેપાર અર્થે ગયેલી છે અને ત્યાં વસવાટ કર્યો છે. હળવાશમાં એવું પણ કહેવાય છે કે ચંદ્ર કે મંગળ ગ્રહ ઉપર જો મનુષ્ય વસવાટ કરશે તો ત્યાં સૌ પહેલી દુકાન ગુજરાતીની હશે. આમ, જયારે ગુજરાતનાં અર્થતંત્રની વાત કરીએ ત્યારે ગુજરાતના વેપાર ક્ષેત્રને અવગણી શકાય નહીં. મહાભારત, હરિવંશ પુરાણ કૌટિલ્યનું અર્થશાસ્ત્ર વગેરેમાં ગુજરાતનો સુમેર, ઈજિપ્ત, રોમ, ઈરાન, લંકા, ઈસ્ટ આફ્રિકા, ચીન, જાવા, સુમાત્રા વગેરે જેવા દેશો સાથેના વેપાર સંબંધોના સંદર્ભો મળે છે. જેમાં ગુજરાતના વિકસિત બંદરોનો પણ ઉલ્લેખ છે. ગુજરાતમાં બનેલાં વહાણો વિશ્વભરમાં પ્રસિદ્ધ હતાં, જે બાબત ગુજરાતનો સમૃદ્ધ અને સુવિકસિત વ્યાપારિક પાસાંનો પરિચય આપે છે. આધુનિક સમયમાં પણ ગુજરાતનો વેપાર અર્થતંત્રના અન્ય ક્ષેત્રોનાં વિકાસમાં મુખ્ય આધારરૂપ બન્યો છે. આ પ્રકરણમાં આપણે ગુજરાતના વેપારનો એટલે કે ગુજરાતની મુખ્ય આયાતો અને નિકાસો, વેપાર વિકાસની સંભાવનાઓ તથા ગુજરાત સરકારની વેપાર સંબંધિત નીતિનો પરિચય મેળવીશું.

## 14.2 ગુજરાતના વેપારનું કદ, બંધારણ અને દિશા :

ગુજરાત રાજ્યનું કુલ ઘરેલું ઉત્પાદન( સ્ટેટ ડૉમેસ્ટીક પ્રોડક્ટ) 2011-12 થી 2019-20ના ગાળા દરમ્યાન 17.1 બિલિયન ડૉલર વધ્યું છે. જે ડોલર ટર્નમાં US $ 243.45 બિલિયન ડોલરનો વધારો દર્શાવે છે.

કોષ્ટક-1 ગુજરાત રાજ્યનું ઘરેલુ ઉત્પાદન

| વર્ષ | GSDP રુપિયામાં કરોડમાં |
|---|---|
| 2014-15 | 718510 |
| 2015-16 | 792635 |
| 2016-17 | 866298 |
| 2017-18 | 957910 |
| 2018-19 | 1025837 |

સ્રોત :સામાજિક આર્થિક સમીક્ષા ગુજરાત રાજ્ય 2019-20.

કોષ્ટક જોતાં જણાય છે કે રાજ્યનાં કુલ ઘરેલુ ઉત્પાદનમાં ઉતાર-ચઢાવ આવતા રહ્યા છે, પરંતુ મોટા ભાગે વૃધ્ધિ દર 10% થી વધી રહ્યો છે. આ બધું રાજ્યની કૃષિ, ઉદ્યોગો તેમજ સેવાક્ષેત્રની આર્થિક પ્રવૃત્તિઓને આભારી છે. પણ આપણે જાણીએ છીએ

તેમ કુદરતે બધા જ પ્રદેશોને બધાં જ સાધનો આપ્યાં નથી હોતા. વેપાર વિનિમયથી જરૂરી ઉત્પાદન સાધનો મેળવીને જ આર્થિક પ્રવૃત્તિઓ કોઈ પણ અર્થતંત્ર દ્વારા હાથ ધરી શકાય.

વ્યાપાર સાથે જોડાયેલા પ્રદેશો માંથી કેટલીક વસ્તુઓની નિકાસ થાય છે, જેમાંથી તે પ્રદેશને નિકાસ આવક મળે છે; તો અન્ય કેટલીક વસ્તુઓની આયાત પણ કરવામાં આવે છે. જે તે પ્રદેશની આર્થિક પ્રવૃત્તિઓનાં પ્રમાણ, ગતિ અને વૃદ્ધિ માટે કારણરૂપ બને છે. આ આયાતો માટે ચૂકવણું પણ કરવાનું હોય છે. આથી જો કોઈ પ્રદેશ તેની આયાતો નિયમિત રીતે જાળવી શકે તો સ્વસ્થ અને વિકાસશીલ અર્થતંત્રનો સંકેત આપે છે. ગુજરાત રાજ્ય માટે પણ તેની આયાતો અને નિકાસો મહત્વની ભૂમિકા ભજવે છે. આ વિભાગમાં આપણે ગુજરાતની આયાતો અને નિકાસો વિશે તેનાં પ્રમાણ (કઈ આયાત અને નિકાસ થતી વસ્તુઓની વિવિધતા (બંધારણ) અને કયા દેશો સાથે વેપાર સંબંધો છે (દિશા) તે વિગતો જોઈએ, તે પહેલાં વેપારનું કદ, બંધારણ અને દિશા એટલે શું ?તે સમજીએ.

- વેપારનું કદ :

વેપારનું કદ (Volume) એટલે વેપારનું કુલ પ્રમાણ. કેટલી આયાતો અને નિકાસો થાય છે તેનું કુલ પ્રમાણ, જે દેશ કે પ્રદેશ બહોળી આર્થિક પ્રવૃત્તિઓ ધરાવતો હોય તેની આયાતો અને નિકાસોનું પ્રમાણ વધારે હોય છે. સ્થાનિક જરૂરિયાત કરતાં સ્થાનિક ઉત્પાદન વધારે હોય ત્યારે નિકાસોનું કુલ પ્રમાણ વધુ છે, તે ઉપરાંત ચાવીરૂપ સ્થાને આવેલ પ્રદેશમાંથી પણ નિકાસો વધે છે. જેમ કે ગુજરાતનાં પોતાનાં ઉત્પાદનની નિકાસો તેમ જ બંદરીય વિસ્તાર હોવાને કારણે અન્ય રાજ્યોની નિકાસોનાં માધ્યમ તરીકે પણ ગુજરાત રહે છે. આમ, ગુજરાતનું નિકાસોનું કદ મોટું છે તેમ કહી શકાય.

તેવી જ રીતે જે પ્રદેશમાં બહોળા પ્રમાણમાં આર્થિક પ્રવૃત્તિઓ થતી હોય ત્યાં કાચો માલ, મશીનરી વગેરેની આયાતોનું પ્રમાણ પણ વધુ હોય છે. ગુજરાતમાં આર્થિક પ્રવૃત્તિઓમાં વધારો થયો હોવાથી આયાતોનું કદ પણ વધારે રહેતું હોય છે. વેપારનું કદ એટલે કે આયાતો અને નિકાસોનું પ્રમાણ નાણાંના માધ્યમથી દર્શાવવામાં આવે છે. જેમ કે રૂપિયા, ડોલર વગેરે.

- વેપારનું બંધારણ :

વેપારનું બંધારણ (Composition) એટલે આયાત અને નિકાસમાં સમાવિષ્ટ થતી વસ્તુઓ. કોઇ પ્રદેશના વેપારનાં બંધારણનો અભયાસ કરવો એટલે કે તે પ્રદેશમાં કઇ કઇ વસ્તુઓની આયાત થાય છે અને કઇ કઇ વસ્તુઓની તે પ્રદેશમાંથી નિકાસ થાય છે તેનો અભ્યાસ કરવો. ગુજરાતમાં વૈવિધ્યસભર ઉત્પાદનો થતાં હોવાથી વેપારની વસ્તુઓમાં પણ વૈવિધ્ય રહેલું છે. એટલે કે માત્ર અમુક જ વસ્તુઓની આયાત કે નિકાસ નથી થતી પરંતુ અનેક જુદી જુદી વસ્તુઓની આયાત અને નિકાસ થાય છે.

- વેપારની દિશા :

વેપારની દિશા એટલે કોઇ પણ પ્રદેશ કયા કયા અન્ય દેશો કે પ્રદેશ સાથે વેપાર સાથે જોડાયેલો છે તેનો અભ્યાસ કરવો.

14.2.1 નિકાસોના સંદર્ભમાં કદ, બંધારણ અને દિશા :

વેપારનું કદ એટલે આયાતો અને નિકાસોનું પ્રમાણ આ પ્રમાણ હિસાબી સરળતા માટે નાણાંના માપદંડથી માપવામાં આવે છે. તેમજ જો આંતરરાષ્ટ્રીય સ્તરે તુલનાત્મક અભ્યાસ કરવાનો થાય તો વેપારનું કદ આંતરરાષ્ટ્રીય ચલણ ડોલરમાં પણ પ્રસ્તુત કરવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય વેપારમાં વસ્તુઓ અને સેવાઓનો વેપાર કરવામાં આવે છે. ભૌતિક વસ્તુઓ ઉપરાંત શિક્ષણ, પ્રવાસન કન્સલટન્સી વગેરે જેવી સેવાઓનો પણ વેપાર થતો હોય છે. જો કે આ બધી બાબતોની સેવાક્ષેત્રે અંતર્ગત ચર્ચા કરવામાં આવતી હોવાથી અહીં આ એકમમાં આપણું ક્ષેત્ર ભૌતિક વસ્તુઓના વેપાર સુધી મર્યાદિત રાખીએ છીએ.

- નિકાસની વસ્તુઓનું બંધારણ:

ગુજરાત વેપાર વ્યવસાયનું મુખ્ય કેન્દ્ર બની રહ્યું છે. એવી કેટલીયે વસ્તુઓ છે કે જેમાં ગુજરાત માત્ર ભારતમાં જ નહિં પરંતુ સમગ્ર વિશ્વમાં અગ્રેસર છે. જેમ કે વિશ્વના કુલ હીરા ઉત્પાદન માંથી 72% જેટલા પ્રોસેસ કરેલા હીરા ગુજરાતમાં ઉત્પન્ન થાય છે. જ્યારે ભારતના 80% જેટલા હીરાની નિકાસ ગુજરાત માંથી થાય છે. તેવી જ રીતે ડેનિમનાં ઉત્પાદનમાં ભારતમાં ગુજરાત સૌથી વધુ હિસ્સો ધરાવે છે. જે વિશ્વનાં કુલ ડેનિમ ઉત્પાદનનાં 65 થી 70% જેટલો થાય છે. દેશની કુલ નિકાસના 20% ના હિસ્સા સાથે ગુજરાત નિકાસની બાબતમાં મોખરે રહ્યું છે.

NITI આયોગના અહેવાલ પ્રમાણે વર્ષ 2018-19નાં વર્ષ દરમ્યાન રાજ્યની કુલ નિકાસો 67,401 યુ.એસ. મિલિયન ડોલરની રહેવા પામી હતી, જે એપ્રિલથી સપ્ટેમ્બરના માત્ર છ માસના ગાળા દરમ્યાન જ 33,176 મિલિયન યુ.એસ. ડોલરની થઈ હતી. ગુજરાતમાં પશ્ચિમ ભારતનું મુખ્ય બંદર કંડલા આવેલું છે. તે ઉપરાંત 11 જેટલાં મધ્યવર્તી બંદરો પણ દરિયા કિનારે આવેલાં છે. આ કારણોસર ગુજરાત માંથી ભારતના અન્ય પ્રદેશોની વસ્તુઓ પણ નિકાસ થાય છે, તો કયારેક ભારત સિવાયના અન્ય દેશો વચ્ચેના વેપારમાં પણ ગુજરાતનાં દરિયાઈ બંદરો માધ્યમ બનતાં હોય છે.

ગુજરાતની કુલ નિકાસોમાં વર્ષ 2017-18 દરમ્યાન કુલ 22% જેટલો વધારો અગાઉનાં વર્ષોની તુલનામાં નોંધાયો હતો. વર્ષ પ્રમાણે ગુજરાતની કુલ નિકાસો જોઈએ તો :

કોષ્ટક-2 ગુજરાતની નિકાસો

| વર્ષ | નિકાસોનું મૂલ્ય (billion US $) | વધારો કે ઘટાડો |
|---|---|---|
| 2016-17 | 54 | - |
| 2017-18 | 66 | +22% |
| 2018-19 | 67.40% | +2% |

સ્રોત :સામાજિક આર્થિક સમીક્ષા ગુજરાત રાજ્ય 2019-20.

2018-19 માં મુખ્ય કૃષિ પેદાશોની નિકાસો 3.59billion US $ થવા પામી હતી.

નવેમ્બર 2018ની માહિતી પ્રમાણે ગુજરાતમાં 3.77મિલિયન ટન પેટ્રોલિયમ ઉત્પાદન કરવામાં આવ્યું હતું, જેમાંથી 25,184.83 મિલિયન US $નાં પેટ્રોલિયમની નિકાસ કરવામાં આવી હતી. જે કુલ નિકાસોના 37.69% જેટલી થાય છે. ભારતમાંથી નિકાસ થતી કુલ દવાઓના 28% ગુજરાત માંથી નિકાસ થાય છે. ગુજરાત ભારતનું

પ્રથમ નંબરનું દવા ઉત્પાદન છે. ગુજરાતમાં ઉત્પન્ન થતી અને નિકાસ થતી અન્ય મુખ્ય વસ્તુઓ જોઈએ તો હીરા અને ઝવેરાતો, એન્જિનીયરીંગ ગુડઝ, રસાયણો, ખાદ્યપદાર્થો, કૃષિ પેદાશો, આયુર્વેદિક તેમજ અન્ય દવાઓ, જંતુનાશકો, દરિયાઈ પેદાશો, ચોખા, ઘઉં, સિમેન્ટ, સિરામિક ટાઈલ્સ, ઔદ્યોગિક ક્ષાર, બેન્ટોનાઈટ ક્વાર્ટઝ, કાપડ અને તૈયાર વસ્ત્રો, જંગલ પેદાશો જેવી વિશાળ વૈવિધ્ય ધરાવતી વસ્તુઓ ગુજરાત માંથી નિકાસ કરવામાં આવે છે.

- નિકાસની દિશા :

અમદાવાદ ડ્રાય પોર્ટથી હવાઈમાર્ગે થતી નિકાસોમાં ફ્રોઝનફૂડ બોલપેનની ટીપ્સ, હર્બલ ટી, દવાઓ, સિન્થેટીક, રબર, રેફ્રિજરેટર ઈક્વિપમેન્ટસની મુખ્યત્વે નિકાસ થાય છે.

ગુજરાતમાંથી થતી નિકાસોની દિશા જોઈએ તો શ્રીલંકા, બાંગલાદેશ,પાકિસ્તાન, નેપાળ જેવા દક્ષિણ એશિયાના દેશો ઉપરાંત UAE, બ્રાઝિલ, સિંગાપોર, ઈરાન, કેન્યા ફિલિપાઈન્સ,ઈન્ડોનેશિયા, ઓસ્ટ્રેલિયા, US, UK, રશિયા, ચીન જેવા દેશોમાં થાય છે. ગુજરાતની સૌથી વધુ નિકાસ યુનાઈડેડ સ્ટેટ્સ ઑફ અમેરિકાને વધારે થાય છે.

ભારતમાં ઉત્પન્ન થતા સોડા એશના કુલ 91% જેટલું ઉત્પાદન ગુજરાત કરે છે. જે ભારતની કુલ જરૂરિયાત 66% જેટલી પૂર્તિ કરે છે.

14.2.2 આયાતોના સંદર્ભમાં કદ, બંધારણ અને દિશાઃ

ગુજરાતમાં મુખ્યત્વે ન્યૂઝ, પ્રિન્ટ, મોબાઈલ અને તેના વિભાગો પોલિયમર્સ, એલોય સ્ટીલ પ્લેટસ, કાર્બન સ્ટીલ, એલોય સ્ટીલ પ્લેટ્સ, સેલ્ફ એડહેસિવ લેબલ્સ, ડોકયુમેન્ટેશન અને ડ્રોઈંગ ગુડ્સ પેપર બોર્ડ જેવી વસ્તુઓની આયાત કરવામાં આવે છે.


ગુજરાતનાં બંદરો પર UAE, UK, US, ઈટાલી, મલેશિયા, રિપબ્લિક ઑફ કોરિયા, જાપાન, ચીન, જર્મની, સ્વીટઝલેન્ડ વગેરે દેશોમાંથી આયાત થાય છે.

ગુજરાતનાં દરિયાઈ તેમજ ડ્રાય પોર્ટ પર આયાતો થાય છે. ગુજરાતનાં બંદરો મધ્યવર્તી બંદરો પણ છે. આથી ગુજરાતમાં પોર્ટ આયાતો થતો માલ માત્ર ગુજરાત જ નહિ પરંતુ સમગ્ર દેશ માટે આયાત થાય છે. ગુજરાતમાં જુદા જુદા સમયે કેટલુંક કાર્ગો હેન્ડલિંગ ગુજરાતનાં પોર્ટ પરથી થાય છે, જયારે ભારતના કુલ પોર્ટ ટ્રાફિકનો 40% હિસ્સો ગુજરાતનો છે. ગુજરાતના મધ્યવર્તી અને માઈનોર પોર્ટ પરનું કુલ કાર્ગો હેન્ડલિંગ 2016-17નાં વર્ષમાં 345.7 મિલિયન ટન જેટલું હતું. કંડલા મેજર પોર્ટ (દીનદયાલ પોર્ટ) પરનો કુલ આયાત ટ્રાફિક વર્ષ 2015-16માં 238.8 મિલિયન ટન રહેવા પામ્યો હતો.


કોષ્ટક-3 કુલ કાર્ગો હેન્ડલિંગ એટ કંડલા પોર્ટ (લાખ ટન)

| વર્ષ | આયાત | નિકાસ |
|---|---|---|
| 2014-15 | 695.56 | 227.59 |
| 2015-16 | 788.73 | 209.02 |
| 2016-17 | 812.22 | 238.51 |
| 2017-18 | 811.41 | 284.06 |
| 2018-19 | 847.69 | 301.25 |

Source : Socio- Economic Review 2019-2020, Gujarat State




Source : Socio- Economic Review 2019-2020, Gujarat State




Source : Socio- Economic Review 2019-2020, Gujarat State

- સમીક્ષા : ગુજરાતની આયાતો અને નિકાસોનાં કદ, બંધારણ અને દિશાનો અભ્યાસ કરતાં જણાય છે કે ગુજરાતનો વેપાર બહુવિધ છે. ભારત સ્વતંત્ર થયું તે સમયે ભારતના વિશ્વ સાથેના કુલ વેપારમાં ઈંગ્લેન્ડ મુખ્ય સહભાગી હતું. પરંતુ હવે અમુક જ દેશો પૂરતો વેપાર સીમિત ન રહેતાં વિશ્વનાં લગભગ બધા ખંડના દેશો સાથે વેપાર થઈ રહ્યો છે. વળી, આ વેપારમાં સામેલ થતી વસ્તુઓમાં પણ વૈવિધ્ય રહેલું છે. જે વેપારનું મજબૂત પાસું બને છે. ગુજરાતની દરિયાઈ બંદરો જેવી પ્રાકૃતિક સુવિધાઓ તથા ડ્રાય પોર્ટના કરવામાં આવેલા વિકાસથી ગુજરાત ભારતના કુલ વેપારમાં મુખ્ય ભૂમિકાએ રહ્યું છે. વળી ગુજરાતમાં થતાં કાર્ગો હેન્ડલિંગના આંકડા જોતાં કહી શકાય કે ગુજરાતમાં ભારતની પશ્ચિમ બાજુનું મુખ્ય બંદર વિકસાવવાનો જે નિર્ણય લેવાયો હતો તે યોગ્ય જ હતો અને ગુજરાતનાં કંડલા તેમજ અન્ય બંદરો તે પ્રકારની સેવા પ્રદાન કરવામાં સક્ષમ સાબિત થયાં છે.

## 14.3 ગુજરાતમાં વેપારને અસર કરતાં પરિબળો અને સંભાવનાઓ :

ગુજરાતનો વેપાર સફળ થયો છે અને તે આસપાસનાં રાજ્યો માટે પણ વેપારનું કેન્દ્ર બન્યું છે, તે કેટલાંક પરિબળોને આભારી છે. આ પરિબળો ભૌગોલિક, ઐતિહાસિક, રાજનૈતિક તેમજ જનસાંખ્યિક એમ દરેક પ્રકારનાં છે. આ વિભાગમાં આપણે ગુજરાતના વેપારને અસર કરતાં પરિબળોનો અભ્યાસ કરીએ, જેથી આ પરિબળોને ઓળખીને તેના લાભો મહત્તમ કરી શકાય તેમજ મર્યાદાઓ ઓછી કરી શકાય.

1. ભૌગોલિક પરિબળો :

ગુજરાત પ્રદેશને ભારતનો સૌથી લાંબો દરિયાકિનારો મળેલ છે. ભારતના કુલ દરિયાકિનારાના 24% જેટલો એટલે કે 1600km લાંબો દરિયાકિનારો મળેલો છે. આ કિનારા પર કુલ 41 જેટલાં દરિયાઈ બંદરોનો વિકાસ થઈ શક્યો છે. 41 માંથી 1 મેજર પોર્ટ કંડલા, 11 મધ્યવર્તી (Intermediate) બંદરો તથા 29 માઈનોર પોર્ટસનો વિકાસ કરવામાં આવેલો છે. આ બંદરોને કારણે ગુજરાત આંતરરાષ્ટ્રીય વેપારનું કેન્દ્ર બની શક્યું છે. આ દરિયા કિનારે બંદરીય વિકાસ કહી શકાય તેવા અખાતી વિસ્તારોએ પણ વેપાર વિકાસમાં તેમનો ફાળો આપ્યો છે.

ગુજરાતની જમીન પણ વિવિધતાભરી છે. ફળદ્રુપતા અને કુદરતી તત્ત્વોમાં વૈવિધ્યને કારણે તેલીબિયાં, ઔષધિઓ, શાકભાજી, ફળો, પશુચારો, રોકડિયા પાકો વગેરેનું ઉત્પાદન અને વેચાણ શક્ય બન્યું છે.

2. ઐતિહાસિક પરિબળો :

કંડલા પોર્ટને મેજર પોર્ટ તરીકે વિકસાવવાનો નિર્ણય કરવામાં આવ્યો અને કચ્છના મહારાજાઓશ્રી ખેંગારજીની -દૂરદર્શિતાએ રાષ્ટ્રહિતમાં સહાય બનીને 1950માં કંડલાને પશ્ચિમ ખાતાનું મુખ્ય મથક બંદર તરીકે સ્થાપિત કર્યું. આ પહેલાં કરાચી પશ્ચિમ ભારતનું મુખ્ય દરિયાઈ બંદર હતું, પરંતુ ભારત પાકિસ્તાન વિભાજનથી કરાચી પાકિસ્તાનમાં જવાથી ભારતમાં વેપારનો આધાર બનીને દરિયાઈ વેપાર કરી શકાય તેવાં બંદરોની જરૂર પડી આમ, ઐતિહાસિક પરિબળોને કારણે ગુજરાતમાં દરિયાઈ બંદરીય વિકાસની તકો સાંપડી જેણે આંતરિક તેમજ આંતરરાષ્ટ્રીય વેપારનાં કેન્દ્ર તરીકે વિકસીને વેપારને પ્રાત્સાહન આપ્યું.

3. ઉત્પાદન વૈવિધ્ય :

ગુજરાતમાં પરંપરાગત કૃષિ ઉત્પાદનો તેમજ કૃષિ આધારિત ઉદ્યોગો જેવા કે કોર્ટન તથા કોર્ટન કાપડનો ઉદ્યોગ, તેલમિલો, લાંબા સમય સુધી સાચવી શકાય તેવા નાસ્તાઓ તેમજ ફ્રુડ પ્રોસેસિંગ ઉદ્યોગ, દૂધ અને ડેરી ઉત્પાદનનો ઉપયોગ, પશુપાલન જેવી આર્થિક પ્રવૃત્તિઓનો વિકાસ થયો છે. ગુજરાતમાં હસ્તકલા ઉદ્યોગ, જેમ એન્ડ જ્વેલરી ઉદ્યોગ વગેરેનો પણ વિકાસ થયો છે. વિશ્વના કુલ 10માંથી 8 હીરાઓનું પ્રોસેસિંગ સુરત અને ગુજરાતમાં થાય છે. વર્ષ 2018ની આંકડાકીય માહિતી અનુસાર વિશ્વના કુલ દૂધ ઉત્પાદનના ૫૫ ટકા જેટલું દૂધ ગુજરાતમાં ઉત્પન્ન થાય છે. આમ, ગુજરાતમાં ઉત્પાદન વૈવિધ્ય હોવાથી નિકાસ વેપારને ઘણું જ બળ મળે છે.

4. ગુજરાતની જનસાંખ્યિકી અને પ્રજાની સાહસિકતા :

ગુજરાતની જનસાંખ્યિકી પણ ગુજરાતને વેપાર વિકાસ માટે સફળ બનવવામાં પોતાનો મહત્ત્વનો ફાળો આપે છે. 2011ની વસ્તી ગણતરી પ્રમાણે ગુજરાતની કુલ વસ્તી 6.038 કરોડની છે. જેનો સાક્ષરતા દર 78.03 ટકા છે. આમ, શિક્ષિત વસ્તીનું વધુ પ્રમાણ ગુજરાતને વેપાર તેમજ વહીવટી બાબતોમાં કુશળ માનવબળ પૂરું પાડે છે. ગુજરાતમાં શિક્ષણની જુદી જુદી વિદ્યાશાખાઓનો ઘણો જ સારો વિકાસ થયો છે.ગુજરાત સરકારના પ્રયત્નો પ્રમાણે ગુજરાતના દરેક જિલ્લાઓમાં શાળા, કોલેજો તથા યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી છે. જેમાં પરંપરાગત શિક્ષણ ઉપરાંત મુક્ત વિશ્વવિદ્યાલય, કૃષિ યુનિવર્સિટી, સ્પોર્ટસ યુનિવર્સિટી, ફોરેન્સીસ સાયન્સ, રક્ષાશક્તિ યુનિવર્સિટી વગેરે જેવી વિશિષ્ટ શિક્ષણ સંસ્થાઓનો પણ વિકાસ કરવામાં આવ્યો છે. વળી, પ્રજા પાસે માત્ર શૈક્ષણિક લાયકાત નહિ પરંતુ વેપાર અંગેનું પરંપરાગત જ્ઞાન, સાહસિક વૃત્તિ તથા જોખમ ખેડવાની ક્ષમતા જેવા ગુણો પણ છે. કચ્છમાં માંડવી બંદરનો વિકાસ વહાણો અને કાચ બનાવવાના ઉદ્યોગો વગેરે ઐતિહાસિક દસ્તાવેજ સાચવી કુદરતી આપત્તિઓ સામે લડીને ઉપલબ્ધ સાધનોનો યોગ્ય ઉપયોગ કરવાની કુનેહ પણ છે.

5. રાજ્ય સરકારની પ્રોત્સાહક નીતિ :

વેપારનો વિકાસ રાજયની આવક માટે મહત્ત્વનો સ્તોત બને છે તે ઉપરાંત પ્રદેશની આવક તથા પ્રજા કલ્યાણમાં પણ ફાળો આપે છે. ગુજરાત કૌશલ્ય જેવા ગુણોને સહાયક બળ પુરું પાડે છે. આ પ્રકારનું પ્રાત્સાહન વાતાવરણ કેન્દ્ર સરકાર તેમજ રાજયસરકાર બંને દ્વારા પૂરું પાડવામાં આવે છે. Special Economic Zone (SEZ) ની સ્થાપના વ્યાપાર મેળાઓનું આયોજન હસ્તકલા ઉત્પાદનનાં વેચાણ માટે પ્રદર્શનોનું આયોજન, તાલીમ ખેત ઉત્પાદન માટે જમીનનું સર્વેક્ષણ, ધિરાણ, સહાય, ટેકનિકલ સહાય, આંતર માળખાકીય સગવડો જેવી કે વીજળી, રસ્તાઓ, પાણી, દરિયાઈ, જમીન પરનાં અને હવાઈ પોર્ટનો વિકાસ વગેરે જેવાં પગલાંઓથી વેપારનો વિકાસ થાય છે.

6. આંતરમાળખાકીય સગવડો :

ગુજરાત રાજ્યમાં કેટલીક પ્રાકૃતિક તેમજ કેટલીક માનવનિર્મિત આંતરમાળખાકીય સુવિધાઓને કારણે વેપારના વિકાસને વેગ મળ્યો છે. જેમ કે કચ્છમાં ખંભાત, કુંડલા, મુન્દ્રા વગેરે સ્થળોએ તે ઉપરાંત અન્ય બંદરોના વિકાસને લાયક એવો દરિયાઇ વિસ્તાર એ કુદરતી આંતરમાળખાકીય સુવિધા કહી શકાય. કારણ કે વહાણોને લાંગરી શકાય તે પ્રકારનું ઊંડાણ, કિનારા સાથે જોડાયેલો દરિયાઈ પ્રદેશ, જમીન અને દરિયાને જોડતો સાંકડો પ્રદેશ વગેરેનો કારણે બંદરીય વિકાસ થઈ શકે તેવાં લક્ષણો છે. વળી, કુદરતની આ દેનનાં ઉપયોગ સારી રીતે અને મહત્તમ થઈ શકે તે માટે આંતરિક રસ્તાઓ રેલ્વે, ડ્રાય પોર્ટનો વિકાસ તથા તેને આનુષંગિક સેવાઓનો વિકાસ વગેરેને કારણે ગુજરાત દરિયાઈ રસ્તે થતા વેપારને પણ ઉત્તેજન મળ્યું છે.

7. શૈક્ષણિક સુવિધાઓ :

ગુજરાતમાં રાજ્ય સરકારની ઉચ્ચ વ્યાવસાયિક શિક્ષણ આપતી યુનિવર્સિટીઓ ઉપરાંત કેન્દ્રીય યુનિવર્સિટી, તથા ખાનગી યુનિવર્સિટીઓને કારણે વેપાર અંગેનાં

સૈદ્ધાંતિક શિક્ષણનું સારું માળખું તૈયાર થયેલું છે. ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણમાં વાણિજ્ય વિદ્યાશાખા પસંદ કરનારા વિદ્યાર્થીઓની સંખ્યા અન્ય વિદ્યાશાખાઓની તુલનાએ નોંધપાત્ર રીતે વધારે હોય છે, તેથી તે માટેનું શિક્ષણ આપતી કોમર્સ કોલેજ, બિજનેસ, એન્ડ મિનિસ્ટ્રેશનનું શિક્ષણ આપતી સંસ્થાઓ વગેરેનો પણ સારો વિકાસ થયો છે. વેપાર- વિનિમય, પ્રત્યાયન, માનવસંસાધન, બજરનાં પાસાંઓ, બેકિંગ, વિદેશવેપાર જેવાં વેપારનાં જુદાં જુદાં પાસાંઓનું શિક્ષણ આપતી સંખ્યા માત્ર ગુજરાત જ નહિ પણ દેશ અને વિદેશ માટે પણ તાલીમ પામેલો યુવાવર્ગ તૈયાર કરે છે.

8. નાનાં અસંગઠિત એકમોની મોટી સંખ્યા :

ગુજરાત ઘણી બધી વસ્તુઓનાં ઉત્પાદનમાં માત્ર ભારત કે એશિયા જ નહિ પરંતુ વિશ્વભરમાં મોખરે છે. જેમકે ડેનિમ, રેડીમેડ ગારમેન્ટ, જવેલરી, હસ્તકલાની અન્ય વસ્તુઓ, ફૂડ પ્રોસેસિંગ વગેરે આ વસ્તુઓના ઉત્પાદન એકમો નાનાં અને અસંગઠિત હોવાથી તેમની નાણાંકીય ક્ષમતા , જોખમ ઉઠાવવાની ક્ષમતા, માર્કેટિંગ માટેનો વ્યાપ અને સાધનો, આંતરરાષ્ટ્રીય બજાર સાથેના સંપર્કો વગેરે ઓછા હોય છે. આ કારણોસર વેપારની અને ખાસ કરીને નિકાસ આવક કમાવાની ઘણી બધી તકો જતી કરવી પડતી હોય છે.

9. શહેરીકરણને કારણે વેપાર માટે સહાયક પ્રસાર અસર :

આની વસ્તી ગણતરી પ્રમાણે ગુજરાતની 42.6 ટકા વસ્તી શહેરી વસ્તી છે. 1,00,000થી વધુ વસ્તી ધરાવતાં કુલ 28 શહેરો છે. શહેરી વિકાસને કારણે વેપાર માટે જરૂરી સુવિધાઓ જેવી કે ઉત્પાદન માટે સસ્તો અને તાલીમી શ્રામ, સંદેશો વ્યવહાર, પરિવહન, ઈન્ટરનેટ કનેકટીવીટી ટેકનોલોજીકલ જ્ઞાન કૌશલ્ય વગેરે આસાનીથી મળી રહે છે. જે ગુજરાતના આંતરિક એટલે કે ભારતનાં અન્ય રાજ્યો સાથેના તેમજ આંતરરાષ્ટ્રીય વેપારને માટે સહાયક બન્યું છે.

★ ગુજરાતના વેપાર વિકાસની સંભાવનાઓ :

ગુજરાતના વેપારને અસર કરતાં પરિબળોનો અભ્યાસ કરતાં જણાય છે કે ગુજરાતમાં વેપારનું પાસું ઘણું મજબૂત છે. આ વેપારથી માત્ર ભારત જ નહિ એશિયા તેમજ વિશ્વમાં ઔદ્યોગિક પ્રવૃત્તિઓને જરૂરી એવી વસ્તુઓ,કાચો માલ, મંત્રો, દૂધ તેમજ ખોરાકની અન્ય વસ્તુઓને સહાયક પર્યાવરણ ઉભું કરવામાં આવે તો કુલ આર્થિક વિકાસ ઘણો જ પ્રવેગી બને. આ માટે કેટલીક સભાવનાઓ જોઈએ તો,

1. દૂધ ઉત્પાદન માટે પશુપાલન વ્યવસાયનો વિકાસ કરવો.
2. દૂધ, અનાજ, શાકભાજી, ફળો વગેરે નાશવંત કૃષિ ઉત્પાદનો માટે કોલ્ડ સ્ટોરેજની તથા વધુને વધુ ફુડ પ્રોસેસિંગ એકમોની સ્થાપના કરવી.
3. નાનાં અસંગઠિત ઉત્પાદન એકમોને સંગઠિત કરવાં.
4. પ્રાથમિક સાક્ષરતા દર ઊંચો લાવવા સાથે કૌશલ્ય આધારિત નિકાસલક્ષી વસ્તુઓનાં ઉત્પાદન માટે તાલીમ આપવી વગેરે જેવાં સૂચનો કહી શકાય.
5. પ્રવાસન, તબીબી સારવાર જેવી સેવાઓની નિકાસ માટે પણ ઘણી સંભાવનાઓ રહેલી છે.

## 14.3 ગુજરાત સરકારની વેપારનીતિ :

વિદ્યાર્થી મિત્રો આપણે જાણીએ છીએ કે વેપારની સફળતા એ કોઈપણ અર્થતંત્રની સફળતા માટેની પહેલી સીડી છે. સ્થાનિક સ્તરે ઉત્પન્ન થતી વસ્તુઓની નિકાસ દ્વારા નિકાસ આવક કમાવી તથા ધંધો રોજગાર ચાલુ રાખવા માટે અત્રે જરૂરિયાતો પૂરી કરવા માટે આયાતો નિયમિત થતી રહે તે જરૂરી છે. આયાતોનું ચૂકવણું પણ નિકાસ આવક માંથી જ થાય છે. અર્થતંત્રની સ્વસ્થતાની નિશાની છે.

આધુનિક સરકાર આર્થિક બાબતોમાં પણ એ રીતે સક્રિય રહે છે કે તે માત્ર રાજયની આવક માટે જ નહિ પરંતુ પ્રજા કલ્યાણ, રોજગાર સર્જન તથા સર્વગ્રાહી આર્થિક વિકાસને મહત્ત્વ આપે છે. ગુજરાત સરકાર પણ લોકતાંત્રિક પધ્ધતિને કારણે આર્થિક વિકાસના હેતુથી પ્રજાની વ્યાપારિક સાહસિક વૃત્તિને સહાયક બને છે. આવો, અહીં આપણે ગુજરાત સરકારની વેપારનીતિનો પરિચય મેળવીએ.

હાલમાં ગુજરાત ભારતની કુલ નિકાસના 25% જેટલો ફાળો આપે છે.(TOI, 6 Jan, 2019) જે વધારીને 2020માં 33% સુધી વધે તેવું લક્ષ્ય છે. આ માટે ઘણાં બિનરાજકોષીય પ્રોત્સાહકો પગલાં સામેની વ્યૂહરચના તૈયાર કરવામાં આવી છે. ગુજરાત સરકાર વેપાર પ્રાત્સાહનની નીતિ તરીકે માત્ર આયાતો નિયમિત જળવાય અને નિકાસ થતી રહે તેટલું જ નથી જોતી. ગુજરાત સરકાર દ્વારા ગુજરાતનો વેપાર ભારતનાં અન્ય રાજયો સાથે તેમજ વિદેશો સાથે સુદઢ બને તે માટે આંતર માળખાંકીય સુવિધાઓ પૂરી પાડવા ઉપરાંત નિકાસી વસ્તુનાં ઉત્પાદન માટે તાલીમ, કૃષિ નિકાસો સંદર્ભે જમીનનું સર્વેક્ષણ કોલ્ડસ્ટોરેજની સુવિધા, વ્યાપાર મેળાઓ અને પ્રદર્શનો વેપારી એકમો વચ્ચે સંકલન (B2B મીટિંગ ) વગેરે જેવી સુવિધાઓમાં ઘણી જ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. ગુજરાત સરકાર દ્વારા ચાર સ્તંભ ઉપર આધારિત વ્યૂહરચના ઘડવામાં આવી છે તે પ્રમાણે :

1. નવાં નિકાસ બજારો શોધવાં
2. પરંપરાગત રીતે થતી નિકાસોમાં નવી વસ્તુઓનું ઉમેરણ કરવું.
3. નિકાસ માટેનાં નીતિવિષયક નિયંત્રણો હળવાં કરવાં

નવી વ્યૂહરચના અનુસાર આફ્રિકા, રશિયા, ઈરાન અને લેટિન અમેરિકામાં નિકાસો વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે તથા ડિફેન્સ પ્રોડકટસ, ટેકનિકલ ટેક્સટાઈલ ઈલેકટ્રોનિકલ અને IT સર્વિસની નિકાસનો વધારવાનું લક્ષ્ય રાખવામાં આવેલું છે. મૂલ્યવર્ધનની બાબતે જોઈએ તો ગુજરાત માંથી મગફળીની નિકાસ થાય છે. તે ઉપરાંત માત્ર મગફળી મૂલ્યવર્ધન કરવું એટલે કે મગફળી માંથી બનતા નાસ્તાઓનું ઉત્પાદન કરીને નિકાસ કરવી, આમ કરવાથી રોજગાર સર્જન પણ થાય છે. આમ, ઉપરોકત નવી વ્યૂહરચના ઉપરાંત જે પરંપરાગત પગલાંઓ ગુજરાત સરકારની વેપારનીતિનાં છે તેનો પણ આપણે હવે પરિચય મેળવીએ :

(ક) આંતરમાળખાંકીય સુવિધાઓનો વિકાસ :

આંતરમાળખાંકીય સુવિધા એટલે એવી સુવિધાઓ, કે જે વિકાસને કે કોઈપણ આર્થિક પ્રવૃત્તિને આધાર આપે છે. આ સુવિધાઓના અભાવમાં આર્થિક પ્રવૃત્તિઓ કરી શકાતી નથી. જેમ કે રસ્તાઓ અને પરિવહનમાં અન્ય સાધનોનો વિકાસ, નિયમિત, વીજ પુરવઠો, પાણી, કોલ્ડસ્ટોરેજની સુવિધા વગેરે ગુજરાત સરકાર દ્વારા ઉપરોકત સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે. તેમજ તેની જાળવણી પણ કરવામાં આવે છે. ગુજરાતનાં 98% ગામડાંઓ પાકા રસ્તા ધરાવે છે. કુલ રોડ નેટવર્ક 74038 km નું

છે.ગુજરાતમાં અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ જેવાં મોટા રેલ્વે જંકશનો ઉપરાંત કુલ 454 રેલ્વે સ્ટેશનો છે. કુલ રેલ નેટવર્ક 5259km નું છે. 2017-18માં રાજ્યની રેલ્વે દ્વારા કુલ 75 MTT જેટલું માલ પરિવહન કરવામાં આવેલું હતું. આગામી યોજના પ્રમાણે રેલ્વે બંદરો સાથે જોડાણ, ઔદ્યોગિક વિસ્તારો સાથે જોડાણ, પ્રવાસન સ્થળો સાથે જોડાણ વગેરેને ધ્યાનમાં રાખવામાં આવેલ છે. ગુજરાત પાસે રીન્યુએબલ એન્ડ નોન રીન્યૂએબલ એમ બંને મળીને કુલ 23973MW ની વીજ ઉત્પાદન ક્ષમતા છે. ગુજરાત ભારતનું સૌથી વધુ એરપોર્ટ ધરાવતું રાજ્ય છે. ગુજરાતમાં બે આંતરરાષ્ટ્રીય એરપોર્ટ, નવ ડોમેસ્ટીક એરપોર્ટ અને ત્રણ મિલિટરી ઉપયોગમાં લેવાતાં એરપોર્ટ છે. તે ઉપરાંત અંકલેશ્વર તેમજ રાજકોટ ખાતે બે એરપોર્ટ અંડર કન્સ્ટ્રકશનની સ્થિતિમાં છે. આ એરપોર્ટનું સંચાલન એરપોર્ટ ઑથોરિટી ઑફ ઈન્ડિયા, ઈન્ડિયન એરફોર્સ અને ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવે છે. ગુજરાતમાં મુન્દ્રા અને મીઠાપુરા ખાતે ખાનગી એરપોર્ટ પણ છે, જે વ્યાપારીક હેતુ માટે ઉપયોગમાં લેવામાં આવે છે.

ગુજરાતમાં કુલ 41 દરિયાઈ બંદરો છે, જેમાં 1 મેજર પોર્ટ કંડલા, 29નાનાં બંદરો તથા 11મધ્યવર્તી બંદરો છે. દરિયાઈ બંદરો ઉપરાંત ગુજરાતમાં સુરત, મુન્દ્રા, વીરમગામ તથા રાજકોટ ખાતે ડ્રાય પોર્ટ પણ આવેલાં છે.

(ખ) Special Economics Zones (SEZ) ની સ્થાપના :

સ્પેશિયલ ઈકોનોમિક ઝોન કે વિશેષ આર્થિક વિસ્તારની બાબતમાં ગુજરાત સમગ્ર ભારતમાં અગ્રેસર છે. ગુજરાતમાં કુલ 180SEZ છે, જે ભારતમા કુલ કાર્યરત SEZના 10 ટકા છે, આ SEZ ભારતની કુલ નિકાસમાં 30 ટકા જેટલો ફાળો આપે છે. વર્ષ 2016-17માં ગુજરાતનાં SEZપરથી ભારતનો 5 લાખ કરોડ રૂપિયાનાં મૂલ્યનો માલ નિકાસ થયો હતો. ભારતનું સર્વપ્રથમ Export Processing Zone 1965 માં કંડલા ગુજરાતમાં સ્થાપવામાં આવ્યું હતુ. EPZ હવે Special Economic Zone એટલે કે વિશેષ આર્થિક વિસ્તાર તરીકે ઓળખાય છે.

(ગ) વેપાર મેળાઓ અને પ્રદર્શનો :

ગુજરાત સરકાર દ્વારા રાજ્યમાં, દેશમાં તેમજ વિદેશોમાં પણ ગુજરાતનાં ઉત્પાદનોનાં વેચાણ તેમજ નિકાસ માટે વેપાર મેળાઓ અને પ્રદર્શનોનું આયોજન કરવામાં આવે છે. જેમાં ગુજરાતની વસ્તુના ઉત્પાદકો, નિકાસકારો, આયાતકારો, નીતિ નિર્માતાઓ તથા વિચારકો એક છત હેઠળ મળે છે તેમજ નિકાસ પ્રાત્સાહનની દિશામાં આગળ વધે છે. આ પ્રકારના મેળાઓ તેમજ પ્રદર્શનોમાં સૌથી વિશેષ વાઈબ્રન્ટ ગુજરાત સમિત (Vibrunt Gujarat Summit) નો ઉલ્લેખ કરી શકાય, જે વર્ષ 2003 થી દર બે વર્ષ આયોજિત કરવામાં આવે છે.

તાલીમ સંસ્થાઓની સ્થાપના તથા ટૂંકાગાળાની કાર્યશાળાઓ : ગુજરાત સરકાર દ્વારા નિકાસી વસ્તુઓનાં ઉત્પાદન તેમજ નિકાસ માટે તાલીમ મળે તે માટે વિવિધ તાલીમ સંસ્થાઓનું નિર્માણ કરે છે તથા ટૂંકાગાળાની તાલીમોનું આયોજન પણ કરે છે. જેમ કે ઈન્ડિયન ડાયમન્ડ ઈન્સ્ટીટયુટ (IDI) હીરા ઉત્પાદન તેમજ નિકાસ માટે તાલીમ આપતી સંસ્થા છે; તો ખેડૂતોને સુધારેલી ખેત પધ્ધતિ અપનાવવાની તાલીમ પણ આપવામાં આવે છે, જેમ કે તલનાં ઉત્પાદન બાબતની તાલીમ તા. 23/06/2018 ના રોજ કચ્છમાં આપવામાં આવી છે.

(ચ) નિકાસક્ષમતા ધરાવતાં ખેતઉત્પાદનને વધારવા માટે જમીનનો સર્વે કરીને ખૂટતી જરૂરિયાતો પૂરી કરવામાં આવે છે.

આમ, ગુજરાત સરકારની નિકાસ પ્રોત્સાહનની નીતિ જોતાં રાજ્ય સમગ્ર દેશનું વેપાર કેન્દ્ર બનવાની પૂરી ક્ષમતા ધરાવે છે તેમ કહી શકાય, કારણ કે તેના માટે જરૂરી એવું આધારમાળખું પ્રજાની સાહસિકતા તથા સરકારની વિકાસાભિમુખ નીતિઓથી ગુજરાતનો માત્ર અન્ય રાજ્યો સાથેનો જ નહિ પરંતુ વિદેશ વ્યાપાર પણ ઘણો વધી શકે તેવી સંભાવનાઓ છે.

## 14.5 સારાંશ :

આ પ્રકરણમાં આપણે જોયું કે,

ગુજરાત ભારત દેશ અને વિશ્વમાં ઘણી બધી વસ્તુઓનાં ઉત્પાદન અને નિકાસમાં મોખરે છે.

- જેમ એન્ડ જવેલરી, કોટન ટેકસટાઇલ, રેડીમેડ ગોરમેન્ટ, એન્જીનીયરીંગ વસ્તુઓ, દવાઓ, રસાયણો વગેરે મુખ્ય નિકાસો છે.
- મગફળી, ડેરી ઉત્પાદનો, મસાલા, તલ, પ્રોસેસ્ડ ફૂડ, શાકભાજી અને ફળો વગેરે નિકાસ થતી મુખ્ય કૃષિ પેદાશો છે.
- ગુજરાતનું મુખ્ય વ્યાપાર સહભાગી જીછછ છે. તે ઉપરાંત એશિયા અને યુરોપના દેશો સાથે પણ વેપાર થાય છે.
- ન્યૂઝ પ્રિન્ટ, સ્ટીલ, મોબાઈલ ફોન અને તેના પાર્ટસ વગેરે ગુજરાતની મુખ્ય આયાતો છે.
- ગુજરાતી પ્રજાની સાહસિકતા, કુદરતી બંદરીય સુવિધા, આંતરમાળખાકીય સુવિધા તથા સરકારની વેપાર વિકાસને પ્રોત્સાહન આપતી નીતિઓને કારણે ગુજરાતનો વેપાર વિકસિત થયો છે.
- વ્યાપાર ઉદ્યોગ ક્ષેત્રે અસંગઠિત નાનાં એકમોનું ઘણું પ્રમાણ વેપાર વિકાસ માટે અવરોધરૂપ બને છે.
- ગુજરાત સરકાર દ્વારા વ્યાપાર મેળાઓનું આયોજન, નાણાકીય ધિરાણની સગવડો, આંતરમાળખાકીય સુવિધાઓનો વિકાસ વગેરે દ્વારા સહાયક એવી નીતિઓ ઘડવામાં આવે છે, તે ઉપરાંત નિકાસ થતી વસ્તુઓનાં ઉત્પાદન માટે તાલીમ, ફિલ્ડ સર્વે વગેરે દ્વારા નિકાસ વધારવાના પ્રયત્નો કરવામાં આવે છે.

## 14.6 ચાવીરૂપ શબ્દો :

1. ડ્રાય પોર્ટ : ડ્રાય પોર્ટને ઈન્ગલેન્ડ પોર્ટ પણ કહેવાય છે. સામાન્ય રીતે દરિયાઈ બંદરો સાથે સીધું જોડાણ હોય તેવું રેલ અથવા સડક પરથી થતાં પરિવહનનું કેન્દ્ર એટલે ડ્રાય પોર્ટ. દરિયાઈ બંદરો સાથે જોડાઈને જમીન પરના માલ પરિવહન માટેનું મુખ્ય કેન્દ્ર છે. જે માલ પરિવહન ઉપરાંત ઘણી વખત સંગ્રહ સુવિધા પણ પૂરી પાડે છે. ગુજરાતમાં વિરમગામ, સાણંદ, અમરેલી વગેરે ખાતે ડ્રાય પોર્ટ આવેલાં છે.

2. SEZ (Special Economics zones) : એટલે કે વિશેષ આર્થિક વિસ્તાર કે જયાં નિકાસલક્ષી વસ્તુઓનાં ઉત્પાદન માટે તમામ પ્રકારની માળખાંકીય સુવિધાઓ તથા રાજકોષીય છૂટછાટો જેવી કે કરવેરામાં છૂટછાટ પૂરી પાડવામાં આવે છે. નિકાસ પ્રોત્સાહન ઉપરાંત લેણદેણની તુલામાં સમતુલા, રોજગારી સર્જન વગેરે જેવા હેતુઓ

પણ SEZની સ્થાપના પાછળ હોય છે. અહીં વહીવટી સરળતા, ધિરાણ તથા મજૂર કામદારોમાં પણ સરળતા રખાતી હોય છે.

3. મેજર પોર્ટ (Major Port) અને માઈનોર પોર્ટ ( Minor Port) : એક અર્થ પ્રમાણે જે પોર્ટનો વહીવટ/સંચાલન કેન્દ્રીય શિપિંગ મંત્રાલય હસ્તક હોય તેને મેજર પોર્ટ કહેવામાં આવે છે. કાર્યક્ષમતાની દૃષ્ટિએ બે કે તેથી વધુ બર્થ ફેસિલિટી ધરાવતાં અને દર મહિને 1,00,000 ટન કાર્ગો હેન્ડલિંગની ક્ષમતા ધરાવતાં દરિયાઈ બંદરોને મેજર પોર્ટ કહી શકાય. તેનાથી ઓછી ક્ષમતા ધરાવતાં પોર્ટને Minor Port કહી શકાય.

4. Intermediate Port ( મધ્યવર્તી બંદરો) : આ એવાં બંદરો છે કે જ્યાં વહાણો માલનો જથ્થો લેવા અથવા ઉતારવા ઈંધણ ભરાવવા કે રિપેરિંગ કાર્ય માટે થોભતાં હોય છે.

**5.** આંતરમાળખાકીય સુવિધાઓ : આંતરમાળખાકીય સુવિધાઓ એટલે એવી સુવિધાઓ કે જેના વિના આર્થિક પ્રવૃત્તિઓનો વિકાસ સંભવી શકે નહીં. જેટલું મહત્વ માનવ શરીરમાં હાડકાંઓનાં માળખાંનું હોય છે તેટલું જ મહત્વ અર્થતંત્રમાં આંતરમાળખાકીય સુવિધાઓનું હોય છે. આ સુવિધાઓ અર્થતંત્રને આધાર આપે છે. વીજળી, પુરવઠો, પાણી, પરિવહન, અને સંદેશા વ્યવહાર શિક્ષણ અને સ્વાસ્થ્ય સુવિધાઓ વગેરે આંતર માળખાકીય સુવિધાઓ છે.

## 14.7 તમારી પ્રગતિ ચકાસો :

(ક) નીચેના પ્રશ્નોના વિસ્તારથી જવાબ આપો.

1. ગુજરાતના વેપારનું કદ, બંધારણ અને દિશા વર્ણવો.
2. ગુજરાતમાં વેપારના વિકાસને અસર કરતાં પરિબળો લખો તથા વેપારના વિકાસ માટે ગુજરાત સરકારની નીતિ કેવી છે તે લખો.
3. ગુજરાતની આયાતો અને નિકાસો વિશે જણાવો. વેપારના વિકાસની સંભાવનાઓ લખો.

(ખ) આપેલા વિષય પર ટૂંકનોંધ લખો.

1. ગુજરાતના વેપારને અસર કરતાં પરિબળો.
2. ગુજરાત સરકારની વેપાર નીતિ.

(ગ) યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.

1. ગુજરાતની કુલ નિકાસો માંથી મોટાભાગની નિકાસો -------- દેશમાં થાય છે.
(યુ.એસ., બાંગ્લાદેશ, ઓસ્ટ્રેલિયા)
2. ---------- ગુજરાતનું મુખ્ય બંદર છે.
(મુન્દ્રા, કંડલા, અમદાવાદ)
3. ગુજરાતમાં કુલ --------જેટલાં SEZછે.
(22, 5, 47)
4. ગુજરાતમાં સૌ પ્રથમ જીઈઢ -----------માં સ્થાપવામાં આવ્યું.
(કંડલા, મુન્દ્રા, સુરત)

5. વર્ષ 2018ની માહિતી પ્રમાણે ગુજરાતમાં વિશ્વનું કુલ ----------દૂધ ઉત્પાદન થાય છે. (30%, 80%, 55%)

6. વર્ષ ------માં સૌ પ્રથમ વખત વાઈબ્રન્ટ ગુજરાત સમિટનું આયોજન કરવામાં આવેલ હતું. (2001, 2003,2011)

7. -----------ગુજરાતમાં આયાત થતી મુખ્ય વસ્તુ છે.
( દૂધ, દવાઓ, ન્યૂઝ પેપર)

8. ગુજરાતમાં કુલ -----------જેટલાં બંદરો આવેલાં છે.
(42, 47, 1)

9. ગુજરાતમાં કુલ -------------% ગામડાંઓ પાકા રસ્તા ધરાવે છે.
( 50%, 98%, 20%)

10. જાન્યુઆરી 2019ની માહિતી પ્રમાણે ગુજરાત ભારતની કુલ નિકાસોના --------------% જેટલો હિસ્સો ધરાવે છે. (50, 10, 25)

11. ગુજરાત સરકારની નવી આર્થિક નીતિ પ્રમાણે ---------વસ્તુઓની નિકાસને મહત્વ આપવાનું નક્કી થયું છે. ( પ્રાથમિક, મૂલ્યવર્ધિત તૈયાર, આયાતી)

12. વાઈબ્રન્ટ ગુજરાત સમિટ સૌ પ્રથમ વખત વર્ષ ----------માં આયાજિત થઈ હતી. (2001, 1991, 2003)

★ ખાલી જગ્યા પૂરોના જવાબો

1. યુ.એસ., 2. કંડલા, 3. 47, 4. કંડલા, 5. 55%, 6. 2003, 7. ન્યૂઝ પેપર
8. 42, 9. 98%, 10. 25, 11. મૂલ્યવર્ધિત તૈયાર, 12. 2003

## 14.8 સંદર્ભ વાચન :


1) https://timesofindia.indiatimes.com/city/ahmedabad/state-to-revise-its-export-promotion-strategy/articleshow/59150418.cms
2) https://www.ibef.org/states/gujarat.aspx
3) https://www.seair.co.in/gujarat-export-data.aspx
4) https://www.deendayalport.gov.in/Pdf/ 10Oct2019032103PM.pdf
5) http://www.gidb.org/port-statistical-data-of-the-sector
6) https://ic.gujarat.gov.in/sez-government-of-gujarat.aspx
7) https://unemploymentinindia.cmie.com/
8) http://www.rnbgujarat.org/about-us/achievements.aspx 16-4-2020
9) http://www.sezindia.nic.in/
10) સામાજિક આર્થિક સમીક્ષા 2019-2020, ગુજરાત રાજ્ય, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયમકની કચેરી( ફેબ્રુઆરી 2020), ગાંધીનગર, ગુજરાત.

એકમ 15

# ગુજરાતની વસ્તી વિષયક રૂપરેખા

## રૂપરેખા

15.0 ઉદ્દેશો
15.1 પ્રસ્તાવના
15.2 વસ્તી ગણતરીનો ઈતિહાસ
15.3 ગુજરાતનો ઈતિહાસ
15.4 ગુજરાત રાજયની વસ્તી વિષયક માહિતી
15.5 સારાંશ
15.6 ચાવીરૂપ શબ્દો
15.7 તમારી પ્રગતિ ચકાસો
15.8 સંદર્ભ સૂચિ
★ તમારી પ્રગતિ ચકાસોના જવાબ

## 15.0 ઉદ્દેશો :

આ એકમના અભ્યાસ પછી નીચેની બાબતોમાં તમારી ક્ષમતા કેળવાશે.

- વસ્તીગણતરીનો ઈતિહાસ જાણી શકાશે.
- ગુજરાતનો ઈતિહાસ જાણી શકાશે.
- ગુજરાતની ભૌગોલિક પરિસ્થિતિની માહિતી પ્રાપ્ત થશે.
- વસ્તી અને વસ્તી સાથે સંકળાયેલ વિવિધ ખ્યોલોની માહિતી પ્રાપ્ત થશે.
- વસ્તી અને વસ્તી સાથે સંકળાયેલ વિવિધ ખ્યાલોની માહિતી પ્રાપ્ત થશે.
- વસ્તી અને વસ્તી સાથે સંકળાયેલ વિવિધ ખ્યાલોની આંકડાકીય માહિતી પ્રાપ્ત થશે.

## 15.1 પ્રસ્તાવના :

ભારતની વસ્તી ગણતરી એ એક સમૃધ્ધ પરંપરા છે તથા તે વસ્તી ગણતરીઓમાંની એક હોવાનું માનવામાં આવે છે. ભારતમાં વસ્તીગણતરીની પ્રક્રિયાએ દુનિયાની સૌથી મોટી વહીવટી કસરત છે. તેના દ્વારા દેશની આર્થિક, સામાજિક અને કંઈક અંશે સાંસ્કૃતિક માહિતી પ્રાપ્ત થાય છે. વસ્તી ગણતરીની આંકડાકીય માહિતીએ દેશને ભવિષ્યના આર્થિક અને વહીવટી આયોજન સંદર્ભે એક મહત્ત્વનો આધાર બને છે. અહીં વસ્તી ગણતરીની પ્રક્રિયાના ભાગરૂપ માહિતીનું એકત્રીકરણ, સંકલન, મૂલ્યાંકન અને વિશ્લેષણ કરી અને અંતમાં તેનું પ્રકાશન કરવું વગેરે જેવા કાર્યો કરવામાં આવે છે.

## 15.2 વસ્તી ગણતરીનો ઈતિહાસ :

વસ્તી ગણતરીના ઈતિહાસને વિશ્વના સંદર્ભમાં જોઈએ તો પ્રાચિન રોમમાં રોમન સમ્રાટો દર પાંચ વર્ષે વસ્તી ગણતરી કરાવતા અને તેનો ઉપયોગ કરવેરા નિર્ધારણમાં કરતા તેવા ઉલ્લેખો મળે છે. આ સંદર્ભે ભારતની ચર્ચા કરીએ તો વસ્તી ગણતરીની પ્રક્રિયાનો સૌ પ્રથમ ઉલ્લેખ મૌર્ય વંશના સમયમાં કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં થયેલો છે. મુઘલ સમયમાં પણ વસ્તી ગણતરીનો સંદર્ભ " આઈને અકબરી" માં જોવા મળ્યો છે. આજ પ્રમાણે બ્રિટીશકાળમાં 1830માં ભારતના શહેરોનો વસ્તી ગણતરી અહેવાલ બ્રિટીશ અધિકારી હેનરી વોલ્ટરે તૈયાર કરાવ્યો હતો. જેમાં જાતિ અને વયજૂથને પણ ધ્યાનમાં લેવાયા હતા. જો કે ભારતમાં સૌ પ્રથમ વસ્તી ગણતરીનો વિધિવત પ્રારંભ 1872 માં થયો હતો. તે સમયે દેશની વસ્તી ગણતરી જુદા જુદા ભાગમાં જુદા જુદા સમયે હાથ ધરાવામાં આવી હતી. જયારે 1881થી પૂરા ભારતમાં એક સાથે એકજ સમયે વૈજ્ઞાનિક પધ્ધતિથી દર દસ વર્ષે સતત વસ્તી ગણતરી કરવામાં આવે છે. અહીં નોંધ લેવી જોઈએ કે બે વિશ્વ યુધ્ધો, રોગચાળો, કુદરતી આપત્તિ, રાજકિય અશાંતિ વગેરે મુશ્કેલીઓ અને સમસ્યાઓમાં પણ આ પ્રક્રિયા થયેલી છે. ભારતમાં વર્ષ 2011ની વસ્તી ગણતરી એ 1872થી 15 (પંદર) મી આઝાદી પછીની 7 (સાત) મી અને 21મી સદીની 2 (બીજી) વસ્તી ગણતરી છે. ગુજરાતની વસ્તી ગણતરી પહેલા મુંબઇ પ્રાંત રાજ્યના ભાગરૂપ થતી, એ પછી ગુજરાતે અલગ રાજ્ય બનતાં વસ્તી સ્વતંત્ર માહિતી મળવા લાગી છે.

## 15.3 ગુજરાતનો ઈતિહાસ :

ગુજરાત એ પ્રાચિનકાળમાં આર્નત પ્રદેશ કે ગુર્જર દેશ તરીકે ઓળખાતું હતું. ઇ.સ.પૂર્વ ત્રીજી સદી દરમિયાન મૌર્ય વંશ આ પ્રદેશ પર રાજ્ય કરતો હતો તેવા ઉલ્લેખો અને પુરાવા મળે છે. ત્યારબાદ ઇ.સ. પૂર્વે બીજી સદીથી 13મી સદી દરમિયાન ગુપ્ત અને મૈત્રક વંશ, ગુર્જર અને પ્રતિહાર વંશ તથા ચાલુક્ય વંશના રાજવીઓની સત્તા નીચે હતું. એ પછી 14મી થી 16મી સદીના પૂર્વાધ સુધી દિલ્હી સલ્તનત અને ગુજરાત સલ્તનતના મુસ્લિમ શાસકોએ રાજ્યશાસન સંભાળ્યું એના પછી 18મી સદીના પૂર્વાધ સંધી મોઘલ શાસન અને ત્યારબાદ 19મી સદીના થોડાક વર્ષો સુધી મરાઠા શાસન રહ્યું. 19મી સદીના શરૂઆતમાં અંગ્રેજોએ બીજા મરાઠા યુધ્ધમાં મરાઠાઓને હરાવતાં ગુજરાતમાં બ્રિટીશ સત્તા સ્થપાઈ. આ રીતે ગુજરાત બ્રિટીશ શાસનનો ભાગ બન્યું. આ સમયે ગુજરાતના ઘણા ભાગોનો વહીવટ તત્કાલિન બ્રિટીશ મુંબઇ રાજ્ય દ્વારા કરાતો હતો. જોકે તેમાં વડોદરા રાજ્ય અપવાદરૂપ હતું. તે બ્રિટીશ ઇન્ડિયાના ગવર્નર જનરલના તાબા નીચે હતું. ઇ.સ. 1818 થી 1947દરિમયાન આજનું ગુજરાત અનેક નાના-નાના વિસ્તારો જેવા કે કાઠિયાવાડ, કચ્છ અને ઉત્તર, પશ્ચિમ ગુજરાતમાં વહેચાયેલું હતું, પણ મધ્યના જિલ્લા જેવા કે અમદાવાદ, ભરૂચ, ખેડા, પંચમહાલ અને સુરત પ્રાંતો સીધા જ બ્રિટિશ સરકારના તાબા હેઠળ હતા. 15મી ઓગષ્ટ, 1947ના દિને ભારતને આઝાદી મળી એ પછી ભારત સરકારે 1948માં ભાષા, વિસ્તાર અને દેશી રાજ્યોને ધ્યાનમાં લઇ ગુજરાતનું ત્રણ ભાગમાં વિભાજન કર્યું હતું. જેમાં કચ્છ, સૌરાષ્ટ્ર અને બૃહદ મુંબઇ રાજ્યનો સમાવેશ થતો હતો.ત્યારબાદ 1956માં અલગ ગુજરાત રાજ્ય માટે શરૂ થયેલ મહાગુજરાત ચળવળના પરિણામ સ્વરૂપ1, મે, 1960ના રોજ ગુજરાતને સ્વતંત્ર રાજ્યનો દરજ્જો મળ્યો જેની સ્થાપના લોક સેવક રવિશંકર મહારાજનો હસ્તે હિરજન આશ્રમ (સાબરમતી આશ્રમ) ખાતે કરાઇ હતી. નવા બનેલ ગુજરાત રાજ્યમાં ગુજરાતી ભાષા બોલનાર તળ ગુજરાત, સૌરાષ્ટ્ર અને

કચ્છનો સમાવેશ કરાયો હતો. નવા બનેલા આ રાજ્યની પહેલી રાજધાની અમદાવાદ હતી અને પછી 1970માં નવા બનેલા શહેર ગાંધીનગરમાં તેને ખસેડવામા આવી હતી.

રાજ્યના ભૌગોલિક પરિચયની માહિતી મેળવીએ તો જણાય છે કે ભારતના પશ્ચિમ વિસ્તારમાં આવેલા ગુજરાત રાજ્યની ઉત્તર-દક્ષિણ લંબાઇ આશરે 390 કિ.મી. અને પૂર્વ-પશ્ચિમ પહોળાઇ આશરે 500કિ.મી. જેટલી છે. રાજ્યનો ભૌગોલિક વિસ્તાર આશરે 196024 ચોરસ કિ.મી. છે. જે ભારતના ભૌગોલિક વિસ્તારના 5.97% જેટલો છે. ગુજરાત રાજ્ય એ 20.1 થી 24.7 ઉત્તર આક્ષાંશ અને 68.4 થી 74.4 પૂર્વ રેખાંશની વચ્ચે આવેલું છે. રાજ્યનો ભૂમિપ્રદેશ (1) ઉત્તર ગુજરાત (2) મધ્ય ગુજરાત (3) દક્ષિણ ગુજરાત અને (4) સૌરાષ્ટ્ર અને કચ્છ – એજ ચાર વિભાગમાં વહેંચાયેલો છે. આજ પ્રમાણે ગુજરાતનું ભૂપૃષ્ઠ પાંચ વિભાગમાં વહેંચાય છે. જેમાં (1) મધ્ય પ્રદેશ (2) ડુંગરાળ પ્રદેશ (3) ઉચ્ચ પ્રદેશ (4) રણ પ્રદેશ અને (5) દરિયા કિનારાના પ્રદેશોનો સમાવેશ થાય છે.

ગુજરાતની ઉત્તરે રાજસ્થાન, પૂર્વે મધ્યપ્રદેશ અને દક્ષિણે મહારાષ્ટ્ર રાજ્ય આવેલા છે તેમજ વાયવ્ય સીમાએ પાકિસ્તાન દેશ આવેલો છે. આ જ રીતે દક્ષિણ –પશ્ચિમ સરહદે અરબી સમુદ્ર આવેલો છે. રાજ્યની આબાહવા એકંદરે ગરમ છે.

ગુજરાતની વસ્તી 2011ના વસ્તી ગણતરી અહેવાલ મુજબ 6.04 કરોડ છે. રાજ્યમાં વાર્ષિક વસ્તી વૃદ્ધિદર 1.77 છે તથા પ્રતિ ચોરસ કિ.મી. એ વસ્તી ગીચતા 308ની છે. આજ પ્રમાણે શિક્ષણનું પ્રમાણ 78% છે તથા વ્યાવસાયગત માળખું જોઇએ તો 49.6 લોકો ખેતીક્ષેત્ર સાથે તથા 51.4% એ ઉદ્યોગ અને સેવાક્ષેત્ર સાથે સંકળાયેલા છે.

વર્તમાનમાં રાજ્યમાં 33 જિલ્લા, 252 તાલુકા, 348 નગરો અને 18225 ગામડાઓનો સમાવેશ થાય છે.

## 15.4 ગુજરાત રાજ્યની વસ્તી વિષયક માહિતી :

### 15.4.1 વસ્તીનો અર્થ :

વસ્તી એટલે કોઇ એક ચોક્કસ વિસ્તારમાં ચોક્કસ સમયે રહેતા લોકોનું પ્રમાણ. (દા.ત. 2021માં ગુજરાતના ભૌગોલિક વિસ્તારમાં રહેતા માણસોની સંખ્યા એ ગુજરાતની વસ્તી કહેવાય.)

કોઇ એક ચોક્કસ વિસ્તારમાં રહેતા પુરુષો, સ્ત્રીઓ અને બાળકોની કુલ સંખ્યા એટલે વસ્તી.

કોઇ એક ભૌગોલિક સ્થળે ચોક્કસ સમયે વસતા માણસોની સંખ્યા એટલે વસ્તી.

### 15.4.2 ગુજરાત રાજ્યમાં વસ્તી વિષયક વલણો :

#### 15.4.2.1 વસ્તી અને વસ્તીવૃદ્ધિનો દર :

ભારતની વર્ષ 2011ની વસ્તી ગણતરી મુજબ કુલ વસ્તી 121.0 કરોડ હતી. જે પૈકી 62.33 કરોડ પુરુષો તથા 58.76 કરોડ સ્ત્રીઓ હતી. જ્યારે ગુજરાત રાજ્યની વસ્તી 6.04 કરોડ હતી. જે પૈકી 3.15કરોડ પુરુષો અને 2.89 કરોડ સ્ત્રીઓ હતી. જેમાં 3.47 કરોડ ગ્રામીણ વસ્તી અને 2.57 કરોડ શહેરી વસ્તી હતી. આ સંદર્ભે કોષ્ટક-1 માં ગુજરાતના વસ્તી વિષયક વલણો જોતાં જણાય છે કે ……

કોષ્ટક -1

ગુજરાતની વસ્તી અને વસ્તી વૃધ્ધિનો દર

| વર્ષ | ગુજરાતની કુલ વસ્તી (લાખમાં) | ગુજરાતની વસ્તી વૃધ્ધિનો દર (ટકા) |
|---|---|---|
| 1901 | 91 | - |
| 1911 | 98 | 7.79 |
| 1921 | 102 | 3.79 |
| 1931 | 115 | 12.92 |
| 1941 | 137 | 19.25 |
| 1951 | 163 | 18.69 |
| 1961 | 206 | 26.88 |
| 1971 | 267 | 29.39 |
| 1981 | 341 | 27.67 |
| 1991 | 413 | 21.19 |
| 2001 | 507 | 22.66 |
| 2011 | 604 | 19.30 |

સ્રોત : સામાજિક આર્થિક સમીક્ષા – ગુજરાત રાજ્ય.

વર્ષ 1901 થી વર્ષ 2011 સુધી રાજ્યની વસ્તીમાં સતત વધારો થતો ગયો છે. જો કે દશકીય વસ્તીવૃદ્ધિદરમાં અનિયમીત રીતે ફેરફાર થતા રહ્યા છે. અહીં 1921નું વર્ષ કે જેને ભારતની વસ્તીના સંદર્ભમાં મહાવિભાજક વર્ષ કહે છે. (કારણ કે આ વર્ષે દેશની કુલ વસ્તીમાં દુષ્કાળ, રોગચાળો) વગેરેથી ઘટાડો થયો હતો તથા દશકાનો વૃદ્ધિદર પણ નકારાત્મક હતો. તે વર્ષે ગુજરાતનો દાયકાનો વસ્તી વૃદ્ધિ દર પણ 3.79 જેટલો નજીવો રહ્યો હતો. એ પછી દશકીય વસ્તી વૃદ્ધિદર ક્રમશઃ ઘટાડાની શરૂઆત થઇ છે છેલ્લે 2011માં અગાઉના દશકાની સરખામણીએ તે 3.4% ઘટીને તે 19.3% થયો છે. જે રાજ્યની વસ્તી નિયંત્રણ સંદર્ભે હકારાત્મક સંકેત છે.

સામાન્ય રીતે કોઇ દેશ, પ્રદેશ કે રાજ્યમાં વસ્તીના કદને તથા વસ્તી વૃધ્ધિના દરને અસર કરતાં મુખ્ય બે પરિબળો જન્મદર અને મૃત્યુદર છે. આ ઉપરાંત સ્થળાંતર પણ વસ્તીને અસર કરે છે માટે હવે આપણે જન્મદર અને મૃપ્યુદર અને સ્થળાંતરનો ખ્યાલ મેળવીશું.

અહીં ગુજરાતમાં વસ્તીવૃદ્ધિ અને તે સંદર્ભિત ફેરફારો માટે નીચેના પરિબળો જવાબદાર છે.

1. ઊંચો જન્મદર
2. નીચો મૃતયુદર (જન્મદરની સરખામણીમાં નીચો મરણદર) અને
3. વસ્તીનું સ્થળાંતર

### 15.4.2.2 જન્મદર અને મૃત્યુદરના વલણો :

જન્મદર એ વસ્તી સાથે સંકળાયેલા અત્યંત મહત્ત્વનું પરિબળ છે. જન્મદર દ્વારા આપણને વસ્તીમાં કેટલો વધારો થયો છે તે જાણી શકીયે છીએ. જન્મદર એટલે દર 1000ની વસ્તીએ વર્ષ દરમિયાન જન્મતા જીવીત બાળકોનું પ્રમાણ બીજા અર્થમાં એક દેશ કે રાજ્યમાં કોઇ એક ચોક્કસ સમય દરમિયાન દર 1000 બાળકોએ જન્મતાં

જીવિત બાળકોની સંખ્યાને જન્મદર Birthrate કહેવામાં આવે છે.જેને નીચેના સૂત્ર દ્વારા ગણી શકાય.

$$\text{જન્મદર} = \frac{\text{એક વર્ષ દરમિયાન જીવિત બાળકોની સંખ્યા}}{\text{કુલ વસ્તી}} \times 1000$$

મૃત્યુદર :

વસ્તીશાસ્ત્રમાં જેટલું જન્મદરનું મહત્ત્વ છે. તેટલું જ મહત્ત્વ મૃત્યુદરનું પણ રહેલુ છે. જેવી રીતે જન્મદર દ્વારા વસ્તીમાં થતો વધારો જાણી શકાય છે. તેવી રીતે મૃત્યુદર દ્વારા દેશમાં કે રાજ્યની વસ્તીમાં કેટલો ઘટાડો થાય છે તે જાણી શકાય છે. મૃત્યુદર એટલે દર 1000 વ્યક્તિએ મૃત્યુ પામતા લોકોનું પ્રમાણ બીજા અર્થમાં કોઇ પણ દેશ કે રાજ્ય કે પ્રદેશની કુલ વસ્તીમાં વર્ષ દરમિયાન દર 1000 વસ્તી દીઠ મરણ પામતાં વ્યક્તિઓની સંખ્યા જેને નીચેના સૂત્રથી ગણી શકાય.

$$\text{મૃત્યુદર} = \frac{\text{એક વર્ષ દરમિયાન મૃત્યુ પામતા લોકોની સંખ્યા}}{\text{કુલ વસ્તી}} \times 1000$$

જે- તે પ્રદેશના જન્મદર અને મૃત્યુદર તથા તેના વલણોને આધારે તે પ્રદેશની વસ્તી વિષયક સ્થિતિ શું છે તથા ભવિષ્યમાં વસ્તી વધશે, ઘટશે કે સ્થિર રહેશે તે અંગે એક હદ સુધી અનુમાન કરી શકાય છે. આ સંદર્ભે ગુજરાતની સ્થિતિ કોષ્ટક -૨ ને આધારે જોતાં જણાય છે

કોષ્ટક -2

ગુજરાતમાં જન્મદર અને મૃત્યુદરના વલણો

| વર્ષ | ગુજરાત રાજ્ય | |
|---|---|---|
| | જન્મદર | મૃત્યુદર |
| 1971 | 40.0 | 16.4 |
| 1981 | 34.5 | 12.0 |
| 1991 | 27.5 | 8.5 |
| 2001 | 24.9 | 7.8 |
| 2011 | 21.8 | 6.7 |
| 2017 | 19.9 | 6.2 |

સ્રોત : સામાજિક આર્થિક સમીક્ષા ગુજરાત અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર વિભાગ, ગુજરાત રાજ્ય

1960-61 થી 2019 સુધી ગુજરાતમાં જન્મદર અને મૃત્યુદરમાં સતત ઘટાડો થતો જોવા મળે છે. જો કે સમગ્ર સમયગાળા દરમિયાન જન્મદર સાપેક્ષરીતે ઊંચો રહ્યો છે. જેથી રાજ્યની વસ્તી સતત વધતી ગઇ છે. સામાન્યરીતે જન્મદર અને મૃત્યુદર વચ્ચેનો તફાવત વસ્તીવૃધ્ધિ નક્કી કરતું મહત્ત્વનુ પરિબળ છે. ગુજરાતમાં જન્મદર વધારે જોવા મળે છે. જયારે મૃત્યુદર નીચો જોવા મળે છે. આ સંદર્ભે જાણવું જરૂરી બને કે કેમ ઊંચો જન્મદર અને નીચો મૃત્યુદર જોવા મળે છે.

★ ઉંચા જન્મદર માટેના કારણો :

1. ગરીબી/નબળી આર્થિક સ્થિતિ
2. નાની વયે થતાં લગ્ન
3. લગ્નની સાર્વત્રિક પ્રથા
4. ધાર્મિક અને સામાજિક માન્યતાઓમાં દૃઢ શ્રદ્ધા
5. સંયુક્ત કુટુંબ પ્રથા
6. શિક્ષણનું નીચું પ્રમાણ તથા સ્ત્રી શિક્ષણનું પણ નીચું પ્રમાણ
7. ગરમ આબોહવાના કારણે ઝડપથી આવેથી જાતીય પુખંતા
8. ગ્રામિણ અને અશિક્ષિત વર્ગમાં કુટુંબ નિયોજનનો ઓછો સ્વીકાર

★ નીચા મૃત્યુદર માટેના કારણો :

1. દુષ્કાળ અને રોગચાળાની નાબૂદી
2. જીવન ધોરણમાં સુધારો
3. સ્ત્રીના શિક્ષણમાં અને રોજગારીમાં વધારો
4. દવાઓ અને શસ્ત્રક્રિયાઓ સંદર્ભિત નવા સંશોધનો
5. તબીબી સેવાઓનું વિસ્તરણ

★ વસ્તી વધારાની આર્થિક વિકાસ પર પડતી અસરો

1. માથાદીઠ આવકનું નીચું પ્રમાણ
2. ભૂમિ(જમીન) પર વસ્તીનું વધતું જતું દબાણ
3. બેરોજગારીની સંખ્યામાં વધારો/રોજગારક્ષેત્રે વધતું ભારણ
4. ગરીબીમાં વધારો
5. અનઉત્પાદક વયજુથમાં વધારો
6. વસ્તીની ગુણવત્તામાં ઘટાડો
7. જરૂરી વસ્તુઓની ઓછી પ્રાપ્યતા
8. બિન ઉત્પાદકીય મૂડીરોકાણમાં વધારો
9. જીવનજરૂરી પાયાની વસ્તુઓની કિંમતા વધારો (ભાવ વધારો)
10. આયાતમાં વધારો અને નિકાસમાં ઘટાડો
11. નીચું જીવન ધોરણ
12. ગંદા વસવાટો/ઝૂપડપટ્ટીમાં વધારો
13. પર્યાવરણીય સંસ્થાઓ

15.4.2.3 શહેરીકરણ/ગ્રામ્ય-શહેરી સ્થળાંતર સંદર્ભિત સ્થિતિ :

કોષ્ટક -3

શહેરીકરણ સંદર્ભિત સ્થિતિ

| ગુજરાતમાં શહેરી અને ગ્રામીણ વસ્તી | | |
|---|---|---|
| વર્ષ | ગ્રામિણ | શહેરી |
| 1961 | 74.2 | 25.8 |
| 1971 | 71.9 | 28.1 |
| 1981 | 68.9 | 31.1 |
| 1991 | 65.5 | 34.5 |
| 2001 | 62.6 | 37.4 |
| 2011 | 57.4 | 42.6 |

સ્રોત : સામાજિક અને આર્થિક સમીક્ષા ૨૦૧૫થી ૧૯ અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર વિભાગ ગુજરાત રાજ્ય, ગાંધીનગર

માનવવસ્તીનું એક પ્રદેશમાંથી બીજા પ્રદેશમાં થતું સ્થળાંતર એ પણ જે તે પ્રદેશની વસ્તીના કદ, બંધારણ તથા અર્થતંત્રને અસર કરે છે. આ સંદર્ભે જોઇએ તો કોષ્ટક 3 પરથી જાણવા મળે છે કે ગુજરાત રાજ્યનો જેમ જેમ વિકાસ થતો ગયો છે. તેમ તેમ ગ્રામિણ વસ્તીનું પ્રમાણ સાપેક્ષ રીતે ઘટતું જાય છે અને શહેરી વસ્તીનું પ્રમાણ સાપેક્ષ રીતે વધતુ જાય છે. અહીં 2001ની સરખામણીએ 2011માં ગ્રામીણ વસ્તી વૃદ્ધિદર એ 9.3% છે. જયારે શહેરી વસ્તીવૃધ્ધિદર 36% છે. આમ, ગુજરાતમાં શહેરીકરણનો દર ખૂબ વધુ છે. ગ્રામ્ય વિસ્તારમાંથી શહેરી વિસ્તારમાં થતું વસ્તીનું સ્થળાંતર એટલે કે શહેરીકરણ એ ગુજરાતમાં ઝડપથી થઇ રહ્યું છે. તે શહેરી પ્રભુત્વવાળું રાજ્ય બનવા જઇ રહ્યું છે.

★ શહેરીકરણ થવાના કારણો :

1. શહેરી વિસ્તારમાં રોજગારીની વધારે તક
2. શહેરી વિસ્તારમાં તબીબી અને વાહનવ્યવહારની વધારે સગવડ
3. શહેરી વિસ્તારમાં શિક્ષણની સેવાઓની વધુ પ્રમાણમાં ઉપલબ્ધ
4. શહેરી વિસ્તારમાં મનોરંજનની વધારે સુવિધાઓ
5. ગ્રામિણ પરંપરાગત રૂઢીચુસ્ત વાતાવરણમાંથી મુક્તિ
6. અન્ય રાજ્યો માંથી રાજ્યમાં આર્થિક સામાજિક કારણોસર આવતા લોકોનું
7. વધેલું પ્રમાણ ( દા.ત. ગુજરાતના શહેરોમાં ઉત્તર ભારત, બંગાળ, મહારાષ્ટ્રના
8. ઘણાં લોકો રોજગારી કે અન્ય કારણોસર વસી રહ્યા છે.

### 15.4.2.4 જિલ્લાવાર વસ્તીનું પ્રમાણ અને વસ્તી વૃધ્ધિદર :

કોષ્ટક -4

ગુજરાત રાજ્યમાં જિલ્લાવાર વસ્તીનું કદ (2001 અને 2011)

| ક્રમ 2011 મુજબ | જીલ્લા | વસ્તી 2011 | રાજ્યની કુલ વસ્તીમાં % હિસ્સો 2011 | વસ્તી 2001 | રાજ્યની કુલ વસ્તીમાં % હિસ્સો 2001 |
|---|---|---|---|---|---|
| 1 | અમદાવાદ | 7,208,200 | 11.94 | 5,893,164 | 11.63 |
| 2 | સુરત | 6,079,231 | 10.07 | 4,275,540 | 8.44 |
| 3 | વડોદરા | 4,157,568 | 6.89 | 3,641,802 | 7.19 |
| 4 | રાજકોટ | 3,799,770 | 6.29 | 3,169,881 | 6.26 |
| 5 | બનાસકાંઠા | 3,116,045 | 5.16 | 2,504,244 | 4.94 |
| 6 | ભાવનગર | 2,877,961 | 4.77 | 2,469,630 | 4.87 |
| 7 | જૂનાગઢ | 2,742,291 | 4.54 | 2,448,173 | 4.83 |
| 8 | સાબરકાંઠા | 2,427,346 | 4.02 | 2,082,531 | 4.11 |
| 9 | પંચમહાલ | 2,388,267 | 3.96 | 2,025,277 | 4.00 |
| 10 | ખેડા | 2,298,934 | 3.81 | 2,037,894 | 4.02 |
| 11 | જામનગર | 2,159,130 | 3.58 | 1,904,278 | 3.76 |
| 12 | દાહોદ | 2,126,558 | 3.52 | 1,636,433 | 3.23 |
| 13 | કચ્છ | 2,090,313 | 3.46 | 1,583,225 | 3.12 |
| 14 | આણંદ | 2,090,276 | 3.46 | 1,856,872 | 3.66 |
| 15 | મહેસાણા | 2,027,727 | 3.46 | 1,844,856 | 3.64 |
| 16 | સુરેન્દ્રનગર | 1,755,873 | 2.91 | 1,515,148 | 2.99 |
| 17 | વલસાડ | 1,703,068 | 2.82 | 1,410,553 | 2.78 |
| 18 | ભરૂચ | 1,550,822 | 2.57 | 1,370,656 | 2.71 |
| 19 | અમરેલી | 1,513,614 | 2.51 | 1,393,918 | 2.75 |
| 20 | ગાંધીનગર | 1,387,478 | 2.30 | 1,237,168 | 2.44 |
| 21 | પાટણ | 1,342,746 | 2.22 | 1,182,709 | 2.33 |
| 22 | નવસારી | 1,330,711 | 2.20 | 1,182,709 | 2.43 |
| 23 | તાપી | 806,489 | 1.34 | 719,634 | 1.42 |
| 24 | નર્મદા | 590,379 | 0.98 | 514,404 | 1.02 |
| 25 | પોરબંદર | 586,062 | 0.97 | 536,835 | 1.06 |
| 26 | ડાંગ | 226,769 | 0.38 | 186,729 | 0.37 |

સ્ત્રોત : સામાજિક આર્થિક સમીક્ષા-ગુજરાત રાજ્ય ગુ.અર્થ અને આંકડાશાસ્ત્ર વિભાગ

www. censusindia.gov.in

જિલ્લાવાર વસ્તીના આધારે રાજ્ય કે પ્રદેશના કયા વિસ્તારમાં વસ્તીનું પ્રમાણ કેવું છે તથા તેમાં કેવા પરિવર્તનો થઇ રહ્યા છે તે જાણી શકાય છે. જેનાં આધારે એકમલક્ષી આયોજનમાં મદદ મળે છે. આ સંદર્ભે કોઠા નં 4 જોતાં જણાય છે કે વર્ષ :2011માં રાજ્યની કુલ વસ્તીમાં 11.4% હિસ્સો ધરાવવા સાથે અમદાવાદ પ્રથમ ક્રમે છે. જયારે 0.38% સાથે ડાંગ છેલ્લા ક્રમે છે.

આજ પ્રમાણે ઉપરોક્ત કોષ્ટક પરથી જાણવા મળે છે કે, વર્ષ 2001 અને 2011

માં રાજ્યની કુલ વસ્તીમાં અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ જિલ્લાની વસ્તી અનુક્રમે 33% અને 35% હિસ્સો ધરાવતી હતી. બીજી બાજુ આજગાળામાં કુલ વસ્તીમાં તાપી નર્મદા, પોરબંદર અને ડાંગ જિલ્લાની વસ્તીનો હિસ્સો અનુક્રમે 3.67% અને 3.87% છે. અર્થાત વિસ્તાર અનુસાર વસ્તીમાં મોટી અસમતુલા છે.

કોષ્ટક 5

જિલ્લાવાર વસ્તી વૃદ્ધિદરમાં આવેલ પરિવર્તન

| ક્રમ | જિલ્લા | વર્ષ | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | 1901-11 | 1911-21 | 1921-31 | 1931-41 | 1941-51 | 1951-61 | 1961-71 | 1971-81 | 1981-91 | 1991-01 | 2001-11 |
| 1 | ગુજરાત | 7.79 | 3.79 | 12.92 | 19.25 | 18.69 | 26.88 | 29.39 | 27.67 | 21.19 | 22.66 | 19.3 |
| 2 | કચ્છ | 5.21 | 5.63 | 7.42 | -2.42 | 11.76 | 22.70 | 22.02 | 23.58 | 20.22 | 25.40 | 32.03 |
| 3 | બ.કાંઠા | -4.26 | 5.36 | 8.27 | 14.96 | 26.90 | 29.24 | 27.35 | 32.10 | 30.87 | 26.38 | 24.43 |
| 4 | પાટણ | -1.02 | 7.70 | 10.33 | 13.56 | 20.35 | 25.51 | 25.66 | 23.41 | 12.17 | 14.16 | 13.53 |
| 5 | મહેસાણા | -0.37 | 8.25 | 10.61 | 13.45 | 19.05 | 20.04 | 28.05 | 20.90 | 17.41 | 12.08 | 9.91 |
| 6 | સા.કાઠા | 13.32 | 10.23 | 18.69 | 17.15 | 19.39 | 34.29 | 29.29 | 26.49 | 17.23 | 18.25 | 16.56 |
| 7 | ગાંધીનગર | 1.38 | 7.63 | 10.70 | 21.84 | 22.69 | 19.11 | 35.53 | 28.78 | 21.67 | 21.73 | 12.15 |
| 8 | અમદાવાદ | 5.19 | 6.80 | 10.99 | 38.65 | 28.64 | 33.01 | 37.15 | 34.01 | 24.95 | 27.25 | 22.31 |
| 9 | સુરેન્દ્રનગર | 12.39 | 2.12 | 9.92 | 12.32 | 17.99 | 30.97 | 27.51 | 22.32 | 16.89 | 25.34 | 15.89 |
| 10 | રાજકોટ | 17.92 | -0.65 | 15.73 | 17.83 | 16.27 | 29.94 | 34.39 | 28.88 | 20.12 | 26.08 | 19.87 |
| 11 | જામનગર | 2.12 | 0.01 | 18.31 | 21.71 | 19.13 | 34.29 | 34.15 | 25.35 | 12.24 | 21.79 | 13.38 |
| 12 | પોરબંદર | 10.68 | 7.90 | 18.13 | 26.24 | 13.66 | 25.03 | 30.84 | 20.28 | 10.23 | 14.35 | 9.17 |
| 13 | જુનાગઢ | 10.42 | 7.22 | 17.85 | 25.82 | 13.74 | 26.67 | 33.99 | 28.79 | 15.29 | 17.07 | 12.01 |
| 14 | અમરેલી | 7.62 | -0.70 | 14.35 | 20.76 | 14.96 | 24.37 | 25.69 | 26.37 | 14.97 | 6.50 | 8.59 |
| 15 | ભાવનગર | 7.83 | -1.85 | 14.13 | 21.68 | 15.88 | 26.01 | 25.44 | 34.76 | 23.13 | 19.31 | 16.53 |
| 16 | આણંદ | -2.00 | 1.57 | 8.79 | 18.97 | 20.66 | 20.37 | 22.44 | 23.42 | 13.39 | 13.04 | 12.57 |
| 17 | ખેડા | -1.98 | 1.61 | 8.80 | 18.99 | 20.68 | 24.86 | 25.39 | 22.60 | 14.81 | 13.32 | 12.81 |
| 18 | પંચમહાલ | 29.29 | 16.35 | 19.01 | 15.06 | 19.55 | 28.02 | 24.52 | 24.28 | 22.34 | 20.39 | 17.92 |
| 19 | દાહોદ | 29.29 | 16.35 | 19.01 | 15.06 | 19.55 | 32.96 | 27.91 | 27.51 | 34.60 | 28.44 | 29.95 |
| 20 | વડોદરા | 18.05 | 8.32 | 16.38 | 19.02 | 15.92 | 26.09 | 29.96 | 29.58 | 21.07 | 19.87 | 14.16 |
| 21 | નર્મદા | 15.05 | 2.49 | 13.79 | 19.35 | 11.25 | 29.78 | 27.39 | 20.14 | 19.85 | 14.47 | 14.77 |
| 22 | ભરૂચ | 14.60 | 1.53 | 13.33 | 19.41 | 10.40 | 22.41 | 22.93 | 15.35 | 18.36 | 19.37 | 13.14 |
| 23 | ડાંગ | 57.78 | -16.54 | 38.74 | 20.13 | 17.51 | 51.36 | 31.60 | 20.68 | 26.77 | 26.59 | 21.44 |
| 24 | નવસારી | 6.94 | 0.38 | 9.94 | 20.64 | 18.66 | 18.53 | 24.52 | 24.18 | 19.34 | 13.24 | 8.24 |
| 25 | વલસાડ | 6.94 | 0.38 | 9.94 | 20.64 | 18.66 | 24.59 | 26.70 | 24.17 | 25.87 | 29.65 | 20.74 |
| 26 | સુરત | 6.94 | 0.38 | 9.94 | 20.64 | 18.66 | 25.80 | 35.01 | 47.83 | 41.00 | 54.30 | 42.19 |
| 27 | તાપી | 6.94 | 0.38 | 9.94 | 20.64 | 18.66 | 25.49 | 39.00 | 15.40 | 18.75 | 14.78 | 12.07 |

સ્ત્રોત : સામાજિક- આર્થિક સમીક્ષા અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

નોંધ : 2001 ની વસ્તીગણતરી સમયના જિલ્લા છે. જેમાં નવા બનેલા જિલ્લાઓનો પ્રદેશ આવી જાય છે.

આજ પ્રમાણે જિલ્લાવાર વસ્તીવૃધ્ધિદર જોઇએ તો ઉપરોક્ત કોષ્ટક પરથી જાણવા મળે છે કે વર્ષ 2011માં સુરત, કચ્છ, દાહોદ, બનાસકાંઠા અને અમદાવાદનો વસ્તી વૃદ્ધિદર અનુક્રમે 42.19, 32.03, 29.95, 24.43 અને 22.31 ટકા છે. જે સાપેક્ષ રીતે ખૂબ ઊંચો છે, તો આજ સમયગાળામાં એટલે કે 2011માં નવસારી, અમરેલી,

પોરબંદર અને મહેસાણાનો વસ્તી વૃદ્ધિદર અનુક્રમે 8.24, 8.59, 9.17 અને 9.91 ટકા હતો. અર્થાત રાજ્યમાં જિલ્લાવાર વસ્તી વૃદ્ધિદરમાં મોટા તફાવત છે. જેનું કારણ કુદરતી વસ્તીવૃદ્ધિદર સાથે સ્થળાંતર જેવાં પરિબળો છે.

15.4.2.5 બાળમૃત્યુદર :

જેવી રીતે જન્મદર અને મૃત્યુદર વસ્તી શાસ્ત્ર માટે અગત્યના ખ્યાલ છે. તેવી જ રીતે બાળ મૃત્યુદર પણ અગત્યનો ખ્યાલ છે. મૃત્યુદર એટલે દર એક હજાર લોકોએ મૃત્યુ પામતાં લોકોનું પ્રમાણ. જયારે બાળ મૃત્યુદર એટલે કોઇ એક દેશ કે પ્રદેશ કે રાજયમાં દર એક હજાર બાળકોએ એક વર્ષની ઉંમર પૂરી કરતાં પહેલા મૃત્યુ પામતા બાળકોની સંખ્યા બીજી રીતે કહીએ તો બાળ મૃત્યુદર એટલે દર એક હજાર જન્મ લેતા જીવિત બાળકો પૈકી એક વર્ષની ઉંમર પૂરી કરે તે પહેલા મૃત્યુ પામતા બાળકોની સંખ્યા. આ બાળમૃત્યુદર એ જન્મદરને પણ અસર કરે છે. કુદરતી પ્રેરણા તથા સામાજિક- ધાર્મિક માન્યતાઓને લીધે દંપતિ પોતાનો વંશ વધારવા ઈચ્છતા હોય છે. આ સંજોગોમાં બાળમૃત્યુનો ઉંચોદર અને વધુ બાળકો પેદા કરવાની પ્રેરણા આપે છે. આ સંદર્ભે

કોષ્ટક -6

ગુજરાતમાં બાળમૃત્યુદર

| વર્ષ | બાળમૃત્યુદર |
|---:|---:|
| 1971 | 144 |
| 1981 | 116 |
| 1991 | 69 |
| 2001 | 60 |
| 2011 | 44 |
| 2017 | 30 |

સ્રોત :સામાજિક આર્થિક સમીક્ષા ગુજરાત રાજ્ય

ગુજરાતની સ્થિતિ જોઈએ તો કોષ્ટક-6માં આપણને જોવા મળે છે કે વર્ષ 1971માં રાજ્યમાં બાળમૃત્યુદર 144 હતો તે સતત ઘટતો જઇ વર્તમાનમાં 30 થયો છે. અર્થાત ગુજરાતની સ્થાપના થઇ ત્યારથી ગુજરાતમાં બાળમૃત્યુદર સતત ઘટતો જોવા મળે છે. જેણે રાજયનો જન્મદર ઘટાડવામાં પણ હકારાત્મક ભૂમિકા ભજવી છે. અહીં બાળમૃત્યુદર ઘટવા પાછળ દુષ્કાળ અને રોગચાળાની નાબૂદી જીવનધોરણમાં સુધારો, સ્ત્રી શિક્ષણમાં વધારો તથા તબીબી સેવાઓનું વિસ્તરણ તેમજ આરોગ્યક્ષેત્રે થયેલ સંશોધનો જવાબદાર છે.

15.4.2.6 કુલ વસ્તીમાં 0.6 વર્ષના બાળકોનું પ્રમાણ :

કોષ્ટક -7

| ક્રમ | જિલ્લા | કુલ વસ્તીમાં 0-6 વર્ષના બાળકોનું પ્રમાણ % માં | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | 2001 | | | 2011 | | |
| | | P | M | F | P | M | F |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 |
| 1 | ગુજરાત | 15 | 16 | 13 | 13 | 14 | 12 |
| 2 | કચ્છ | 16 | 17 | 14 | 15 | 16 | 13 |
| 3 | બ.કાઠા | 19 | 19 | 15 | 16 | 17 | 13 |
| 4 | પાટણ | 16 | 17 | 13 | 14 | 14 | 11 |
| 5 | મહેસાણા | 14 | 15 | 12 | 12 | 12 | 11 |
| 6 | સા.કાઠા | 16 | 16 | 13 | 14 | 15 | 12 |
| 7 | ગાંધીનગર | 14 | 15 | 12 | 12 | 13 | 11 |
| 8 | અમદાવાદ | 13 | 16 | 12 | 12 | 14 | 11 |
| 9 | સુરેન્દ્રનગર | 16 | 17 | 13 | 14 | 15 | 11 |
| 10 | રાજકોટ | 13 | 14 | 12 | 11 | 12 | 11 |
| 11 | જામનગર | 14 | 15 | 13 | 12 | 13 | 12 |
| 12 | પોરબંદર | 14 | 15 | 13 | 11 | 12 | 11 |
| 13 | જુનાગઢ | 15 | 16 | 14 | 13 | 14 | 12 |
| 14 | અમરેલી | 14 | 15 | 13 | 11 | 12 | 11 |
| 15 | ભાવનગર | 16 | 18 | 14 | 13 | 14 | 12 |
| 16 | આણંદ | 14 | 14 | 12 | 12 | 13 | 11 |
| 17 | ખેડા | 15 | 15 | 12 | 13 | 13 | 11 |
| 18 | પંચમહાલ | 17 | 17 | 14 | 15 | 15 | 13 |
| 19 | દાહોદ | 20 | 21 | 15 | 19 | 20 | 14 |
| 20 | વડોદરા | 13 | 15 | 12 | 12 | 14 | 10 |
| 21 | નર્મદા | 16 | 16 | 10 | 13 | 14 | 10 |
| 22 | ભરૂચ | 14 | 15 | 13 | 11 | 12 | 11 |
| 23 | ડાંગ | 20 | 20 | - | 18 | 19 | 11 |
| 24 | નવસારી | 12 | 12 | 11 | 10 | 10 | 10 |
| 25 | વલસાડ | 15 | 15 | 13 | 13 | 13 | 12 |
| 26 | સુરત | 14 | 14 | 14 | 12 | 11 | 12 |
| 27 | તાપી | 14 | 14 | 12 | 11 | 11 | 11 |

સ્ત્રોત : સામાજિક આર્થિક સમીક્ષા ગુજરાત રાજ્ય 2017-18

કુલ વસ્તીમાં બાળકોના પ્રમાણને આધારે ભવિષ્યમાં ઉત્પાદકીય વસ્તી અને બિન ઉત્પાદકીય વસ્તીમાં કેવા ફેરફાર થશે તથા ભવિષ્યમાં વસ્તીનું પ્રમાણ કેવું હશે. તેનો અંદાજ બાંધી શિક્ષણ, આરોગ્ય, આર્થિકપ્રવૃત્તિ વગેરેનું આયોજન થઇ શકે છે. આ સંદર્ભમાં કોષ્ટક નં. 7 ને જોતાં જણાય છે કે વર્ષ 2001માં કુલ વસ્તીમાં 0-6 વર્ષના બાળકોનું પ્રમાણ 15% હતું. જે 2011માં 13% થયું છે જે દર્શાવે છે કે ભવિષ્યમાં રાજ્યનો વસ્તીવૃદ્ધિદર ઘટવાની સંભાવના છે. આજ પ્રમાણે જિલ્લાવાર જોઇએ તો

વર્ષ 2011માં દાહોદ જિલ્લામાં કુલ વસ્તીમાં 0-6 વર્ષના બાળકોનું પ્રમાણ 19% હતું. જયારે સૌથી ઓછું નવસારી જિલ્લામાં 10% હતું.

15.4.2.7 વસતી ગીચતા સંદર્ભિત સ્થિતિ :

આપણે જોઇએ છીએ કે કોઇ એક પ્રદેશ કે વિસ્તારમાં ખુબ વધારે વસ્તી જોવા મળે છે, જયારે બીજી બાજુ એવા પ્રદેશ પણ જોવા મળે છે કે જયાં વસ્તીનું પ્રમાણ ખુબ ઓછું હોય છે. આ અંતર્ગત જોઇએ તો કોઇ એક દેશમાં વસ્તી કેવી રીતે વહેંચાયેલી જોવા મળે છે તેનો ખ્યાલ વસ્તી ગીચતા પરથી પ્રાપ્ત થાય છે. આમ, કોઇ એક ચોક્કસ પ્રદેશ અને તે પ્રદેશમાં કુલ કેટલી વસ્તી રહે છે તેને વસ્તી ગીચતા કહેવામાં આવે છે. બીજા અર્થમાં પ્રતિચોરસ કિલોમીટરે વસ્તીના કુલ પ્રમાણને વસ્તીગીચતા કહેવામાં આવે છે.

$$\text{વસ્તી ગીચતા} = \frac{\text{કુલ વસ્તી}}{\text{કુલ જમીન}}$$

કોષ્ટક -8

ગુજરાતમાં વસ્તીગીચતાના વલણો

| વર્ષ | વસ્તી ગીચતા (દર ચોરસ કિલોમીટર) |
|---:|---:|
| 1961 | 110 |
| 1971 | 136 |
| 1981 | 174 |
| 1991 | 211 |
| 2001 | 258 |
| 2011 | 308 |

સ્રોત : સામાજિક આર્થિક સમીક્ષા 2018-19 ગુજરાત અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર વિભાગ ગુજરાત રાજય

ઉપરોકત કોષ્ટક નં. 8 પરથી જાણવા મળે છે કે, ગુજરાત રાજયમાં પ્રતિ વર્ષે જેમ જેમ વસ્તી વધતી જાય છે તેમ તેમ વસ્તીગીચતા પણ વધતી જાય છે. કારણ કે કુલ જમીનના પ્રમાણમાં કોઇ વધારો કરી શકાતો નથી. અહીં અગાઉ જોઇ ગયા તેમ ગુજરાતમાં જન્મદર ઊંચો અને મૃત્યુદર નીચો છે. જેથી વસ્તીવૃધ્ધિનો દર ફળદ્રુપતા, આબોહવા તથા વરસાદ ઉદ્યોગોનો વિકાસ, પાણી, ઉર્જા, પરિવહન, સંદેશાવ્યવહાર, શિક્ષણ, આરોગ્ય, ઔધ્યોગીકરણ, રોજગારીની તકો, શહેરીકરણ તેમજ અદ્યતન ટેકનોલોજીથી આર્થિક વિકાસ કેવો થયો છે. તેના પર રહેલો છે. સામાન્ય રીતે નદી કાંઠો, ફળદ્રુપ જમીનો, વગેરે વિસ્તારોમાં વસ્તીનું પ્રમાણ વધુ તથા એની સાપેક્ષ જીવન જયાં હાડમારી ભર્યું છે એવા વિસ્તારો જેવા કે ડુંગરોવાળા વિસ્તારો વગેરેમાં વસ્તીનું પ્રમાણ ઓછું છે.

કોષ્ટક -9

ગુજરાતમાં જિલ્લાવાર વસ્તી ગીચતા

| ક્રમ 2011 | જિલ્લા | વસ્તી ગીચતા | |
|---|---|---|---|
| | | 2011 | 2001 |
| 1 | 2 | 3 | 4 |
| 1 | સુરત | 1376 | 968 |
| 2 | અમદાવાદ | 890 | 727 |
| 3 | આણંદ | 711 | 631 |
| 4 | ગાંધીનગર | 660 | 589 |
| 5 | નવસારી | 602 | 557 |
| 6 | દાહોદ | 582 | 448 |
| 7 | વલસાડ | 561 | 465 |
| 8 | વડોદરા | 551 | 482 |
| 9 | ખેડા | 541 | 479 |
| 10 | મહેસાણા | 462 | 421 |
| 11 | પંચમહાલ | 458 | 389 |
| 12 | રાજકોટ | 339 | 283 |
| 13 | સાબરકાંઠા | 328 | 282 |
| 14 | જૂનાગઢ | 310 | 277 |
| 15 | બનાસકાંઠા | 290 | 233 |
| 16 | ભાવનગર | 288 | 247 |
| 17 | પોરબંદર | 255 | 234 |
| 18 | તાપી | 249 | 222 |
| 19 | ભરૂચ | 238 | 210 |
| 20 | પાટણ | 234 | 206 |
| 21 | નર્મદા | 214 | 187 |
| 22 | અમરેલી | 205 | 188 |
| 23 | સુરેન્દ્રનગર | 167 | 144 |
| 24 | જામનગર | 153 | 135 |
| 25 | ડાંગ | 129 | 106 |
| 26 | કચ્છ | 46 | 35 |

સ્ત્રોત :સામાજિક આર્થિક સમીક્ષા- ગુજરાત રાજ્ય, www.censusindia.gov.in

ગુજરાતમાં પ્રાદેશિક વસ્તીગીચતા જોઇએ તો ઉપરોકત કોઠા નં. 9 પરથી જોવા મળે છે કે સૌથી વધુ વસ્તી ગીચતા સુરત, અમદાવાદ, આણંદ અને ગાંધીનગર જેવા મોટા અને વિકાસતા જિલ્લાઓમાં જોવા મળે છે. જયારે સૌથી ઓછી વસ્તી ગીચતા ડાંગ અને કચ્છ જેવાં ઓછા વિકસતા જિલ્લાઓમાં જોવા મળે છે વળી, એ પણ જોઇ શકાય છે કે દાયકા દરમિયાન દરેક જિલ્લામાં વત્તા-ઓછા અંશે વસ્તી ગીચતા વધી છે.

ગુજરાતના સંદર્ભમાં જોઇએ તો કોષ્ટક નં. 9 ને જોતા જણાય છે કે પ્રમાણમાં મેદાની અને પાણી તથા આંતરમાળખાની વધુ સુવિધા ધરાવતા મધ્ય અને દક્ષિણ ગુજરાતના સુરત, અમદાવાદ, આણંદ, ગાંધીનગર, નવસારી, વલસાડ, વડોદરા અને ખેડામાં વસ્તી ગીચતા સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતના જિલ્લાઓ કરતા વધુ છે.

15.4.2.8 જાતિ પ્રમાણ/સ્ત્રી પુરુષ અનુપાત :

સામાન્ય રીતે કોઇ એક દેશમાં સ્ત્રીઓ અને પુરુષોનું પ્રમાણ એક સરખું જોવા મળતું નથી. પરંતુ તેમાં મોટા તફાવતો હોય તે જે તે જાતિ પ્રત્યે પૂર્વગ્રહ અને સામાજિક દુર્લક્ષ બતાવે છે. આવુ દુર્લક્ષ મહદંશે સ્ત્રીઓ તરફ રખાય છે. જે તંદુરસ્ત સમાજના હિતમાં નથી. આ સંદર્ભમાં જોઇએ તો ભારતમાં જાતિ પ્રમાણને વસ્તી ગણતરીના નિયમો મુજબ દર 1000 પુરુષોએ સ્ત્રીઓની સંખ્યા દ્વારા માપવામાં આવે છે. આમ, દેશની વસ્તીમાં પ્રતિ હજાર પુરુષોની સરખામણીમાં સ્ત્રીઓની સંખ્યાને જાતિ પ્રમાણ તરીકે ઓળખવામાં આવે છે. આ સંદર્ભે ગુજરાતની સ્થિતિ જોઇએ તો

કોષ્ટક -10

| વર્ષ | જાતિ પ્રમાણ |
|---:|---:|
| 1961 | 940 |
| 1971 | 934 |
| 1981 | 942 |
| 1991 | 934 |
| 2001 | 920 |
| 2011 | 918 |

સ્ત્રોત : સામાજિક-આર્થિક સમીક્ષા ગુજરાત રાજ્ય

કોષ્ટક -10 માં જોઇ શકાય છે કે ગુજરાત રાજ્યની સ્થાપના થઇ ત્યારે 1961માં જાતિ પ્રમાણ 940 હતું જે ધીમે ધીમે ઘટતું ગયું છે અને વર્ષ 2011ની વસ્તી ગણતરી મુજબ માત્ર 918 જોવા મળે છે. આ સંદર્ભે જિલ્લાવાર આંકડા તપાસીએ તો તે રાજ્યના જુદા જુદા વિસ્તારોમાં જાતિ પ્રમાણ કેવું છે તેનો ખ્યાલ આપે છે. અહીં

## જિલ્લા વાર સ્ત્રી- પુરુષનું પ્રમાણ

| ક્રમ | જિલ્લા | જાતિ પ્રમાણ | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | 1901 | 1911 | 1921 | 1931 | 1941 | 1951 | 1961 | 1971 | 1981 | 1991 | 2001 | 2011 |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 |
| 1 | ગુજરાત | 954 | 946 | 944 | 945 | 941 | 952 | 940 | 934 | 942 | 934 | 920 | 918 |
| 2 | કચ્છ | 995 | 1034 | 1059 | 1066 | 1095 | 1079 | 1041 | 1012 | 999 | 964 | 942 | 908 |
| 3 | બ.કાઠા | 925 | 921 | 919 | 934 | 948 | 951 | 947 | 941 | 947 | 934 | 930 | 938 |
| 4 | પાટણ | 951 | 944 | 949 | 967 | 968 | 971 | 956 | 957 | 963 | 944 | 932 | 935 |
| 5 | મહેસાણા | 956 | 948 | 955 | 973 | 971 | 1003 | 974 | 961 | 974 | 951 | 927 | 926 |
| 6 | સા.કાઠા | 996 | 982 | 994 | 964 | 967 | 973 | 954 | 965 | 976 | 965 | 947 | 952 |
| 7 | ગાંધીનગર | 952 | 935 | 923 | 943 | 913 | 992 | 961 | 936 | 943 | 935 | 913 | 9203 |
| 8 | અમદાવાદ | 947 | 913 | 864 | 889 | 825 | 836 | 852 | 863 | 888 | 897 | 892 | 904 |
| 9 | સુરેન્દ્રનગર | 968 | 934 | 957 | 964 | 956 | 958 | 943 | 941 | 934 | 921 | 924 | 930 |
| 10 | રાજકોટ | 970 | 978 | 984 | 974 | 977 | 988 | 963 | 947 | 947 | 946 | 930 | |
| 11 | જામનગર | 968 | 981 | 982 | 991 | 988 | 986 | 952 | 942 | 949 | 949 | 941 | 939 |
| 12 | પોરબંદર | 956 | 964 | 962 | 960 | 962 | 1001 | 962 | 952 | 967 | 960 | 946 | |
| 13 | જુનાગઢ | 955 | 963 | 962 | 960 | 962 | 976 | 949 | 933 | 954 | 960 | 955 | 953 |
| 14 | અમરેલી | 952 | 952 | 950 | 956 | 955 | 974 | 959 | 957 | 980 | 985 | 987 | 964 |
| 15 | ભાવનગર | 947 | 947 | 943 | 949 | 947 | 955 | 936 | 944 | 954 | 944 | 937 | 933 |
| 16 | આણંદ | 897 | 865 | 872 | 875 | 896 | 906 | 890 | 880 | 905 | 912 | 910 | 925 |
| 17 | ખેડા | 897 | 866 | 872 | 875 | 896 | 918 | 914 | 907 | 924 | 924 | 923 | |
| 18 | પંચમહાલ | 975 | 958 | 951 | 931 | 938 | 922 | 925 | 930 | 942 | 934 | 938 | 949 |
| 19 | દાહોદ | 975 | 958 | 951 | 931 | 938 | 954 | 954 | 964 | 984 | 976 | 985 | |
| 20 | વડોદરા | 914 | 905 | 904 | 902 | 899 | 914 | 906 | 900 | 915 | 913 | 919 | 934 |
| 21 | નર્મદા | 953 | 935 | 937 | 918 | 927 | 938 | 952 | 961 | 954 | 947 | 949 | 961 |
| 22 | ભરૂચ | 960 | 940 | 943 | 921 | 932 | 946 | 945 | 944 | 938 | 925 | 921 | 925 |
| 23 | ડાંગ | 938 | 887 | 888 | 848 | 848 | 877 | 913 | 946 | 970 | 983 | 987 | 1006 |
| 24 | નવસારી | 992 | 990 | 988 | 982 | 977 | 1041 | 1030 | 1002 | 975 | 958 | 955 | 961 |
| 25 | વલસાડ | 992 | 990 | 988 | 982 | 977 | 1001 | 1005 | 992 | 989 | 957 | 920 | 922 |
| 26 | સુરત | 992 | 990 | 988 | 982 | 977 | 973 | 967 | 943 | 908 | 882 | 810 | 787 |
| 27 | તાપી | 992 | 990 | 988 | 982 | 977 | 959 | 972 | 957 | 989 | 987 | 996 | 1009 |

સ્ત્રોત : સામાજિક આર્થિક સમીક્ષા 2017-18 અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર વિભાગ,
ગુજરાત રાજ્ય- ગાંધીનગર.

કોષ્ટક નં. 11પરથી જાણવા મળે છે કે વર્ષ 1901થી 2011 દરમિયાન ગુજરાત રાજયના વિવિધ જિલ્લાઓમાં સ્ત્રી પુરુષ પ્રમાણ દર્શાવવામાં આવ્યું છે. જેમાં ડાંગ અને તાપી જિલ્લાઓમાં પુરુષોની સરખામણીમાં સ્ત્રીઓની સંખ્યા વધારે જોવા મળે છે. જયારે બાકીના જિલ્લાઓમાં પુરુષોની સરખામણીમાં સ્ત્રીઓની સંખ્યા ઓછી છે. જેમાં સૌથી ઓછી સુરતમાં 787 છે અને ગાંધીનગરમાં 923 છે. આજ રીતે 0-6 વર્ષના બાળકોમાં જાતિ પ્રમાણ કેવું છે એના આધારે ભવિષ્યની સામાજિક સંરચના કેવી હશે તે સંદર્ભે એક સંકેત મળે છે. આ અનુસંધાને કોષ્ટક નંબર ૧૨ પરથી જાણવા મળે છે કે 1961 થી 2011 દરમિયાન ગ્રામિણ વિસ્તારની સરખામણીમાં શહેરી વિસ્તારોમાં પુરુષોની સાપેક્ષ સ્ત્રીઓની સંખ્યા ઓછી છે. જેનું એક કારણ કહેવાતા વિકસિત અને શિક્ષિત સમાજમાં સ્ત્રીઓ પ્રત્યેના હિન ભાવ સોનોગ્રાફિનો દુરઉપયોગ કરી થતી સ્ત્રીભૃણ હત્યા પણ છે.

કોષ્ટક નં. 13

વિસ્તારવાર જાતિ પ્રમાણ : 2011

| ક્રમ | જિલ્લાનું નામ | % વસ્તી | | | જાતિપ્રમાણ | | | બાળ જાતિપ્રમાણ | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ગ્રામિણ | શહેરી | કુલ | ગ્રામિણ | શહેરી | કુલ | ગ્રામિણ | શહેરી |
| | ભારત | 68.84 | 31.16 | 940 | 947 | 926 | 914 | 919 | 902 |
| | ગુજરાત | 57.42 | 42.58 | 918 | 947 | 880 | 886 | 906 | 852 |
| 1 | કચ્છ | 65.28 | 34.72 | 907 | 910 | 900 | 913 | 917 | 904 |
| 2 | બ.કાંઠા | 86.73 | 13.27 | 936 | 940 | 915 | 890 | 895 | 844 |
| 3 | પાટણ | 79.07 | 20.93 | 935 | 938 | 923 | 884 | 889 | 961 |
| 4 | મહેસાણા | 74.65 | 25.35 | 925 | 932 | 906 | 845 | 860 | 794 |
| 5 | સા.કાંઠા | 85.04 | 14.96 | 950 | 954 | 933 | 899 | 905 | 853 |
| 6 | ગાંધીનગર | 56.79 | 43.21 | 920 | 936 | 901 | 847 | 859 | 830 |
| 7 | અમદાવાદ | 15.95 | 84.05 | 903 | 932 | 898 | 859 | 888 | 852 |
| 8 | સુરેન્દ્રનગર | 71.7 | 28.3 | 929 | 938 | 907 | 889 | 899 | 856 |
| 9 | રાજકોટ | 41.88 | 58.12 | 924 | 946 | 908 | 854 | 870 | 842 |
| 10 | જામનગર | 55.04 | 44.96 | 938 | 949 | 924 | 898 | 911 | 880 |
| 11 | પોરબંદર | 51.23 | 48.77 | 947 | 954 | 940 | 894 | 902 | 886 |
| 12 | જુનાગઢ | 66.95 | 33.05 | 952 | 953 | 951 | 904 | 909 | 886 |
| 13 | અમરેલી | 74.51 | 25.49 | 964 | 970 | 947 | 879 | 885 | 860 |
| 14 | ભાવનગર | 58.99 | 41.01 | 931 | 952 | 901 | 885 | 899 | 861 |
| 15 | આણંદ | 69.68 | 30.32 | 921 | 918 | 927 | 877 | 875 | 883 |
| 16 | ખંડા | 77.24 | 22.76 | 937 | 937 | 934 | 887 | 894 | 859 |
| 17 | પંચમહાલ | 86 | 14 | 945 | 948 | 928 | 923 | 828 | 892 |
| 18 | દાહોદ | 91.01 | 8.99 | 986 | 989 | 959 | 937 | 940 | 900 |
| 19 | વડોદરા | 50.46 | 49.54 | 934 | 945 | 922 | 894 | 920 | 860 |
| 20 | નર્મદા | 89.56 | 10.44 | 960 | 961 | 652 | 637 | 940 | 893 |
| 21 | ભરૂચ | 65.93 | 34.07 | 924 | 936 | 901 | 914 | 926 | 889 |
| 22 | ડાંગ | 89.11 | 10.89 | 1007 | 1003 | 1040 | 963 | 965 | 932 |
| 23 | નવસારી | 39.26 | 30.74 | 961 | 982 | 917 | 921 | 945 | 872 |
| 24 | વલસાડ | 62.77 | 37.23 | 926 | 975 | 850 | 926 | 941 | 898 |
| 25 | સુરત | 20.32 | 79.68 | 788 | 922 | 757 | 836 | 922 | 817 |
| 26 | તાપી | 90.21 | 9.79 | 1004 | 1009 | 957 | 944 | 948 | 904 |

સ્ત્રોત : સામાજિક આર્થિક સમીક્ષા – ગુજરાત રાજ્ય

www.censusindia.gov.in

વિશેષમાં જિલ્લાવાર 0-6 વર્ષના બાળકોનું જાતિ પ્રમાણએ વિસ્તાર અનુસાર જાતિ અનુપાત એકમલક્ષી કક્ષાએ સ્પષ્ટ કરે છે. અહીં કોષ્ટક નં. 13 પરથી જાણવા મળે છે કે વર્ષ : 2011 માં ગ્રામિણ વિસ્તારની સરખામણીમાં શહેરી વિસ્તારોમાં પુરુષોની સરખામણીમાં સ્ત્રીઓની સંખ્યા ઓછી છે. જેમાં ખાસ કરીને કહેવાતા વિકસતા જિલ્લાઓની સરખામણીમાં ઓછા વિકસતા જિલ્લાઓમાં સ્ત્રીઓની સમાનતા સંદર્ભે પૂર્વગ્રહ ધરાવતા જિલ્લાઓને વિકસિત ઘણી શકાય ખરા?

### 15.4.2.9 સાક્ષરતા દર :

કોઇ પણ એક દેશના ઝડપી વિકાસનો આધાર તથા ભાવી વિકાસનો આધાર તે દેશની પ્રજાએ કેટલું શિક્ષણ મેળવ્યું છે તેના પર રહેલો છે. સાક્ષરતા એટલે વ્યક્તિ

વ્યક્તિ એક ભાષામાં લખી શકે અને વાંચી શકવાની ક્ષમતા. ભારતના બંધારણ મુજબ 15 વર્ષ કે તેથી વધુ વય ધરાવનાર વ્યક્તિ કોઇ એક ભાષા લખી શકે, બોલી શકે કે સમજી શકે તેને સાક્ષર વ્યક્તિ તરીકે ઓળખવામાં આવે છે. સાક્ષરતા દર નીચેના સૂત્ર દ્વારા ગણી શકાય.

સાક્ષરતાનું પ્રમાણ = L/P x 100 જયાં

L = સાક્ષર વ્યક્તિઓની સંખ્યા

P = કુલ વસ્તીનું પ્રમાણ

ઉપરોકત ચર્ચાના સંદર્ભમાં ગુજરાતમાં સાક્ષરતાની સ્થિતિ જોઇએ તો

કોષ્ટક -14

ગુજરાતમાં સાક્ષરતાના તારણો

| વર્ષ | કુલ વસ્તી | પુરુષ | સ્ત્રી |
|---|---|---|---|
| 1951 | 21.82 | 30.32 | 12.87 |
| 1961 | 31.47 | 42.49 | 19.74 |
| 1971 | 36.95 | 47.60 | 25.56 |
| 1981 | 44.92 | 55.95 | 33.20 |
| 1991 | 61.29 | 73.13 | 48.64 |
| 2001 | 69.14 | 79.66 | 57.80 |
| 2011 | 78.31 | 85.23 | 70.73 |

સ્ત્રોત :www.censusindia.gov.in

નોંધ :1971થી 0-5વર્ષ જયારે 1981 થી 0-7 વર્ષને ધ્યાનમાં લીધેલ છે.

ઉપરોકત કોષ્ટક પરથી જાણવા મળે છે કે ગુજરાતમાં સાક્ષરતાનું પ્રમાણ 1961માં 31.47% હતું જે વર્તમાન સમયમાં 78.31% જોવા મળે છે. જયારે સ્ત્રીઓ 19.74 પ્રમાણ ક્રમશઃ 70.73 અર્થાત ગુજરાતમાં સમયની સાથે કુલ સાક્ષરતાદર, પુરુષ સાક્ષરતા અને કુલ સાક્ષરતાદર વધ્યો છે. જો કે સ્ત્રી કરતાં પુરુષ સાક્ષરતા દર સાપેક્ષ રીતે ઊંચો છે.

કોષ્ટક -15

જિલ્લા અનુસાર કુલ અને જાતિવાર શિક્ષણનું પ્રમાણ (વર્ષ : 2001 થી 2011)

| ક્રમ | જિલ્લા | સાક્ષરતા દર | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | કુલ વસ્તી | | પુરુષ | | સ્ત્રી | |
| | | 2001 | 2011 | 2001 | 2011 | 2001 | 2011 |
| ★ | ગુજરાત | 69.14 | 79.31 | 79.66 | 87.23 | 57.80 | 70.73 |
| 1 | કચ્છ | 59.79 | 71.58 | 70.39 | 80.60 | 48.59 | 61.62 |
| 2 | બ.કાંઠા | 50.97 | 66.39 | 66.47 | 79.45 | 34.40 | 52.58 |
| 3 | પાટણ | 60.36 | 73.47 | 73.63 | 84.28 | 46.33 | 62.01 |
| 4 | મહેસાણા | 75.24 | 84.26 | 86.21 | 91.88 | 63.69 | 76.12 |
| 5 | સા.કાંઠા | 66.65 | 76.60 | 80.42 | 87.45 | 52.30 | 65.29 |
| 6 | ગાંધીનગર | 75.93 | 85.78 | 87.35 | 93.59 | 63.65 | 77.37 |
| 7 | અમદાવાદ | 79.62 | 86.65 | 87.40 | 92.44 | 70.98 | 80.29 |
| 8 | સુરેન્દ્રનગર | 61.61 | 73.19 | 74.19 | 83.47 | 48.10 | 62.20 |
| 9 | રાજકોટ | 76.16 | 82.20 | 82.61 | 88.67 | 65.20 | 75.26 |
| 10 | જામનગર | 66.48 | 74.40 | 76.25 | 82.35 | 56.18 | 65.97 |
| 11 | પોરબંદર | 68.62 | 76.63 | 78.36 | 84.56 | 58.42 | 68.32 |
| 12 | જુનાગઢ | 67.78 | 76.88 | 78.74 | 85.80 | 56.43 | 67.59 |
| 13 | અમરેલી | 66.09 | 74.49 | 76.44 | 81.82 | 55.78 | 66.97 |
| 14 | ભાવનગર | 66.20 | 76.84 | 78.02 | 86.15 | 53.73 | 66.92 |
| 15 | આણંદ | 74.51 | 85.79 | 86.09 | 92.23 | 61.94 | 77.76 |
| 16 | ખેડા | 71.90 | 84.31 | 85.97 | 93.40 | 56.80 | 74.67 |
| 17 | પંચમહાલ | 60.92 | 72.32 | 75.91 | 84.07 | 44.94 | 59.95 |
| 18 | દાહોદ | 45.15 | 60.60 | 58.88 | 72.14 | 31.28 | 49.02 |
| 19 | વડોદરા | 70.76 | 81.21 | 80.04 | 87.59 | 60.73 | 74.40 |
| 20 | નર્મદા | 59.86 | 73.29 | 72.44 | 82.60 | 46.61 | 63.62 |
| 21 | ભરૂચ | 74.41 | 83.03 | 82.98 | 88.80 | 65.11 | 76.79 |
| 22 | ડાંગ | 59.65 | 76.80 | 70.68 | 84.98 | 48.51 | 68.75 |
| 23 | નવસારી | 75.83 | 87.78 | 82.77 | 90.06 | 68.61 | 79.30 |
| 24 | વલસાડ | 69.15 | 80.94 | 77.90 | 86.48 | 59.62 | 74.96 |
| 25 | સુરત | 77.62 | 86.65 | 83.83 | 91.05 | 69.87 | 81.02 |
| 26 | તાપી | 57.05 | 69.23 | 66.23 | 76.86 | 47.91 | 61.69 |

સ્રોત : સામાજિક-આર્થિક સમીક્ષા – ગુજરાત રાજ્ય

www.censusindia.gov.in

ઉપરોક્ત કોષ્ટક- 15 પરથી જાણવા મળે છે કે ગુજરાતમાં સ્ત્રીઓના શિક્ષણની જિલ્લાવાર કુલ સાક્ષરતા દર પુરુષ સાક્ષરતા દર અને સ્ત્રી સાક્ષરતા દરમાં મોટા તફાવત રહેલા છે. જો કે સમાન બાબત એ છે કે સ્ત્રીઓના શિક્ષણની સરખામણીમાં પુરુષોના શિક્ષણનું પ્રમાણ વધારે જોવા મળે છે.

15.4.2.10 વયજૂથ બંધારણ :

કોઇ એક દેશમાં કેટલા બાળકો, વડીલો, (વૃધ્ધો) અને યુવાનો આવેલા છે તેનું પ્રમાણ વસ્તીના વયજૂથ દ્વારા જાણી શકાય છે. વયજુથ બંધારણનો અભ્યાસ દેશના વિકાસ માટે મહત્ત્વનો છે. કારણ કે વયજુથ બંધારણનો અભ્યાસ કરવાથી દેશમાં

ઉત્પાદકીય વસ્તી એટલે કે ૧૫ થી ૫૯ વર્ષની અને બિન ઉત્પાદકીય વસ્તી કેટલી છે તે જાણી શકાય છે. જેના આધારે જે તે પ્રદેશ કે દેશનો આર્થિક વિકાસ કેવો હશે તથા ડેમોગ્રાફિક્સ ડિવિડન્ડ મળવાની સંભાવના કેવી છે તેની જાણકારી મળે છે.

કોષ્ટક નં. 17

રાજ્યમાં વયજૂથ સંદર્ભિત સ્થિતિ

| બિન ઉત્પાદકીય વસ્તીનું પ્રમાણ (0-14વર્ષ અને ૫૯થી ઉપરની ઉંમરવાળી વસ્તી) | ઉત્પાદકીય વસ્તીનું પ્રમાણ (15 થી 59 વર્ષની વસ્તી) |
|---|---|
| 36.8% | 63. 2% |

સ્રોત : સામાજિક- આર્થિક સમીક્ષા : 2018-19,

અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

આ સંદર્ભમાં જોઈએ તો ગુજરાતમાં ઉત્પાદકીય વસ્તીનું પ્રમાણ 36.8% અને બિન ઉત્પાદકીય કે કામ કરી શકે તેવી વસ્તીનું પ્રમાણ 63.2 છે.અહીં કહી શકાય કે રાજ્યમાં કામ કરી શકે તેવી ઉત્પાદકીય વસ્તીનું પ્રમાણ વધુ હોવાથી રાજ્યો યોગય આયોજન કરી ડેમોગ્રાફિક ડિવિડન્ડ મેળવી શકે તેમ છે.

15.4.2.11 પ્રજનન દર :

સામાન્ય રીતે દેશમાં વૃધ્ધિને અસર કરતુ અગત્યનું અને મહત્ત્વનું પરિબળ પ્રજનન દર છે. પ્રજનન દર એટલે 14 થી 45 વર્ષના વયજુથમાં આવેલી સ્ત્રીઓ ધ્વારા જન્મતા જીવિત બાળકોની સરેરાશ સંખ્યા અન્ય રીતે કહીએ તો કોઇ એક વર્ષ દરમિયાન ગર્ભાધાનને યોગ્ય ઉંમર ધરાવતી એક હજાર પરણિત સ્ત્રીઓ દીઠ જેટલાં બાળકો જન્મ ધારણ કરે છે તે સંખ્યાને પ્રજનન દર કહે છે. અહીં પ્રજનન દર અને જન્મદર બંને એક જેવું જ લાગે છે પરંતુ બંને અલગ અલગ છે.

કોષ્ટક -18

| વર્ષ | ગુજરાતમાં પ્રજનન દર |
|---|---|
| 1961 | - |
| 1971 | 5.6 |
| 1981 | 4.3 |
| 1991 | 3.1 |
| 2001 | 2.9 |
| 2011 | 2.5 |

સ્રોત :સામાજિક- આર્થિક સમીક્ષા : 2018-19,

અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

ઉપરોક્ત કોષ્ટ નં. 18 પરથી જાણવા મળે છે કે ગુજરાત રાજ્યમાં સમયની સાથે પ્રજનનદર ઘટતો જોવા મળે છે. જેનું કારણ સુધરતું જીવન ધોરણ અને શિક્ષણમાં વધારો, કુટુંબ નિયોજન સંદર્ભે જાગૃત્તિ, સ્ત્રીઓની આર્થિક પ્રવૃત્તિઓમાં વધતી ભાગીદારી વગેરે છે.

પ્રજનનદરને લોકોની આર્થિક સ્થિતિ, શિક્ષણનું પ્રમાણ કુટુંબ વ્યવસ્થા સંદર્ભિત સ્થિતિ,શહેરીકરણનું પ્રમાણ, સ્ત્રીઓની આર્થિક પ્રવૃત્તિઓમાં ભાગીદારી, આરોગ્ય સગવડો સંદર્ભિત સ્થિતિ તથા સામાજિક ધાર્મિક માન્યતાઓ અસર કરે છે. સામાન્ય રીતે ગ્રામીણ વિસ્તારો, નિરક્ષરતાનું ઊંચુ પ્રમાણ, સંયુક્ત કુટુંબ વ્યવસ્થા, સ્ત્રી શિક્ષણનું નીચું પ્રમાણ, આરોગ્યની અલ્પ સગવડો, સામાજિક-ધાર્મિક માન્યતાઓમાં દઢ શ્રધ્ધા વગેરે ઊંચા પ્રજનન દર માટે જવાબદાર છે. જયારે આથી વિપરીત સ્થિતિમાં પ્રજનન દર નીચો જાય છે.

15.4.2.12 આયુષ્ય દર :

નાના બાળકોના જન્મ સમયે તે બાળક કેટલા વર્ષનું આયુષ્ય ભોગવી શકશે તેની જે અપેક્ષા કરવામાં આવે છે તેને અપેક્ષિત સરેરાશ આયુષ્ય દર કહેવામાં આવે છે. ભારત અને ગુજરાતમાં ઉત્તરોત્તર અપેક્ષિત આયુષ્યનો દર વધતો ગયો છે. આયુષ્યના દરનો આધાર મરણ દર પર રહેલો છે. જેમ મૃત્યુદરનું પ્રમાણ ઓછું તેમ અપેક્ષિત આયુષ્યનું પ્રમાણ વધારે. આ સંદર્ભમાં ગુજરાતની સ્થિતિ તપાસીએ તો જણાય છે કે વર્તમાનમાં (2012-16) રાજ્ય સરેરાશ આયુષ્ય કે ઉંમર 69.5 છે. જેમાં પુરુષનું 67.4 વર્ષ અને સ્ત્રીનું 71.8 વર્ષ છે. અર્થાત ગુજરાત સરેરાશ આયુષ્યના સંદર્ભમાં ભારત કરતા ઊંચુ સ્થાન ધરાવે છે.

અહીં ગુજરાતમાં સરેરાશ અપેક્ષિત આયુષ્યનું પ્રમાણ ધીમે-ધીમે વધતું જાય છે. તેનું મુખ્ય કારણ દેશ અને રાજ્યમાં જીવન ધોરણમાં સુધારો, તબીબી સેવાઓનું વિસ્તરણ આરોગ્ય સંબંધિત જાગૃત્તિ, તબીબી ક્ષેત્રે થયેલા સંશોધનો વગેરે ને લીધે મૃત્યુદરમાં થયેલો ઘટાડો છે.

15.4.2.13 ગુજરાત સરકારના નીતિ વિષયક આદર્શ સૂત્રો

| દશક | સુત્રો |
|---|---|
| 1961-70 | બે પછી હમણાં નહિ, ત્રણ પછી કદી નહિ |
| 1971-80 | અમે બે, અમારા બે |
| 1981-90 | અમે બે, અમારા એક અથવા બે |
| 1991-2000 | અમે બે, અમારું એક |
| 2001-2010 | ખુબ ભણો, ખુબ કમાઓ, મોડા લગ્ન કરો, સ્વસ્થ રહો, નાનું કુટુંબ રાખો અને સુખી થાઓ. |

## 15.5 સારાંશ :

ટૂંકમાં ગુજરાતની વસ્તી વિષયક સ્થિતિ જોઇએ તો રાજ્યની વસ્તી વર્ષ 2011ના વસ્તી ગણતરી અહેવાલ મુજબ 6.04કરોડ છે. તથા વસ્તી ગીચતા પ્રતિ ચો.કિમી. 308 છે. આ જ પ્રમાણે દાયકાનો વસ્તીવૃધ્ધિદર દર 19.3% છે. તથા શહેરીકરણનું પ્રમાણ 42.6% છે. વિશેષમાં વર્ષ 2001ની સરખામણીમાં કુલ સાક્ષરતા દર વધીને 78.31%, પુરુષ સાક્ષરતા દર 85.23 અને સ્ત્રી સાક્ષરતાદર 70.73 થયો છે. જયારે દર એક હજાર પુરુષે સ્ત્રીનું પ્રમાણ 918 છે. રાજયમાં જન્મદર 19.9 મૃત્યુદર 6.2 અને બાળ મૃત્યુદર 30 છે. જયારે પ્રજનન દર 2.2 તથા સરેરાશ આયુષ્ય 69.5 વર્ષ છે. આજ પ્રમાણે ઉત્પાદકીય વસ્તી 63.2% અને બિનઉત્પાદકીય વસ્તી 36.8% છે.

## 15.6 ચાવીરૂપશબ્દો :

- વસ્તી : વસ્તી એટલે કોઇ એક ચોક્કસ વિસ્તારમાં ચોક્કસ સમયે રહેતા લોકોનું પ્રમાણ
- જન્મદર : હર એક હજારની વસ્તીએ વર્ષ દરમિયાન જન્મતા જીવીત બાળકોનું પ્રમાણ એટલે જન્મદર
- મૃત્યુદર : દર એક હજારની વસ્તીએ વર્ષ દરમિયાન મૃત્યું પામતા લોકોની સંખ્યા એટલે મૃત્યુદર
- બાળમૃત્યુદર : દર એક હજાર જન્મલેતા જીવિત બાળકો પૈકી એક વર્ષની ઉંમર પૂરી કરે તે પહેલા મૃત્યુ પામતા બાળકોની સંખ્યા
- વસ્તીગીચતા : કોઇ દેશ કે પ્રદેશના પ્રતિ ચોરસ કિલોમીટરે રહેતી વસ્તીના સરેરાશ પ્રમાણને વસ્તી ગીચતા કહે છે.
- જાતિ પ્રમાણ (પ્રતિ હજાર પુરુષે સ્ત્રીનું પ્રમાણ/લિંગ અનુપાત : પ્રતિ હજાર પુરુષોએ સ્ત્રીઓની સંખ્યા એટલે જાતિ પ્રમાણ
- સાક્ષરતા દર : વસ્તીના ચોક્કસ વયજૂથમાં કોઇ એક ભાષા લખી શકે અને વાંચી શકે તેવા લોકોનું પ્રમાણ એટલે સાક્ષરતા દર
- વય જૂથ બંધારણ : કોઇ દેશ કે પ્રદેશની વસ્તીનું વય અનુસાર જુદા જુદા ભાગોમાં વિભાગીકરણ (વહેંચણી) એટલે વય જૂથ બંધારણ (દા.ત : 0-14નું વસ્તીજૂથ, 15 થી 59નું વસ્તીજૂથ અને 60 થી ઉપરનું વસ્તીજૂથ)
- ઉત્પાદકીય વસ્તી : દેશ કે પ્રદેશની કામ કરી શકે તેવી વસ્તીને ઉત્પાદકીય વસ્તી કહે છે. આમ સામાન્ય રીતે ૧૫ થી ૫૯ વર્ષની વસ્તીનો સમાવેશ થાય છે.
- બિનઉત્પાદકીય વસ્તી : દેશની વસ્તીનો જે ભાગ ચીજવસ્તુ કે સેવાનો વપરાશ તો કરે છે પણ કોઇ ઉત્પાદન કાર્યમાં જોડાયેલો નથી તેને બિન ઉત્પાદકીય વસ્તી કહે છે. દા.ત. 0 થી 14 અને 60 થી વધુ ઉંમરની વ્યક્તિઓ આમાં બાળકો, વૃદ્ધો અશક્તો વગેરેનો સમાવેશ થાય છે.
- પ્રજનન દર : જે તે પ્રદેશની સ્ત્રીઓ દ્વારા તેના પ્રજોત્પતિકાળ દરમિયાન સરેરાશ જન્મતા બાળકોનું પ્રમાણ એટલે પ્રજનન દર
- સરેરાશ આયુષ્ય/અપેક્ષિત આયુષ્ય : કોઇ દેશ કે પ્રદેશના લોકો સરેરાશ કેટલું જીવી શકશે તેનુ અનુમાન એટલે સરેરાશ આયુષ્ય
- વસ્તી વૃદ્ધિદર : 1. દસ વર્ષના સમયગાળામાં વસ્તીમાં થયેલ ટકાવારી ફેરફારનો દર એટલે દશકીય વસ્તીવૃદ્ધિદર 2. વર્ષના સમયગાળામાં વસ્તીમાં થયેલ/થનાર ટકાવારી ફેરફારનો દર એટલે વાર્ષિક વસ્તી વૃદ્ધિદર

## 15.7 તમારી પ્રગતિ ચકાસો :

(ક) નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

1. ઊંચા જન્મદર માટેના કારણો જણાવો.
2. નીચા મૃત્યુદર માટેના કારણો આપો.
3. ચહેરીકરણ થવાના કારણો લખો.
4. વસ્તીવધારાની અસરો જણાવો.
5. ગુજરાતની વસ્તીની રૂપરેખા ટૂંકમાં સમજાવો.

6. વસ્તી, જન્મદર, મૃત્યુદર, બાળમૃત્યુદર, શહેરીકરણની વ્યાખ્યા જણાવો.

(ખ) નીચેની ખાલી જગ્યાઓના જવાબ આપો.

1. ગુજરાત રાજ્યમાં વસ્તીની ગીચતા દર ચો.કિ.મી. એ --------------- છે.
   (320, 308, 290)
2. ગુજરાત રાજ્યમાં શહેરીકરણનું પ્રમાણ ------------% છે.
   (42,29,27)
3. ગુજરાતમાં સાક્ષરતા દર ---------------ટકા છે.
   (70,78,85)
4. ગુજરાતમાં વર્ષ 2011ની વસ્તીગણતરી મુજબ વસ્તીનો દશકીય વૃદ્ધિદર ---------------% છે.
   (19.3, 29.4, 7.8)
5. ગુજરાતમાં કુલ વસ્તી --------------રહી છે અને વસ્તીવૃદ્ધિદર ------------- રહ્યો છે.
   (વધી, ઘટી, વધી, ઘટી, સ્થિર)
6. ગુજરાતમાં જન્મદર -------------રહ્યો છે.
   (વધી, ઘટી, સ્થિર)

## 15.8 સંદર્ભ સૂચિ :

1. ભટ્ટ બી.કે. (2014) "વસ્તી શાસ્ત્ર" પોપ્યુલર પ્રકાશન
2. જોશી આર.સી. (2018) ભારતીય અર્થતંત્રની સમસ્યાઓ પોપ્યુલર પ્રકાશન
3. સામાજિક-આર્થિક સમીક્ષા (2016) ગુજરાત સરકાર
4. સામાજિક-આર્થિક સમીક્ષા (2017) ગુજરાત સરકાર
5. સામાજિક-આર્થિક સમીક્ષા (2018) ગુજરાત સરકાર
6. સામાજિક-આર્થિક સમીક્ષા (2019) ગુજરાત સરકાર
7. www. censuindia.gov.in
8. Census of India : Provisional Population Totals Paper-1 (India/States/UTs)
9. http: www.censuindia.gov.in/-2011 prov-results/paper-2 prov results paper2_guj.html
10. http://www.censuindia.gov.in/-2011prov-results/prov-results/prov-data-products-gujarat.html
11. https://gujaratindia.gov.in/state-profile-dempgraphy.htm
12. http://censuindia.gov.in

★ **ખાલી જગ્યાના જવાબ**

(1) 308 (2) 42 (3)78 (4) 19.3 (5)વધી, ઘટી (6)ઘટી

એકમ 16

# શહેરીકરણ અને આર્થિક વિકાસ

## રૂપરેખા

16.0 ઉદ્દેશો
16.1 પ્રસ્તાવના
16.2 શહેરની વ્યાખ્યા
16.3 શહેરીકરણ
16.3.1 શહેરીકરણનો અર્થ
16.3.2 શહેરીકરણનાં કારણો
16.3.3 શહેરીકરણની અસરો
16.4 શહેરો, શહેરીકરણ અને આર્થિક વિકાસ
16.5 સારાંશ
16.6 ચાવીરૂપ શબ્દો
16.7 તમારી પ્રગતિ ચકાસો
16.8 સંદર્ભ વાચન
16.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

## 16.0 ઉદ્દેશો :

આ એકમનો અભ્યાસ કર્યા પછી, તમે

- શહેરની વ્યાખ્યા કરી શકશો.
- શહેરીકરણનો અર્થ સમજાવી શકશો તથા શહેરીકરણનાં કારણો નોંધી શકશો.
- શહેરીકરણની અસરોનું વિશ્લેષણ કરી શકશો.
- ગુજરાતનાં શહેરોનો પ્રાથમિક પરિચય મેળવી શકશો.
- આર્થિક વિકાસ અને શહેરો, શહેરીકરણ અને આર્થિક વિકાસ વચ્ચેનો સંબંધ જાણી શકશો.

## 16.1 પ્રસ્તાવના :

વિદ્યાર્થીમિત્રો, એવું કહેવાય છે કે ભારત ગામડાંઓનો બનેલો દેશ છે. એટલે કે ભારતમાં શહેરો કરતાં ગામડાંઓની સંખ્યા અને તેમાં રહેતી વસ્તીનું પ્રમાણ વધારે છે. જોકે શહેર કોને કહેવાય અને ગામડું કોને કહેવાય ? વળી શહેરીકરણ અને ગ્રામયજીવનમાં શું તફાવત છે ? હવે આધુનિક સમયમાં આપણે એવું પણ સાંભળીએ છીએ કે શહેરીકરણ વધતું જાય છે. તો આ શહેરીકરણ એટલે શું ?

શહેરીકરણ અને આર્થિક વિકાસ વચ્ચે સંબંધ છે. આર્થિક વિકાસની પ્રક્રિયામાં શહેરો ઘણો જ મહત્ત્વનો ભાગ ભજવે છે. તેવી જ રીતે આર્થિક વિકાસ પણ શહેરોનાં નિર્માણનું કારણ બને છે. શહેરો અને શહેરીકરણના આર્થિક વિકાસને પ્રોત્સાહન પણ મળે છે. તો બીજી બાજુ શહેરીકણની કેટલીક સમસ્યાઓ નુકસાન પણ કરે છે. જો આપણે આ અસરો જાણી શકીએ તો શહેરીકરણથી થતા લાભોનું પ્રમાણ વધારી શકીએ અને નુકસાન ઘટાડી શકીએ. આ એકમમાં આપણે શહેરીકરણ અને શહેરના ખ્યાલનો પરિચય મેળવીશું.

## 16.2 શહેર એટલે શું ? શહેરની વ્યાખ્યા :

વિદ્યાર્થીમિત્રો, તમે શહેરો અને ગામડાંઓ જોયાં હશે. બંનેમાં શું તફાવત નજરે ચડે છે ? કોને ગ્રામવિસ્તાર કહેવાય અને કોને શહેરી વિસ્તાર કહેવાય ? જ્યાં વસ્તી વધારે હોય, પરિવહનની સુવિધા હોય, શાળા, કૉલેજો અને હૉસ્પિટલો વગેરે હોય. એ વિસ્તારને સામાન્ય રીતે શહેર કહેવામાં આવે છે. પણ તમે જોયું હશે કે આધુનિક સમયમાં ઘણાં નાના ગામડાંઓ પણ આ બધી સુવિધાઓ ધરાવતા હોય છે. તો પછી શહેરી વિસ્તાર કોને કહેવાય ? આમ જોઇઓ તો શહેરની જુદી-જુદી વ્યાખ્યાઓ જુદા-જુદા દેશે અપનાવી છે. જેમ કે ઑસ્ટ્રેલિયામાં 1000 કે તેથી વધારે વસ્તી હોય અને દર ચો.કિ.મી 200 લોકો રહેતાં હોય તે વિસ્તારને શહેરી વિસ્તાર કહેવાય છે. કેનેડામાં 1000ની વસ્તી અને દર ચો. કિ.મી પર 400ની વસ્તીઘનતા ધરાવતા વિસ્તારને શહેર તરીકે ઓળખાય છે.

તો ભારતમાં વર્ષ 2011ની વસ્તી ગણતરી સમયે અપનાવામાં આવેલ વ્યાખ્યા પ્રમાણે 5000 કે તેથી વધુ વસ્તી ધરાવતા વિસ્તારને શહેરી વિસ્તાર તરીકે ઓળખવામાં આવે છે. સંયુકત રાષ્ટ્રો ( United Nations )નો આર્થિક અને સામાજિક વિભાગ ( Department of Environment અને Social Attars ) પણ ખૂલે છે કે વૈશ્વિક સ્તરે સર્વમાન્ય એવી વ્યાખ્યા શહેરોની કરવી શકય નથી. જોકે આર્થિક વિકાસનો તબકકો જાણવા તથા વિવિધ રાષ્ટ્રોના તુલનાત્મક અભ્યાસ માટે શહેરોનો ખ્યાલ સ્પષ્ટ હોવો જરૂરી છે. તેથી કોઇપણ વિસ્તારને શહેર તરીકે ઓળખવા માટે નીચે દર્શાવ્યા અનુસારના મુદાઓ ધ્યાનમાં લેવાય છે.

(1) કુલ વસ્તીનું પ્રમાણ

(2) પ્રતિ ચોરસ કિલોમીટરે વસ્તી ઘનતા

(3) પુરુષ વસ્તીના મુખ્ય વ્યવસાયનો પ્રકાર

ઉપર્યુક્ત વિગતે ભારતમાં 2011ની જનગણના સમયે અપનાવવામાં આવેલી વ્યાખ્યા પ્રમાણે -

(1) જે વિસ્તારમાં 5000 કે તેથી વધુ લોકો વસવાટ કરતા હોય,

(2) પ્રતિચોરસ કિલોમીટરે 400ની વસ્તીઘનતા હોય

(3) પુરુષ વસ્તીના 75 % કરતાં વધારેનો મુખ્ય વ્યવસાયનો હોય.

**બિનખેતી ક્ષેત્ર :**

આમ, ઉપર્યુક્ત ત્રણ માપદંડો જોતાં જે વિસ્તારનાં લોકો મોટા ભાગે પ્રાથમિક કે કૃષિ વ્યવસાય સાથે જોડાયેલા હોય તે વિસ્તારને શહેર તરીકેનો દરજજો મળતો નથી. વિશ્વમાં અને ખાસ કરીને ભારતમાં વસ્તીવધારો જોતાં ભારતનાં શહેરોમાં વસ્તી અમુક હજારની નહિ પણ લાખોની હોય છે. ભારતનાં મુખ્ય શહેરોમાં મુંબઇ, દિલ્હી, કલકત્તા

વગેરે છે. ગુજરાતમાં અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ વગેરે સૌથી વધારે વસ્તી ધરાવતાં શહેરો છે. આ શહેરો આર્થિક અને સામાજિક પ્રવૃત્તિઓનું કેન્દ્ર બનતાં હોય છે. શહેરોમાંથી જ આર્થિક અને સામાજિક પરિવર્તનોની શરૂઆત થાય છે. આમ, શહેરો અને શહેરીકરણનો અભ્યાસ અર્થતંત્ર અને સમાજ માટે ઘણો જ ઉપયોગી છે.

## 16.3 શહેરીકરણ ( Urbanisation) :

શહેરોનો ખ્યાલ સમજયા પછી હવે આપણે શહેરીકરણ વિશે સમજીએ

### 16.3.1 શહેરીકરણનો ખ્યાલ અને વ્યાખ્યા : (Concept and Defination of Urbanisation) :

શહેરીકરણ એક પ્રક્રિયા છે. જેમાં શહેરી સુવિધાઓ લાભ લેવા માટે લોકો ગ્રામવિસ્તારમાંથી શહેરો તરફ કાયમી વસવાટ માટે સ્થળાંતર કરે છે. અન્ય એક અર્થ પ્રમાણે કોઈ વિસ્તારને શહેરી સુવિધામાંથી સજજ કરવો તેને પણ શહેરીકરણ કહેવામાં આવે છે. આમ, શહેર અને શહેરીકરણ સાથે વસ્તીનું ઘણું હોવું એ પૂરતું નથી, પરંતુ શહેરી સુવિધાઓનું હોવું મહત્ત્વનું છે. લોકો શહેરી સુવિધાઓનો લાભ લેવા માટે આવતાં હોવાથી વસ્તી ગીચ બને છે. ટૂંકા ગાળા માટે કોઈ એક જગ્યાએ એકઠા થતાં લોકોથી શહેરીકરણ થતું નથી. જેમ કે રહેણાંકની વસ્તીથી દૂર આવેલ કોઈ શાળા તેના શાળાના સમય દરમિયાન ઘણી વસ્તી ધરાવતી હોય છે. પરંતુ શાળા સમય પૂરો થયા પછી કે રજાઓમાં તે વિસ્તાર ખાલી હોય છે. તેવી જ રીતે કોઈ ઔદ્યોગિક એકમમાં કામ કરવા માટે આવતા શ્રમિકો કે કોઈ સામાજિક,ધાર્મિક પ્રસંગે એકઠાં થતાં લોકો ટૂંકા ગાળા માટે એકઠાં થતાં હોય છે. તેથી તે વિસ્તાર શહેરી ન પણ હોય તેવું બને. આમ, શહેરીકરણ માટે નીચેના મુદાઓ જરૂરી બને છે.

A. મોટી સંખ્યામાં લોકોનું શહેરો તરફ કાયમી વસવાટ માટે સ્થળાંતરિત થવું.

B. જે તે ભૌગોલિક વિસ્તારનું વીજળી, પાણી, પરિવહન, શિક્ષણ, આરોગ્ય જેવી માળખાકીય સુવિધાઓથી સજજ હોવું. આધુનિક સમયમાં Smart Village ના ખ્યાલને અપનાવાતો હોવાથી વસ્તીગીચતા અને માળખાકીય સુવિધાઓનો શહેરીકરણનો ખ્યાલ બદલાઈ શકે છે.

એક સાથે વસ્તી એકઠી થતી હોવાથી વિચારો અને પ્રવૃત્તિઓની આંતરક્રિયા આસાન રહે છે. નાના વિસ્તારમાં ઘણાં લોકોને આ સુવિધાઓ ઉપલબ્ધ કરાવી શકાતી હોવાથી નાગરિક સુવિધાઓ ઊભી કરવા પાછળનો સરેરાશ ખર્ચ ઓછો આવે છે. કેટલીક વખત આ પ્રકારની પ્રસાર અસરો ધરાવતી સુવિધાઓ પ્રથમથી જ ઉપલબ્ધ હોવાથી તેની આસપાસ વસવાટ કરવાનું વલણ વધે છે અને વસ્તી ગીચ થતાં શહેરો અસ્તિત્વમાં આવે છે.

### 16.3.2 શહેરીકરણનાં કારણો/પરિબળો ( Causes/Factors responsible for Urbanisation ) :

a) માળખાકીય સુવિધાઓની પ્રાપ્તિ : શહેરોમાં નાગરિકોને જીવવા માટે જરૂરી એવી સુવિધાઓ જેવી કે વીજળી, પીવાનું ચોખ્ખું પાણી, પરિવહનના સાધનો, શિક્ષણ અને આરોગ્ય સુવિધાઓ વગેરેનો વિકાસ થયેલો હોય છે. પરિણામે આવા વિસ્તારોમાં વસવાટ કરવાનું લોકો વધારે પસંદ કરે છે. ગ્રામવિસ્તારોમાંથી લોકો આ પ્રકારની સુવિધાઓ મેળવવા માટે કાયમી ધારણે વસવાટ કરવાનું પસંદ કરે છે.

b) સરકાર દ્વારા અપાતી સાર્વજનિક સુવિધાઓમાં વધારો : લોકશાહી એટલે કે લોકોનાં જ પ્રતિનિત્વની સરકાર હોવાથી પ્રજાની સુખાકારી અને સગવડયુક્ત જીવન આપવા માટે સરકાર તત્પર હોય છે. ઓછી કિંમતે સરકાર દ્વારા પૂરી પાડવામાં આવતી સુવિધાઓમાં પીવાનું પાણી, પરિવહન, પાકી સડકો, મફત શિક્ષણ અને આરોગ્ય સુવિધાઓ, બાગબગીચા વગેરેનો લાભ લેવા માટે લોકો ગામડાંમાંથી શહેરો તરફ કાયમી સ્થળાંતર કરે છે અને શહેરીકરણ થાય છે.

c) ટૅક્નૉલૉજીકલ પ્રગતિ અને કૃષિક્ષેત્રે ઓછા શ્રમિકોની જરૂર : યંત્રોના ઉપયોગથી કૃષિશ્રમિકો ફાજલ થયા. ફાજલ શ્રમિકો રોજગારની શોધમાં શહેરો તરફ જવા લાગ્યા. આમ, શહેરીકરણની પ્રક્રિયામાં ટૅક્નૉલૉજીક પ્રગતિએ મહત્ત્વનો ફાળો આપ્યો.

d) ઔદ્યોગિક ક્રાંતિ : ઔદ્યોગિક ક્રાંતિને કારણે મોટા પાયા પર ઉત્પાદન થવા લાગ્યું, ઉદ્યોગોનું પ્રમાણ વધવાથી શ્રમિકોની માંગ વધી, જે ખેતીક્ષેત્રમાંથી ફાજલ થયેલા શ્રમિકોએ પૂરી કરી. ઔદ્યોગિક એકમો સ્થાપવા શ્રમિકોના ગામડાંનાં નિવાસથી દૂર થવા લાગી. પરિણામે દરરોજનું આવાગમન મુશ્કેલ બનતાં ઔદ્યોગિક વસાહતોની સ્થાપના થઈ, જે શહેરીકરણ તરફ લઈ જાય છે.

e) વસ્તીવધારો : વસ્તીવધારાને કારણે પણ શહેરીકરણનું પ્રમાણ વધ્યું છે. વસ્તીવધારાને કારણે શહેરોની હદ વિસ્તારવાની જરૂર પડે છે. તેથી આગળ જતાં નજીકનાં ગામડાંઓ શહેરમાં ભળી ગયા તથા નવા શહેરી વિસ્તાર તરીકે વિકસવા લાગ્યા.

f) ઐતિહાસિક અને વહીવટી કારણો : ઔતિહાસિક દૃષ્ટિએ જોઈએ તો રાજાશાહી સમયે તથા બ્રિટિશ શાસન દરમિયાન વ્યાપારના કેન્દ્ર તરીકે પરિવહન સુવિધા ધરાવતા દરિયાઈ વિસ્તારોની આસપાસ આર્થિક પ્રવૃત્તિઓ વધી અને શહેરોનું નિર્માણ થયું. આધુનિક સમયમાં પણ આ જ કારણો ઉપરાંત વહીવટી સંચાલનનાં કેન્દ્ર તરીકે નગરોનો વિકાસ થયો. તાલુકા/જિલ્લા મથકોએ વહીવટી કર્મચારીઓ તથા અધિકારીઓના કાયમી વસવાટથી શહેરી વિસ્તારમાં વધારો થયો. બીજા શબ્દોમાં કહીએ તો શહેરીકરણ થયું.

g) લોકોની સારું જીવન જીવવાની ઈચ્છાઓમાં વધારો : શિક્ષણમાં વધારો, અન્ય પ્રદેશનાં લોકો સાથેનો સંપર્ક, આવકમાં વધારો, સુવિધાયુક્ત જીવનની ઈચ્છાને કારણે શહેરી માળખાકીય સુવિધાઓ વિશે લોકોમાં જાગૃતિ આવી. આ માંગ પ્રમાણે કલ્યાણલક્ષી લોકશાહી સરકારે સુવિધાઓ ઉપલબ્ધ કરાવતાં શહેરીકરણ થયું.

### 16.3.3 શહેરીકરણની અસરો :

2011ની વસ્તીગણતરી પ્રમાણે ગુજરાતની 42.6 % વસ્તી શહેરી વસ્તી છે. જે ભારતમાં તમિલનાડુ, કેરલ, તથા મહારાષ્ટ્ર પછી ચોથા નંબરનું સૌથી વધુ શહેરી વસ્તી ધરાવતું રાજય બને છે. શહેરો અને શહેરી વિકાસ આર્થિક વિકાસમાં મહત્ત્વનું યોગદાન આપી શકે છે. અહી આપણે શહેરીકરણની અસરો કે તેનાથી થતા લાભો ગેરલાભો પર એક નજર કરીએ.

★ **શહેરીકરણના લાભો :**

a) રોજગારીની તકો વધે છે. : શહેરો આર્થિક પ્રવૃત્તિનું કેન્દ્ર બને છે. ઉદ્યોગો તથા સેવા ક્ષેત્રનો વિકાસ શહેરી વિકાસને આભારી છે. ઉદ્યોગોને પણ જરૂર પ્રમાણે શ્રમિકો મળી રહે છે, તો શ્રમિકને માટે પણ રોજગારીની વિપુલ તકો શહેરોમાં હોય છે. આમ, શહેરો અને શહેરીકરણ રોજગારીની તકો આપતું મહત્ત્વનું સ્થાન બને છે.

b) આર્થિક અસમાનતા ઘટે છે. : સામાન્ય રીતે ઉચ્ચ શિક્ષણ, સારી આરોગ્ય સેવાઓ, પરિવહન અને સંચારસેવા, મનોરંજન વગેરે સુવિધાઓ, ઓછી આવકવાળા લોકો માટે મેળવવી મુશ્કેલ બને છે. શહેરોમાં જાહેર પરિવહનના સાધનો, બાગ-બગીચા, થિયેટરો, સરકારી શાળા-કૉલેજો, હૉસ્પિટલો વગેરે હોવાથી લોકો આ બધી સુવિધાઓનો લાભ લઈ શકે છે. આ બધી સુવિધાઓ ઓછા ખર્ચે મળી શકતી હોવાથી લોકોની વાસ્તવિક આવક વધે છે. આમ જુદા જુદા વર્ગોની આવક વચ્ચેનો તફાવત ઓછો થાય છે.

c) સાંસ્કૃતિક વિકાસ : શહેરોમાં જુદા-જુદા પ્રાંતના અનેક લોકોનો વસવાટ હોય છે. પરિણામે લોકો એકબીજાની સંસ્કૃતિથી પરિચિત થાય છે. સાંસ્કૃતિક આદાન-પ્રદાન, અભિવ્યકિત, તહેવારોની ઉજવણી વગેરે સાંસ્કૃતિક વિકાસ માટે આધારરૂપ બને છે, તેનાથી સામાજિક હાર્દનું વાતાવરણ પણ ઊભું થાય છે. સામાજિક કુરિવાજો દૂર થાય છે. સ્ત્રી-પુરુષ, સામાજિક વર્ગભેદ વગેરે બાબતો શહેરીકરણથી પ્રભાવિત થાય છે.

d) સામાજિક દૂષણો દૂર થાય છેઃ આગળના મુદ્દામાં જોયા પ્રમાણે શિક્ષણનો પ્રસાર, સ્ત્રીઓનું વ્યવસાય/કામકાજ અર્થે ઘરથી બહાર આવવું. અન્ય પ્રદેશોની સંસ્કૃતિનો પરિચય વગેરેથી ઘણાં બધાં પરિવર્તનો આવતા હોય છે, જે સામાજિક-આર્થિક વિકાસને પોષક હોય છે. સ્ત્રીશિક્ષણમાં વધારો, વિધવાવિવાહ, સતીપ્રથા અને દહેજપ્રથાને તિલાંજલિ, આંતરજ્ઞાતીય લગ્નો વગેરેથી લોકોની સંકુચિત વિચારધારા દૂર થાય છે.

e) જીવનની ગુણવત્તામાં સુધારો : શહેરીજીવનથી રોજગારપ્રાપ્તિ, ઊર્જા, પાણી જેવી પાયાની સગવડો, શિક્ષણ વગેરે જેવી સુવિધાઓને કારણે લોકોનું સરેરાશ જીવનધોરણ ઊંચુ આવે છે. ખોરાકની ઉપલબ્ધિથી કુપોષણ દૂર કરી શકાય છે. લોકોનું સરેરાશ આયુષ્ય પણ ઊંચુ આવે છે. લોકો રોજગાર મેળવતા હોવાથી ગૌરવપૂર્ણ જીવન જીવી શકે છે. આમ, શહેરીનિર્માણથી વસ્તીના મોટા સમૂહનું જીવનધોરણ એક સાથે સુધારવાની દિશામાં ગતિ કરે છે.

શહેરીકરણની નકારાત્મક અસરો/ગેરલાભો : આગળ ઉપર જોયા અનુસાર શહેરો અને શહેરીકરણ આર્થિક વિકાસનું ઍન્જિન બની શકે છે, પરંતુ સુઆયોજિત નગરવ્યવસ્થાના અભાવે શહેરો લાભને બદલે ગેરલાભો વધારે પ્રસરાવે છે. તેથી ઘણાં લોકો આધુનિક સમયમાં નિવૃત્ત જીવન ગાળવા માટે કે સારાં સ્વાસ્થ્યના હેતુથી ફરીથી ગામડાઓમાં વસવાટ કરવાનું પસંદ કરતાં હોય છે એવું જોવા મળ્યું છે.

શહેરોની નકારાત્મક અસર

f) પ્રદૂષણ : કારખાનાઓ, વાહનવ્યવહાર વગેરે વાયુ પ્રદૂષણ અને આયોજન વગરનાં શહેરોની રચનાથી ગંદા અને ગીચ વસવાટો, ઝૂંપડપટ્ટી વગેરે અસ્તિત્વમાં આવે છે. કચરાના નિકાલની યોગ્ય વ્યવસ્થા ન હોય તો શહેર ગંદકીનો પર્યાય બને છે. ઊભરાતી ગટરોથી લોકોનું આરોગ્ય જોખમાય છે. ઘણી વખત રહેણાંક અને અન્ય વ્યવસાયિક હેતુથી જંગલો કાપીને કે ખેતી અને ગૌચરની જમીન લઈ લેવામાં આવે છે તેનાથી આબોહવામાં પરિવર્તનો આવતા વાવેતર હેઠળના કૃષિ વિસ્તારમાં ઘટાડો જેવાં પરિણામો આવે છે.

g) વસ્તીગીચતા : શહેરોમાં નાના ભૌગોલિક વિસ્તારમાં ઘણાં લોકો વસવાટ કરવા માટે એકઠાં થાય છે. પરિણામે ચેપી, રોગો, સતત ઘોંઘાટને કારણે માનસિક રોગો, સાંભળવાની અને દૃશ્ય શકિતમાં ઘટાડો થાય છે. લોકોના અંગતજીવન પર તેની વિપ રીત અસર જોવા મળે છે.

h) અસામાજિક પ્રવૃત્તિઓમાં વધારો : કોઇ વખત પાત્રતાના અભાવે કે રોજગારીની તકોના અભવે, બેરોજગાર વ્યકિત અસમાજિક પ્રવૃત્તિઓ તરફ વળે છે. ચોરી, લૂંટ,

હત્યા, માર્ગ અકસ્માતો વગેરેનું પ્રમાણ વધે છે. છેલ્લી કેટલીક ઘટનાઓનો અભ્યાસ કરીએ તો આતંકવાદી પ્રવૃત્તિ કરનારાં તત્ત્વો શહેરોની ગીચ વસ્તી પસંદ કરે છે. આમ, શહેરો અસામાજિક પ્રવૃત્તિઓનું પણ કેન્દ્ર બને છે. તેના માટે કાયદો અને વ્યવસ્થા સઘન બનાવવા પડે, જો કે સાચો ઉપાય લોકજાગૃતિ કેળવવાનો છે.

i) અપૂરતી માળખાકીય સુવિધાઓ : ભારત અતિ વિશાળ વસ્તી ધરાવતો દેશ છે. શિક્ષણ અને સાંસ્કૃતિક ભિન્નતા પણ છે. આવી સ્થિતિમાં સરકાર જયારે પાયાની સગવડો પૂરી પાડવામાં કે લોકોના સહકાર મેળવવામાં પાછી પડે તેવા સમયે વ્યવસ્થા ખોરવાય છે. વધતી વસ્તી માટે શિક્ષણ, આરોગ્ય, સુઘડ આવાસો, પરિવહન, જાહેર સફાઇ, કાયદો અને વ્યવસ્થા વગેરે સાધનોના અભાવથી ઝડપથી પૂરાં પાડી શકાતા નથી કે તેનો અભાવ જોવા મળે તો આ માટે નાણાંકીય ભંડોળ, વાસ્તવિક સાધનો, સરકારની ઇચ્છાશકિત વગેરે મુખ્ય ભાગ ભજવે છે.

j) ખેતીલાયક જમીનમાં ઘટાડો : શહેરીકરણને કારણે રહેણાંક, આર્થિક પ્રવૃત્તિઓ, પરિવહન માટે વધુને વધુ જમીનની જરૂર પડે છે. આપણે જાણીએ છીએ કે જમીન સાધનનો પુરવઠો સ્થિર છે, પરિણામે શહેરીકરણથી વધતી જમીનની માંગ પૂરી પાડવા માટે ખેતીલાયક જમીન, ગૌચર, જંગલો વગેરેને શહેરોમાં સમાવી લેવમાં આવે છે. આ પગલાંથી કુદરતી પર્યાવરણનાં ઘટકોને હાનિ પહોંચે છે. ખેતીલાયક જમીન ઓછી થવાથી પણ મુશ્કેલી ઊભી થઇ શકે છે.

k) ટ્રાફિકજામ અને સમયનો બગાડ : શહેરોમાં વાહનોનું પ્રમાણ વધારે હોય છે. ઘરનું અને કમકાજનું સ્થળ દૂર હોવું, સામાજિક મોભાના પ્રતીક તરીકે ખાનગી વાહનોની માલિકીનું પ્રમાણ વધવું તથા સારી જાહેર પરિવહન સેવા આપવામાં સરકારની નિષ્ફળતા જેવાં કારણોથી વાહનોના પ્રમાણમાં અતિશય વધારો થયો છે. સારી સડકોના અભાવે પણ ટ્રાફિકજામ થઇ જાય છે, જેમાં અસંખ્ય માનવકલાકોનો બગાડ થાય છે.

## 16.4 શહેરો, શહેરીકરણ અને આર્થિક વિકાસ :

શહેરો, શહેરીકરણ અને આર્થિક વિકાસ વચ્ચેનો સંબંધ જૂનો છે. આર્થિક વિકાસ થયો છે તેવા વિસ્તારના આધાર માળખાનો લાભ લેવા માટે લોકો કાયમી વસવાટ માટે સ્થળાંતર કરે છે. તે પ્રક્રિયાને શહેરીકરણ કહી શકાય.

ઐતિહાસિક દૃષ્ટિએ જોઇએ તો દરિયાઇ વિસ્તારોની નજીક બંદરોની સુવિધાઓ ધરાવતા વિસ્તારો વ્યાપારનાં કેન્દ્રો તરીકે વિકસ્યા, જેમ કે, ભારતમાં કલકત્તા, મુંબઇ; ગુજરાતમાં કંડલા, મુન્દ્રા, માંડવી વગેરે તેવી જ રીતે નદીકિનારે ખેતી અને પીવાલાયક પાણીની ઉપલબ્ધિને કારણે સાંસ્કૃતિક વિકાસ થયો, જેમાં અમદાવાદ, સુરત વગેરે ઉદાહરણો લઇ શકાય. આગળ જતાં ટૅક્નૉલૉજીકલ વિકાસને કારણે તથા ઔદ્યોગિક ક્રાંતિને કારણે ઔદ્યોગિક એકમની સ્થાપનાની નજીક શહેરી સુવિધાઓ ધરાવતી વસાહતોનો વિકાસ થયો. આમ આર્થિક પ્રવૃત્તિઓ શહેરીકરણનું કારણ બની. આગળ જતાં સામાજિક પરિવર્તનો તેમજ જીવનની ભૌતિક ગુણવત્તા સુધારવાની ક્ષમતા જોતાં શહેરોનો વિકાસ કરવામાં આવ્યો. જોકે શહેરોમાં વસ્તીની ગીચતા વધતાં ગામડાઓમાં જ શહેરો જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાનું પણ આધુનિક વલણ રહ્યું છે. જેથી શહેરીજીવનનાં આકર્ષણ પાછળ ગામડાઓનું અર્થતંત્ર તથા કૃષિક્ષેત્ર ભાંગી ન પડે.

આમ, આર્થિક વિકાસના લાભો લેવા, મોટા પાયા પર ઉત્પાદન તથા આર્થિક વિકાસની કદમાપની અસરોનો લાભ લેવા અને આ રીતે વિકાસની તકો મેળવવા માટે આર્થિક રીતે વિકસિત વિસ્તારોની આજુબાજુ શહેરી વિકાસ થાય છે. પરંતુ શું

શહેરીકરણ આર્થિક વિકાસ પર હકારાત્મક અસરો કરી શકે ? શું શહેરીકરણ વિકાસ માટે પ્રોત્સાહક બની શકે ? આધુનિક સમયમાં એટલે વિકાસ એમ માત્ર આવકમાં વધારો નહિ પણ સતત અને ટકી શકે તેવા વિકાસના ખ્યાલને અપનાવવામાં આવ્યો છે, તે જોતાં શહેરો ટકાઉ વિકાસ માટે તેમની શું ભૂમિકા ભજવી શકે તે જાણવું રસપ્રદ બને.

શહેરીકરણ એક ગર્ભિત સંકેત આપે છે, તે છે લોકોની સારું જીવન જીવવાની ઈચ્છાનો, શહેરીકરણને માંગ અને પુરવઠા - બંને બાજુથી જોઈએ તો શહેરીકરણની માંગ એટલે માળખાગત સુવિધાઓ યુકત સભ્ય જીવન માટેની માંગ. તે જ રીતે પુરવઠા બાજુએ વિચારતાં આ પ્રકારની સુવિધાઓ ઊભી કરવી એ જાહેર વહીવટ અંતર્ગતનો મુદ્દો બને છે. મોટા પાયા પર થતાં માનવસ્થળાંતરને સુઆયોજિત નગરવ્યવસ્થા આપી ન શકાય ઝડપી અને વિવિધ તો પ્રદૂષણ, ટ્રાફિકજામ વગેરે સમસ્યાઓ ઊભી થાય છે. પણ જો આયોજન યોગ્ય રીતે થયું હોય અને તેનો અમલ પણ સુચારુ રીતે થયો હોય તો વિકાસની સંભાવનાઓ જરૂર વધે છે. વળી આ કારણોથી આર્થિક અને સામાજિક વર્ગભેદ પણ ઓછો થાય છે તથા સમાવેશી વિકાસમાં શહેરીકરણની મહત્ત્વની ભૂમિકા રહે છે.

જોકે ઐતિહાસિક દૃષ્ટિએ જોઈએ તો ટૅક્નૉલૉજીનો વિકાસ વર્તમાનમાં ઘણો થયો છે. એટલે માત્ર શહેરોમાં સ્થળાંતર કરવાથી જ ગુણવત્તાયુકત જીવન જીવી શકાય તેવા ખ્યાલમાં પરિવર્તન આવ્યું છે. હવે ટૅક્નૉલૉજી અને માળખાકીય સુવિધાઓ લોકો સુધી ગામડાંમાં પણ પહોંચાડી શકાય છે. આધુનિક 'સ્માર્ટ વિલેજ' એનું ઉત્તમ ઉદાહરણ છે. લોકો પણ ઔદ્યોગિક એકમોની નજીક રહેવાને બદલે શાંત, નાના વિસ્તારોમાં રહેવાનું પસંદ કરે છે. ઝડપી વાહનવ્યવહારના અનેક ઉપલબ્ધ વિકલ્પો તથા સારી સડકો વગેરે આ માટે જવાબદાર છે. આધુનિક સમયમાં વસ્તીના મોટા પાયા પરનાં કાયમી સ્થળાંતરને નહિ પણ ગામડાઓમાં પણ આધુનિક માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની અને ગુણવત્તાયુકત જીવનની તકો મળવાની પ્રક્રિયાને શહેરીકરણ કહી શકાય.

## 16.5 સારાંશ :

- શહેરોની વૈશ્વિક સ્તરે સર્વસામાન્ય એવી કોઈ એક જ વ્યાખ્યા નથી, જુદા-જુદા દેશો જુદી-જુદી વ્યાખ્યા અપનાવે છે.
- ભારતમાં 2011ની વસ્તીગણતરી પ્રમાણે (1) જ્યાં 5000 કે તેથી વધુ લોકો વસવાટ કરતાં હોય (2) કુલ વસ્તીના 75 % પુરુષોનો મુખ્ય વ્યવસાય બિનખેતી ક્ષેત્રનો હોય તથા (3) વસ્તીગીચતા પ્રતિ ચો. કિ.મી 400 કે તેથી વધારેની હોય તેને શહેર કહેવામાં આવે છે.
- જ્યારે ઘણાં લોકો ગામડાંમાંથી શહેરો તરફ કાયમી વસવાટ માટે સ્થળાંતર કરે છે ત્યારે તેને શહેરીકરણ કહેવાય છે.
- સાંસ્કૃતિક આદાનપ્રદાન, આધુનિક માળખાગત સુવિધાઓ, મનોરંજનની સુવિધાઓ તથા મુકત જીવનનાં આકર્ષણથી શહેરીકરણ થાય છે.
- ઔદ્યોગિક ક્રાંતિ, ટૅક્નૉલૉજીકલ પ્રગતિ અને ફાજલ કૃષિશ્રમ દ્વારા શહેરીકરણને ઉત્તેજન મળ્યું છે.
- શહેરોમાં ટકાઉ આર્થિક વિકાસની ક્ષમતા જણાતી હોવાથી સરકાર પણ શહેરીકરણને પ્રોત્સાહન આપે છે.

- દરિયાકિનારે, નદીકિનારે કે ઔદ્યોગિક એકમની નજીક શહેરોનો વિસ્તાર થયો છે.
- ગુજરાતમાં અમદાવાદ, સુરત, વડોદરા જેવા મોટા શહેરો તથા ગાંધીધામ, રાજકોટ, ભૂજ વગેરે જેવા શહેરો છે.
- ગુજરાતના શહેરીકરણની સ્થિતિ ( ગ્રાફ દ્વારા )

## 16.6 ચાવીરૂપ શબ્દો

1) વસ્તીઘનતાઃ ભૌગોલિક વિસ્તારના નક્કી કરેલા એકમમાં વસવાટ કરતાં લોકોના સરેરાશને જે તે વિસ્તારની વસ્તીઘનતા કે વસ્તીગીચતા કહે છે. સામાન્ય રીતે એક ચોરસ કિલોમીટરમાં વસતાં લોકોની સંખ્યાને ધ્યાનમાં લેવામાં આવે છે. કોઇ એક શહેર કે એક દેશમાં દર ચોરસ કિલોમીટરે એકસમાન સંખ્યામાં લોકો વસવાટ કરતાં હોતાં નથી, પરંતુ તેના કુલ વિસ્તારમાં વસતાં બધાં જ લોકોનો સરેરાશ લેવામાં આવે છે.

2) મૅરિટ વસ્તુઓ ( Merit goods) / ગુણવત્તા વસ્તુઓ :

મૅરિટ વસ્તુઓ એવી વસ્તુઓ / સેવાઓ છે, કે જેનો વપરાશ ખરીદક્ષમતા કે ઇચ્છા પ્રમાણે થવાને બદલે જરૂરિયાત પ્રમાણે થવો જોઇએ. કારણકે તેવી વસ્તુ/સેવાઓના ઉપભોગથી સામાજિક સુખાકારી અને કલ્યાણ વધે છે. દા.ત, શિક્ષણ, સ્વાસ્થ્ય સેવાઓ વગેરે, આ પ્રકારની મૅરિટ વસ્તુઓ/ સેવાઓનો ઉપભોગ માત્ર તેના વપરાશકર્તાને જ નહિ પણ અન્યોને પણ લાભ આપે છે. પરિણામે આવી વસ્તુ/ સેવાઓનું ઉત્પાદન માત્ર બજાર પર છોડી દેવામાં આવે તો કદાચ જરૂરિયાત કરતાં એટલે કે થવો જોઇએ તેના કરતાં ઓછો વપરાશ અને ઉત્પાદન થાય તેવું બને. તેથી સરકાર દ્વારા પણ આવી વસ્તુ/ સેવાઓનું ઉત્પાદન કરવામાં આવે છે.

3) સ્માર્ટ વિલેજઃ

સ્માર્ટ વિલેજ એટલે કે સ્માર્ટ ગામડું. આ એવો વિસ્તાર છે કે જ્યાં પોષણક્ષમ ઊર્જાસ્ત્રોત વિકાસ માટેનું મુખ્ય પરિબળ બને છે. તે ઉપરાંત સારું શિક્ષણ, અને સ્વાસ્થ્ય સુવિધાઓ, પીવાનું સ્વચ્છ પાણી, સફાઇ અને પોષણયુક્ત આહારની પ્રાપ્તિ, ઔદ્યોગિક ઉત્પાદન એકમો, વધતી આવક, ખાદ્ય સુરક્ષા અને લોકોની ભાગીદારીમુક્ત વિકાસ પ્રક્રિયા જેવી બાબતોનો સમાવેશ થાય છે. ભારતનું સૌપ્રથમ સ્માર્ટ વિલેજ બનવાનું શ્રેય પન્સાજરી (pansari) ગામને જાય છે. આ ગામ ગુજરાતના સાબરકાંઠા જિલ્લાનું છે.

4) પ્રસાર અસરો :

પ્રસાર અસરો કે બાહ્ય અસરો એ અસરો છે કે કોઇ વસ્તુ / સેવાનો ઉપભોગ કરનારને જ નહિ પણ તેની આસપાસનાં લોકો સુધી પણ ફેલાય છે. પ્રસાર અસરો નકારાત્મક અને હકારાત્મક એમ બંને પ્રકારની હોઇ શકે છે. જેમા કે કચરો ગમે ત્યાં ફેંકવો, ધૂમ્રપાન કરવું, ઘોંઘાટ કરવો વગેરેની નકારાત્મક અસરો માત્ર તેના કરનાર સુધી જ સીમિત ન રહેતાં આજુબાજુનાં લોકો સુધી પણ ફેલાય છે. તેવી જ રીતે ઘર, ફળિયાની સફાઇ રાખવી, શિક્ષણ મેળવવું વગેરેની લાભદાયી અસરો પણ માત્ર તે કરનાર પૂરતી જ મર્યાદિત ન રહેતાં તેના લાભો સમાજનાં અન્ય લોકો સુધી પ્રસરે છે.

5) માનવકલાકો :

માનવકલાક એ એક કલાકના ગાળા દરમ્યાન એક સામાન્ય શ્રમિક દ્વારા થઇ

શકતાં કાર્યનું એકમ છે. જેમ કે આઠ વ્યક્તિ એક કલાક કામ કરે તો આઠ માનવકલાકોનું કામ થયું કહેવાય. ૨૪ વ્યક્તિ એક જ કલાક કામ કરે તો ૨૪ માનવકલાકોનું કામ થયું ગણાય.

## 16.7 તમારી પ્રગતિ ચકાસો.

(ક) નીચેના પ્રશ્નોના વિસ્તારથી જવાબ આપો.

(1) શહેરીકરણનો ખ્યાલ સમજાવો અને શહેરીકરણની અસરોનું વર્ણન કરો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

(2) શહેરની વ્યાખ્યા લખો. શહેરીકરણ માટે જવાબદાર પરિબળોનો પરિચય આપો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

(3) શહેરીકરણ એટલે શું ? આર્થિક વિકાસ અને શહેરીકરણ વચ્ચેનો સંબધ સમજાવો તથા આર્થિક વિકાસ માટે શહેરોનું શું મહત્ત્વ છે તેનું વર્ણન કરો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

(ખ) નીચેના મુદ્દાઓ પર ટૂંકનોંધ લખો.

(1) શહેરીકરણની અસરો

..............................................................

..............................................................

..............................................................

..................................................................
..................................................................
..................................................................

(2) શહેરીકરણ અને આર્થિક વિકાસ

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

(3) શહેરીકરણનાં કારણો

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

(ગ) યોગ્ય વિકલ્પ પસંદ કરીને ખાલી જગ્યા પૂરો.

(1) ભારતમાં અપનાવવામાં આવેલી શહેરની વ્યાખ્યા પ્રમાણે પ્રતિ ચો. કિ.મી.____________ની વસ્તીગીચતાનો માપદંડ અપનાવવામાં આવેલો છે. (100,400,5000)

(2) ભારતમાં અપનાવવામાં આવેલી શહેરની વ્યાખ્યા પ્રમાણે ____________ કે તેથી વધુ વસ્તી ધરાવતા વિસ્તારનો શહેરમાં સમાવેશ કરવામાં આવે છે. (1000,5000,400)

(3) શહેરની વસ્તીની દૃષ્ટિએ ગુજરાતનું ભારતમાં ____________ સ્થાન છે. ( પ્રથમ, બીજું, ચોથું)

(4) શહેરોના વિકાસમાં____________ક્રાંતિએ પણ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. (ઔદ્યોગિક, હરિયાળી, શ્વેત)

(5) ગુજરાતમાં શહેરી વસ્તીનું પ્રમાણ____________ % છે. ( 42.6, 100,25 )

(6) ગુજરાતનું સૌથી વધુ વસ્તી ધરાવતું શહેર____________છે. (ગાંધીધામ, અમદાવાદ, ગાંધીનગર)

(ઘ) નીચેના વિધાનો સાચાં છે કે ખોટા તે જણાવો.

(1) શહેરમાં મોટાભાગનાં લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી હોય છે.

(2) 'સંયુક્ત રાષ્ટ્રો' દ્વારા 'શહેર'ની વૈશ્વિક સ્તરે એવી સર્વમાન્ય વ્યાખ્યા આપવામાં આવી છે.

(3) શહેરીકરણ એ લોકોનું ગામડાંથી શહેરો તરફ થતું કાયમી સ્થળાંતર છે.

## 16.8 સંદર્ભ વાંચન


1) વસ્તી ગણતરી 2011 માહિતી

2) World urbanisation Prospects 2018. United Nations Department of Economic and Social affairs વર્લ્ડ અર્બનાઈઝેશન પ્રોસ્પેકટસ, 2018 યુનાઇટેડ નેશન્સ ડિપાર્ટમેન્ટ ઓફ ઈકોનોમિક ઍન્ડ સોશિયલ અફેર્સ

3) સ્પેન્સ માઈકલ કલર્ક ઍન્ડ પેટ્રીસિયા બકલે રૉબર્ટ એમ, અર્બનાઈજેશન ઍન્ડ ગ્રંથ (2001), કમિશન ઑન ગ્રંથ ઍન્ડ ડેવલોપમેન્ટ, ઈન્ટરનેશનલ ઍન્ડ ફોર કન્સ્ટ્રશકશન ઍન્ડ ડેવલોપમેન્ટ

4) http://censusgujarat.gov.in/Downloads/PPT/Paper-2/Paper-2%20Volume-1%20of%202011%20Gujarat.pdf


## 16.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબો.

(ક) જવાબો

(1) જુઓ મુદ્દા નં 16.3.1 તથા 16.3.3

(2) જુઓ મુદ્દા નં 16.2 તથા 16.3.2

(3) જુઓ મુદ્દા નં 16.3.1 તથા 16.3.3

(4) જુઓ મુદ્દા નં 16.3.1 તથા 16.4

(ખ) જવાબો

(1) જુઓ મુદ્દા નં 16.3.3

(2) જુઓ મુદ્દા નં 16.4

(3) જુઓ મુદ્દા નં 16.3.2

(ગ) જવાબો

(1) 400

(2) 5000

(3) ચોથું

(4) ઔદ્યોગિક

(5) 42.6

(6) અમદાવાદ


(ઘ) જવાબો

(1)ખોટું

(2)ખોટું

(3)સાચું

Total Population (in millions) by Residence, Gujarat (1901-2011)




Decadal Growth Rate, Gujarat and Districts (2001-2011)

Total (Persons)

એકમ 17

# ગુજરાતનાં મહત્ત્વના શહેરો અને તેની આર્થિક વિશેષતાઓ

## રૂપરેખા


17.1 ઉદ્દેશો

17.2 પ્રસ્તાવના

17.3 શહેરીકરણનો ખ્યાલ

17.4 ગુજરાતમાં શહેરીકરણ

17.5 ગુજરાતના મહત્ત્વના શહેરો અને તેની આર્થિક વિશેષતાઓ

17.6 સારાંશ

17.7 ચાવીરૂપ શબ્દો

17.8 તમારી પ્રગતિ ચકાસો


## 17.1 ઉદ્દેશો

આ એકમના અભ્યાસ બાદ નીચેની બાબતો સમજી શકશો

1. શહેરનો અર્થ અને શહેરીકરણનો ખ્યાલ
2. ગુજરાતમાં શહેરીકરણ
3. ગુજરાતના મુખ્ય શહેરો અને તેની વસ્તી
4. ગુજરાતના શહેરોની આર્થિક વિશેષતાઓ

## 17.2 પ્રસ્તાવના

સામાન્ય રીતે એવુ માનવામા આવે છે. કે વૃદ્ધિ અને વિકાસ માટે શહેરીકરણ ખૂબ જરૂરી છે પરંતુ શહેરીકરણ વૃદ્ધિ અને વિકાસ માટે આવકારદાયક છે કે નહિ, શહેરીકરણ થવું જોઇએ કે નહિ તેવા પ્રશ્નો ઉભા થાય છે. શહેરીકરણ એટલે ગામડાઓમાંથી લોકો શહેર તરફ સ્થળાંતર કરે છે. તે સ્થળાંતરના કારણે શહેરોની વસ્તી સતત વધતી જાય છે. શહેરીકરણ થવાન ઘણાં કારણો છે. લોકો સારા જીવનધોરણની આશા સાથે ગામડાઓમાંથી શહેરોમાં આવે છે. અહીં એ બાબત ત પણ મહત્ત્વની છે. કે વૃદ્ધિ અને વિકાસના કારણે શહેરીકરણ થાય છે કે પછી શહેરીકરણના કારણે વૃદ્ધિઅને વિકાસ આ કોયડો વર્તમાન સમય સુધી વણ ઉકેલાયેલો રહયો છે. માથાદીઠ આવક અન.શહેરીકરણ વચ્ચે પણ ગાઢ સંબંધ છે. મોટા ભાગના દેશો મધ્યમ આવક વર્ગ (Middle-income-status)માં પહોંચ્યા પહેલા જ 50 ટકા સુધી શહેરીકરણ કરી ચૂકયા હતા, અને બધાજ ઉંચી-આવકવર્ગ (High income status) ના દેશોમાં શહેરીકરણ 70 થી 80 ટકા જેટલું છે. મોટા ભાગના દેશોમાં ઉંચી અને

સતત વૃદ્ધિનું કારણ શહેરી ઉત્પાદન અને સેવાઓ છે. ખેતી ક્ષેત્રની ઉત્પાદકતા વધવાને કરાણે શ્રમ છૂટો પડે છે કે જે શહેરના ઉત્પાદન ક્ષેત્રમાં જોડાય છે. Urbanization andGrowth commission on growth Development ના એક અહેવાલ મુજબ શહેરી વિસ્તારના એક ઉત્પાદકની પરંપરાગત ક્ષેત્રના શ્રમિકની ઉત્પાદકતા કરતાં ત્રણથી પાંચ ગણી વધારે છે.શહેરીકરણના લીધે વૃદ્ધિ વધવાનાં મુખ્ય બે કારણા છે.

(1) શહેરી અને ગ્રામીણ વિસ્તારોની ઉત્પાદકતામાં તફાવત

(2) શહેરોની ઉત્પાદકતામાં થતો ઝડપી બદલાવ

વિકાસની શરૂઆતના દશકોમાં પ્રથમ કારણ જવાબદાર હોય છે. જયારે વધુ વસ્તી ગામડાઓમાં હતી અને શહેરી વિસ્તારમાં સ્થળાંતર શરૂ થયું ત્યારે શહેરી વિસ્તારોની ઉત્પાદકતા વધારે હોવાને કારણે તેમનો વૃદ્ધિમાં ફાળો વધ્યો. જેમ-જેમ શહેરો વધુ ને વધુ મોટા બનતાં ગયા તેમ તેમબીજા કારણને લીધે વૃદ્ધિ થઇ. શહેરોમાં આર્થિક પ્રવૃતિઓનું વધુ ને વધુ વિસ્તરણ અને સંચય (accumulation) કરીને વૃદ્ધિ કરી શકાય છે. પરંતુ તેની સાથે સાથે શહેરીકરણ સાથે સંકળાયેલી સમસ્યાઓ જેવી કે પ્રાદેશિક અસમાનતા, જમીન અને મકાનના વધતા ભાવો વગેરેને પણ ધ્યાનમાં લેવાજોઇએ. જો શહેરીકરણ સાથે સંકળાયેલી સમસ્યાઓનો ઉકેલ ન લાવી શકાય તો તેના લાભ સમાજના બધા વર્ગ સુધી પહોંચી શકતા નથી.

UNના એક સર્વે મુજબ મોટા ભાગના નિર્ણયકર્તાઓ શહેરીકારણને આવકારવાને બદલે તેને અટકાવવાની વાતો કરે છે. તેમના મતે ઝડપથી થતું શહેરીકરણ સમાજમાં વાસ્તવિક અને રાજકિય સમસ્યાઓ જેવી કે ભીડ, અપરાધો, હિંસા તેમ જ રોગચાળો ફેલાવે છે. શહેરીકરણને રોકી શકાય તેમ નથી અને અર્થશાસ્ત્રની દૃષ્ટિએ તે અનિવાર્ય પણ છે. અહીં પ્રશ્ન તેને અટકાવવાનો નહિ પણ તેમાંથીઓછામાં ઓછા ખર્ચે વધુમાં વધુ લાભ કેવી રીતે પ્રાપ્ત કરી શકાય તે છે. આંતરમાળખાકીય એ જાહેર સેવાઓ દ્વારા શહેરીકરણનો વધમાં વધુ લાભ પ્રાપ્ત થઇ શકે છે. Commission on Growth and Development ના અહેવાલ મુજબ વિકાસશીલ દેશોમાં આંતરમાળખાકીય સુવિધાઓ પાછળ 40,000 અબજ ડોલર જેટલા ખર્ચની આવશ્યકતા છે. અહીં સૌથી મોટી સમસ્યા આ નાણાંભંડોળ ઉભું કરવાની છે.

## 17.3 શહેરીકરણનો ખ્યાલ અને તેનાં કારણો

સામાન્ય રીતે શહેરીકરણ એટલે ગ્રામીણ વિસ્તારોની સરખામણીમાં શહેરમાં વસ્તીનું પ્રમાણ વધવું. શહેરીકરણ સમજતાં પહેલા શહેર એટલે શું તે સમજવું જરૂરી છે.ભારતમા શહેરી વિસ્તાર ( Urban Area)માં ત્રણ પ્રકારના વિસ્તારોનો સમાવેશ થાય છે. જે નીચે મુજબ છે.

1. કાયદા મુજબ બનેલાં શહેરો (Statutory Towns) એવા વિસ્તારો કે જયાં મહાનગરપાલિકા, નગરપાલિકા, છાવણી બોર્ડ, અથવા સૂચિત શહેરી વિસ્તાર કમિટિ હોય તે વિસ્તારોને કાયદા મુજબ બનેલા શહેરો કહે છે.
2. વસ્તીના આધારે બનેલાં શહેરો : (Census Towns) જે વિસ્તારો નીચેની શરતો પૂરી કરે છે તેને સેન્સસ ટાઉન કહે છે. (1) ઓછામાં ઓછી 5000ની વસ્તી (2) વસ્તીની ગીચતાએક ચો.કિ.મી દીઠ 400 હોય.(3) ઓછામાં ઓછા 75 ટકા પુરુષ કામદારો બિન-ખેતીક્ષેત્ર સાથે સંકળાયેલા હોય.
3. Out Growth (OG) કોઇ કાર્યક્રમ એકમ જેમ કે ગામડું અથવા ગામનો કોઇ એક

ભાગ કે જે કાયદા મુજબ બનેલાં શહેરી વિસ્તારને સંલગ્ન હોય તેમ જ ત્યાં શહેરી વિસ્તારો જેવી આંતરમાળખાકીય સુવિધાઓ જેવી કે વીજળી, પાકા રસ્તા, ગટર વ્યવસ્થા, શૈક્ષણિક સંસ્થાઓ વગેરે હોય.

## 17.4 ગુજરાતમાં શહેરીકરણ

ગુજરાતનો કુલ ભૌગોલિક વિસ્તાર 1.96 લાખ સ્કવેર કિલોમીટર છે. જયારે તેની કુલ વસ્તી 6.04 કરોડ છે. ગુજરાતમાં શહેરી વસ્તી સતત વધતી જાય છે. પરંતુ ગ્રામીણ વસ્તીનું પ્રમાણ હજુ પણ શહેરી વસ્તી કરતાં વધારે છે. દેશમાં ગુજરાત વસ્તીની દ્રષ્ટિએ 10 માં ક્રમે અને વસ્તીગીચતાની દ્દષ્ટિએ 14માં ક્રમે છે. ગુજરાત કુલ વસ્તીના 4.99 % વસ્તી ધરાવે છે. ગુજરાતમાં ગ્રામીણ અને શહેરી વસ્તીનું પ્રમાણ કોષ્ટક 1 માં દર્શાવ્યું છે.

કોષ્ટક -1 ગુજરાતમાં ગ્રામીણ અને શહેરી વસ્તી

| વર્ષ | ગ્રામીણ (લાખમાં) | શહેરી (લાખમાં) | કુલ (લાખમાં) | ગ્રામીણ વસ્તીનું % પ્રમાણ | શહેરી વસ્તીનું% પ્રમાણ |
|---|---|---|---|---|---|
| 1961 | 153 | 53 | 206 | 74.3 | 25.7 |
| 1971 | 192 | 75 | 267 | 71.9 | 28.1 |
| 1981 | 235 | 106 | 341 | 68.9 | 31.1 |
| 1991 | 271 | 142 | 413 | 65.6 | 34.4 |
| 2001 | 317 | 189 | 506 | 62.6 | 37.4 |
| 2011 | 347 | 257 | 604 | 57.5 | 42.5 |

સ્રોત : સામાજિક –આર્થિક, 2018-19 ગુજરાત રાજય,

1. કોષ્ટક 1 પરથી જાણી શકાય છે કે ગુજરાતમાં 2011ની વસ્તી ગણતરી પ્રમાણે શહેરી વસ્તીનું પ્રમાણ 42.5% છે. આ બાબત દર્શાવે છે કે ગુજરાતમાં હજુ પણ ગ્રામીણ વસ્તીનું પ્રમાણ શહેરી વસ્તી કરતાં વધારે છે.
2. રાજયની કુલ વસ્તીના 50 % જેટલી વસ્તી અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, બનાસકાંઠા, ભાવનગર અને જૂનાગઢ એમ 7 જિલ્લઓમાં છે.
3. ગ્રામીણ અને શહેરી બંને વિસ્તારોમાં વસ્તીનું પ્રમાણ વધ્યુ છે. પરંતુ ગ્રામીણ વસ્તી કરતાં શહેરી વસ્તીનો વૃદ્ધિ દર વધુ રહયો છે. પ્રથમ દાયકા દરમિયાન ગ્રામીણ વસ્તીનો વૃદ્ધિ દર 20.3% હતો જે 2001-11 દરમિયાન ઘટીને માત્ર 8.6% અને જે વૃદ્ધિ દર 41.51% હતો તે 2001-11 માં ઘટીને 35.98% નો રહયો હતો. આમ બંનેના વસ્તી વૃદ્ધિ દર ઘટયા છે. પરંતુ શહેરી વસ્તીનો વૃદ્ધિ દર ગ્રામીણ વસ્તીના વૃદ્ધિ દર કરતાં વધુ રહયો.
4. 1961 માં ગુજરાતમાં શહેરી વસ્તીનું પ્રમાણ 25.7% હતું જયારે ભારતમાં શહેરી વસ્તીનું પ્રમાણ 18% હતું. જયારે 2011માં ગુજરાતમાં શહેરી વસ્તીનું પ્રમાણ 42.5% છે અને ભારતમાં તેનું પ્રમાણ 31.6% છે. આ બાબત સૂચવે છે કે ગુજરાતમાં શહેરી વસ્તીનું પ્રમાણ દેશની સરેરાશ કરતાં વધુ રહ્યું છે.
5. ગુજરાતમાં સૌથી વધુ શહેરી વસ્તી ધરાવતો જિલ્લો અમદાવાદ છે. જયારે સૌથી વધુ ગ્રામીણ વસ્તી જિલ્લો બનાસકાંઠા છે. 2011 ની વસ્તી ગણતરી પ્રમાણે અમદાવાદમાં

શહેરી વસ્તી 60.63 લાખ હતી. ત્યાર બાદ સુરતનો ક્રમ આવે છે. ગુજરાતમાં સૌથી ઓછી શહેરી વસ્તી ધરાવતો જિલ્લો ડાંગ છે. જયાં શહેરી વસ્તીની સંખ્યા લગભગ 24 હજાર જેટલી છે.

6. ગુજરાતમાં 2001-11 દરમિયાન ગુજરાત રાજયમાં શહેરી વસ્તીનો સૌથી વધુ વસ્તી વૃદ્ધિ દર વલસાડમાં 66.7% હતો અને ત્યાર બાદ સુરતનો ક્રમ આવે છે કે જ્યાં શહેરી વસ્તીનો વૃદ્ધિ દર 65.7% હતો. આ સમયગાળા દરમિયાન સૌથી ઓછો વૃદ્ધિ દર પોરબંદરમાં 9.3% હતો.

## 17.5 ગુજરાતનાં મહત્ત્વનાં શહેરો અને તેની આર્થિક વિશેષતાઓ

આર્થિક દષ્ટિએ ગુજરાત રાજય, એ ભારતનું એક વિકસિત રાજય છે. સમગ્ર વિશ્વમાં ગુજરાત ઉત્પાદકતાની બાબતમાં જીરું અને વરિયાળીમાં પ્રથમ ક્રમે, ઇસબગુલ અને ડુંગળીમાં બીજા ક્રમે અને કેળામાં તેરમાં ક્રમે છે. ઉત્પાદનમાં ગુજરાત ડુંગળી અને બટાકામાં પ્રથમક્રમે, ટામેટામાં દસમાં ક્રમે અને રીંગણામાં તેરમાં ક્રમે છે. ભારતમાં મસાલાના પાકોમાં જીરું, વરિયાળી અને લસણના ઉત્પાદનમાં ગુજરાત પ્રથમ ક્રમે છે. દેશના પેટ્રો કેપિટલ રાજય તરીકે ગુજરાત પેટ્રોકેમિકલમાં 30 ટકા, અને કેમિકલ અને ફાર્માસ્યુટીકલ બિઝનેસમાં 50 ટકા જેટલો ફાળો આપે છે. હીરા ઉદ્યોગ પણ ગુજરાતનું એક વિકાસ પામતું ક્ષેત્ર છે. હીરા ઉદ્યોગ ક્ષેત્રે આધાર આપતી નીતિમાં સરકારે હીરા કાપવાની, હીરાના પોલીશીંગની, જવેલરી ડિઝાઇનીંગની પ્રક્રિયાઓને વધુ સુસજજ બનાવવા માટે પહેલ કરી છે. કપાસના ઉત્પાદનમાં ૩૫ ટકા સાથે ગુજરાત અગ્રેસર છે. એવી જ રીતે કપાસની નિકાસમાં 60 ટકાના દરે ગુજરાત આગળ છે. ડિનિમના ઉત્પાદનમાં પણ ગુજરાત વિશ્વમાં ત્રીજા ક્રમે છે. ભારતની 12 ટકા ટેકસટાઇલની નિકાસ ગુજરાતમાંથી થાય છે. આ કારણે જ ગુજરાતને પૂર્વનું માંચેસ્ટર અને ડેનિમ સીટીની નામના મેળવી છે. ગુજરાત રાજયનાં શહેરો અને તેની વસ્તી કોષ્ટક 2 માં દર્શાવી છે.

કોષ્ટક -૨ ગુજરાતનાં મહત્ત્વના શહેરોની વસ્તી ( 2011)

| શહેર | વસ્તી લાખમાં |
|---|---|
| અમદાવાદ | 55.77 |
| સુરત | 47.67 |
| વડોદરા | 16.70 |
| રાજકોટ | 12.86 |
| ભાવનગર | 5.93 |
| જામનગર | 4.79 |
| જૂનાગઢ | 3.19 |
| ગાંધીનગર | 2.06 |

સ્રોત : Census 2011

https:// census2011.co.in/census/state/Gujarat.html

અમદાવાદ એ ગુજરાતનું સૌથી વધુ વસ્તી ધરાવતું શહેર છે. ગુજરાત રાજયની માથાદિઠ આવક એ દેશની સરેરાશ માથાદીઠ આવક કરતાં વધારે છે. ગુજરાત રાજયમાં ઉત્પાદન થતાં મુખ્ય પાકોમાં બાજરી, ઘઉં, જુવાર, મકાઇ, અને કપાસનો સમાવેશ થાય છે. ભારતમાં લગભગ 1,44,500 જેટલી દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ છે કે

જેમાં રોજના 15 મિલિયનથી પણ વધુ દૂધ ઉત્પાદકો દૂધ આપે છે. આ દૂધનું પ્રોસેસિંગ 184 જેટલી શહેરી મંડળીઓ કરે છે. અને ત્યારબાદ તેનું વેચાણ રાજ્ય માર્કેટીંગ ફેડરેશન (State Marketing Federation) કરે છે. ગુજરાતમાં આવેલી મુખ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓની માહિતી કોષ્ટક 3 માં દર્શાવી છે.

### 17.5.1 ગુજરાતનાં મહત્ત્વનાં શહેરો

અમદાવાદને ગુજરાતના હાર્દ તરીકે ગણવામાં આવે છે. સાંસ્કૃતિક, ઓદ્યોગિક દષ્ટિએ અમદાવાદ ગુજરાતનું સૌથી મોટું શહેર છે. અમદાવાદ એ સાંસ્કૃતિક દષ્ટિએ ખૂબ સમૃધ્ધ છે. ઇ.સ 1411 થી અહમદશાહના નગર તરીકે અહમદાબાદની સ્થાપના થઇ જે ગુજરાતની ભાષામાં અમદાવાદ તરીકે પ્રચલિત બન્યું છે. વાસ્તવમાં અમદાવાદ ની સ્થાપના 11મી સદીમાં થઇ હતી. તેમ જણાય છે. તે પહેલા આશાપલ્લવી અથવા આશાપલ્લ્વના નામથી ઓળખાતું હતુ. તે સમયમાં અણહિલવાડના રાજા કર્ણદેવ સોલંકીએ આશાપલ્લ્વના રાજા ભીલ સામે યુધ્ધ જાહેર કર્યુ. અને કર્ણાવતી નામ શહેરની સ્થાપના કરી જે અત્યારે સાબરમતી નદી પાસેનો મણિનગર વિસ્તાર તરીકે ઓળખાય છે. સોલંકીનું રાજ 13 મી સદીમાં પૂર્ણ થયં અને તેનું સંચાલન ધોળકાના વાઘેલા કુળના હાથમાં આવ્યું સન 1411 માં મુસલમાનાના ભારત પરના આક્રમણ દરમિયાન કર્ણાવતી પર દિલ્હીના સુલતાને વિજય મેળવ્યો અને ગુજરાતમાં મુઝાફ્ફરીદ વંશની સ્થાપના કરી. ગુજરાત સલ્તનત બન્યું અને સુલતાન અહમદશાહે પાટનગર તરીકે કર્ણાવતી પાસેની જગ્યા પસંદ કરી તેનું નામ પોતાના નામ પરથી અહમદાબાદ રાખયું. સમય જતાં તે અપભ્રશ થઇએ અમદાવાદ તરીકે ઓળખાવા લાગ્યું. અમદાવાદમાં મહમદ બેગડો, બહાદુરશાહ, હુમાયુ, ત્યાર પછી મુગલરાજ અકબરે અમદાવાદને પાછું પોતાનું રાજય બનાવ્યુ. મુગલકાળ દરમિયાન અમદાવાદ ધમધમતું ઓદ્યોગિકકેન્દ્ર બન્યું, જ્યાંથી કાપડ યુરોપ મોકલાતું 1758 સુધી મુગલોનું મુખ્યાલય રહયું. ત્યારબાદ તેમણે મરાઠા સામે સમર્પણ કર્યુ અને અંતે અંગ્રેજોના શાસનકાળ દરમિયાન બોમ્બે પ્રેસિડેન્સીનો ભાગ બન્યું અને અંતે 1960 ‘મહાગુજરાત ચળવળ’ પછી સ્વતંત્ર બન્યું.

ઉપરોકત શાસનો બાદ તેણે અમદાવાદને કાપડ યુરોપ ઐતિહાસિક, ઔદ્યોગીક, સાંસ્કૃતિક, સમૃધ્ધિ આપી છે. એમાં જો સાંસ્કૃતિક અને વારસાની વાત કરીએ તો તેણે અમદાવાદને યુનેસ્કો દ્વારા વલ્ડ હેરીટેજ સિટીનું બિરુદ અપાવ્યું છે. જેમાં ઘણાં જોવાલાયક સ્થળો છે, જેવાં કે પરિમિતીનો કોટ, 12 દરવાજા, 189 પંચકોણી બુરજો, જામાં મસ્જિદ, સરખેજ રોજા, હઠીસિંહ ના દેરાં, ભદ્રનો કિલ્લો, સ્વામીનારાયણ મંદિર, દાદરી વાવ, સીદી સૈયદની જાળી, ઝુલતા મિનારા, ત્રણ દરવાજા, તેમ જ અંગ્રેજોના સમયના બનેલ કોર્ટ, નગરપાલિકા વગેરે જોવાં મળે છે. અને આધુનિક અમદાવાદનું રીવરફ્રન્ટ, કાંકરીયા લેક અથવા તો કાંકરીયા કાર્નિવલ, માણેક ચોક, ખાણીપીણી માટે ઉત્તમ, લો-ગાર્ડન, એલ.ડી મ્યુઝીયમ અને તેમ જ ઘણુંબધું ઓદ્યોગિક દષ્ટિએ વાત કરીને તો અમદાવાદની અરવિંદ મીલ, બાંધણીનું બજાર, ચણિયાચોળી, માટે ભરાતું ઉત્તમ બજાર લોગાર્ડન જે અમદાવાદ ની ટેકસટાઇલ પ્રગતિ સૂચવે છે. તે પોતાના ટેકસટાઇલ બજાના લીધે ‘‘માન્ચેસ્ટર ઓફ ઇસ્ટ’’ તરીકે વખણાય છે. તે ઉપરાંત રંગ રાસાયણ આભૂષણો ને લગતું બજાર ખૂબ પ્રચલિત છે. આમ અમદાવાદ એ ઓદ્યોગિક દષ્ટિએ સમૃધ્ધ છે જ જે તેના બજારો દર્શાવે છે. અમદાવાદમાં સ્થિત થયેલા બજારોની નામના પણ કઇક ઠેકાણે રહેલી છે. રતનપોળ, રિલીફ, ગાર્ડન, લાલદરવાજા, કુબેરનગરનું સિંધી માર્કેટ અને તે ઉપરાંત 72 લાખની વસ્તી ધરાવતું અમદાવાદ બી.આર.ટી.એસ. એ.એમ.ટી.એસ, બુલેટ ટ્રેન, મેટ્રો જેવી સુવિધા

ધરાવનાર શહેર બનશે તે દેશ અને રાજય માટે ગોરવપૂર્ણ વાત બનશે.

20 લાખ કે તેથી વધુ વસ્તી ધરાવતું વડોદરા ભારત દેશના પશ્ચિમ ભાગમાં વિશ્વામિત્રી નદીના કિનારે વસેલું છે. જેનું મૂળ નામ વટપદ્ર છે. વડોદરાનું નામ સંસ્કૃત ''વટસ્ય ઉંદરે'' પરથી ઉતરી આવ્યું હોવાનું માનવામાં આવે છે જે કાળક્રમે અપભ્રંશ થતા વડોદરા થઇ ગયું છે. અંગ્રેજીમાં તેને બરોડા કહેવામાં આવે છે. ખાસ કરીને તો ગાયકવાડ વંશના સમયમાં થયેલ ઓદ્યોગિક શૈક્ષણિક, સામાજિક વિકાસ ખૂબ પ્રખ્યાત છે. પણ તેની પહેલાનો ઇતિહાસ વર્ણવીએ તો તે કંઇક આ રીતે છે. ઇસ 812માં વટપદ્રના નામે વડોદરા ઓળખાતું હતું જે આંકોટકા (જે હાલનું અકોટા) નામના શહેરની સમીપઆવેલું હતુ. ત્યારબાદ વટપદ્રનું દસમી સદીમાં મહત્ત્વ વધ્યું ઇ.સ 1721માં પિલાજી ગાયકાવાડ મુઘલ સામ્રાજય સામેથી કબજો મેળવી વડોદરાને મરાઠી શાસન હેઠળ લાવ્યા. મરાઠી પેશ્વાએ ગાયકવાડ ને વડોદરા પર હકક કરવાનો વહીવટ આપ્યો. ઇ.સ 1761માં મરાઠા સામ્રાજયના પેશ્વાનો અફઘાનો સામે પાણીપતના યુદ્ધમાં પરાજય પછી વડોદરાનું શાસન ગાયકવાડોના હસ્તક આવ્યું. ઇ.સ 1802માં બ્રિટિશરો સાથે સંધિ પછી વડોદરા બ્રિટિશ સામ્રાજય હેઠળ સ્વતંત્ર ગાયકવાડી શાસન હસ્તક આવ્યું.

વડોદરા ઓદ્યોગિક વિકાસની બાબતમાં પણ ગુજરાતમાં ખૂબ મહત્ત્વનો ફાળો આપે છે. જે વડોદરામાં સ્થિત થયેલી આધુનિક ફેકટરી (એલેમ્બીક ફાર્માશ્યુટિકલ્સ) ની સ્થાપના 1907માં કરવામાં આવી હતી. અને ત્યાર બાદ સારાભાઇ કેમિકલ્સ અને જયોતિ જેવી કંપનીઓ 1940માં આવી હતી. 1962 સુધીમાં અહિયાં 288 ફેકટરીઓ ધમધમતી જેમાં, 27,517 કામદારો કામ કરતા હતા. આ સમયગાળા દરમિયાન મુખ્ય ઓદ્યોગિકજૂથોમાં રસાયણો અને ફાર્માશ્યુટિકલ્સ, સુતરાઉ કાપર અને મશીન ટુલ્સ હતા. 1908માં સયાજીરાવ ત્રીજા દ્વારા સ્થાપિત બેંક ઓફ ઘ બરોડાનો પણ ઓદ્યોગિકવૃદ્ધિમાં મહત્ત્વનો ફાળો હતો. 1962માં ગુજરાત રિફાઇનરી અને ભારતીય ઓઇલ કોર્પોરેશન લિમિટેડના વડોદરા નજીકના કોયલી ગામ ખાતે સ્થાપના સાથે વડોદરામાં ઓદ્યોગિકઅને મશીન ટુલ્સ હતા. 1908માં સયાજીરાવ ત્રીજા દ્વારા સ્થાપિત બેંક ઓફ ઘ બરોડાનો પણ ઓદ્યોગિકવૃદ્ધિમાં મહત્ત્વનો ફાળો હતો. 1962માં ગુજરાત રિફાઇનરી અને ભારતીય ઓઇલ કોર્પોરેશન લિમિટેડના વડોદરા નજીકના કોયલી ગામ ખાતે સ્થાપના સાથે વડોદરામાં ઓદ્યોગિકકેન્દ્રોમાં એક બનાવવામાં ફાળો આપ્યો છે. અંકલેશ્વરમાં તેલ ગેસની શોધએ ગુજરાતના ઓદ્યોગિકવિકાસ માટે મોટોભાગ ભજવ્યો હતો. વડોદરા ઔદ્યોગિકરણ પ્રક્રિયામાં સૌથી મોટું લાભાર્થી રહયું હતુ. ગુજરાત રિફાઇનરીનું પ્રથમ તબકકા ઉત્પાદન 1965માં શરૂ થયુ હતુ. રિફાઇનરના મૂળભૂત ઉદ્યોગ હોવાથી, રિફાઇનરીનું પ્રાદેશિક અને રાષ્ટ્રીય સ્તરે ઘણા મોરચા પર મહત્ત્વપૂર્ણ યોગદાન રહયું હતુ.

વડોદરામાં ગુજરાત સ્ટેટ ફર્ટિલાઇઝર એન્ડ કેમિકલ્સ (જી.એસ.એફ.સી) ઇન્ડિયન પેટ્રોકેમિકલ્સ લિમિટેડ (આઇ.પી.સી.એલ) હવે રિલાયન્સઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ માલિકીની) ગુજરાત આલ્કલીસ એન્ડ કેમિકલ્સ લિમિટેડ (જી.એ.સી.એલ) જેવા વિવિધ મોટા પાયે ઉદ્યોગો ગુજરાત રિફાઇનરીના સાનિધ્યમાં આવેલ છે. જે તેમનાં તમામ બળતણ અને કાચા માલ માટે રિફાઇનરી પર આધાર રાખે છે. અન્ય મોટા પાયાના જાહેર ક્ષેત્રના એકમોમાં હેવી વોટર પ્રોજેકટ, ગુજરાત ઇન્ડસ્ટ્રીઝ પાવર કંપની લિમિટેડ (જી.આઇ.પી.સી.એલ) ઓઇલ એન્ડ નેચરલ ગેસ કમિશન (ઓ. એન.જી.સી) અને ગેસ ઓથોરીટી ઓફ ઇન્ડીયા લિમિટેડ (જી.એ.આઇ.એલ) નો સમાવેશ થાય છે. આ જાહેર ક્ષેત્રનાં સાહસો ઉપરાંત અન્ય મોટા પાયાના સાહસો ખાનગી ક્ષેત્રમાં આવેલ છે. જેમ કે, બોમ્બાર્ડીયર ટ્રાન્સપોર્ટેશન એક કેનેડીયન કંપની

જેની સાવલી સાઇટમાં દિલ્હી મેટ્રોનું ઉત્પાદન થાય છે. જનરલ મોટર્સ ALSTOM એબીબી, સિમેન્સ , ફિલિપ્સ, પેનાસોનિક, ફેગ (FAG) સ્ટર્લિંગ બાયોટેક, સન ફાર્માશયુટીકલ્સ અને Areva ટી એન્ડ ડી, બોમ્બાર્ડીયર અને GAGL (ગુજરાત ઓટોમોટિવ ગીયર્સ લિમિટેડ) જેવા ઘણાં ઉત્પાદન એકમો વડોદરામાં સ્થાપિત છે. જેમ કે Haldyn ગ્લાસ, HNG ફલોટ ગ્લાસ લિમિટેડ પિરામલ ગ્લાસ અને ગુજરાત ગ્લાસ વગેરે કોઇ પ્રદેશમાં વિશાળ ઓદ્યોગિકએકમોની સ્થાપના આપમેળે ઘણાં નાનાં સાહસો અસ્તિત્વમાં લઇ આવે છે. વડોદરા શહેર છે. અને આસપાસના વિસ્તારોમાં પણ આ પ્રમાણે ઓદ્યોગિકપ્રવૃતિઓ આજે ધમધમે છે. વડોદરાના ઔદ્યોગિકરણથી માત્ર વડોદરા નહીં પણ આખા ગુજરાત અને ભારતના અન્ય ઉદ્યોગો આકર્ષાયા છે. 'નોલેજ સિટી' કોન્ફેડરેશન ઓફ ઇન્ડિયન ઇન્ડસ્ટ્રીના નજરાણા સાથે, વડોદરા ધીમે ધીમે આઇ.ટી અને અન્ય વિકાસ પ્રોજેકટ માટે ગુજરાતમાં હબ બની રહયું છે. આ સંસ્કારી નગર તરીકે ઓળખાતું વડોદરા તેના ઔદ્યોગિક, સાંસ્કૃતિક સામાજિક ઐતિહાસિક રીતે રહેવા માટે શહેર છે. તેમાં શંકા ને કોઇ સ્થાન નથી.

રાજકોટ શહેર આજી નદીના કાંઠે વસેલું છે. રાજકોટ સૌરાષ્ટ્રનું મહત્ત્વનું શહેર તેમજ પાટનગર માનવામાં આવે છે. રાજકોટ એ 18 લાખથી વધુ વસ્તી ધરાવતું શહેર છે. અમદાવાદ, સુરત, વડોદરા પછી ગુજરાતનું સૌથી મોટું શહેર છે. રાજકોટ ઐતિહાસિક, સામાજિક, સાંસ્કૃતિક દૃષ્ટિએ સૌરાષ્ટ્રનું સૌથી સમૃધ્ધ શહેરોમાંનું એક છે. અને જે રંગીલા રાજકોટના રાજકોટના બિરુદથી ઓળખાય છે. આ શહેરના ઇતિહાસની શરૂઆત ઇ.સ 1612માં ઠાકોર સાહેબશ્રી વિભાજી અજોજી જાડેજાથી થઇ હતી. ઠાકોર સાહેબ વિભાજી એ પોતાના મિત્ર રાજુ સંધિની મૈત્રી જીવંત રાખવા માટે રાજકોટની સ્થાપના નામકરણ કરેલા.

ઇ.સ 1720 માં રાજકોટ ઉપર જૂનાગઢ નવાબના માસુમ ખાને ચડાઇ કરીને ઠાકોર સાહેબશ્રી મહેરામણજી બીજાને હરાવીને રાજકોટને જીતી લીધુ તેથી તેમણે રાજકોટનું નામબદલીને માસુમબાદ કરી નાખ્યું હતુ. ત્યારબાદ 12 વરસ પછી એટલે કે ઇ.સ 1732માં મહેરામણના પુત્ર રણમાલજી એ પોતાના સૈન્ય એકઠું કરીને માસુમખાન પર ચડાઇ કરીને ઠાર માર્યો ફરીવાર પોતાના પિતાની ગાદી મેળવી હતી જેથી ફરીથી તે સમયે ઠાકોર સાહેબ શ્રી રણમાલજી જાડેજાએ આ શહેરનું નામ બદલીને મૂળ નામ રાજકોટ રાખ્યું હતું. આ રીતે રાજકોટનો ઇતિહાસ સમૃધ્ધ છે.

રાજકોટ ઐતિહાસિક સ્થળો અને વારસામાં સમૃધ્ધ છે તે આ યાદી પરથી ખબર પડે છે. મહાત્મા ગાંધીના બાળપણનું મકાને જયારે ગાંધીજીના પિતા તે સમયે સૌરાષ્ટ્રના નવાબ દીવાન હતા. તે સમયે ઇ.સ 1980-81માં બનાવ્યું હતું. રાજકોટ એ સાંસકૃતિક રીતે સમૃધ્ધ છે. તેમ પ્રાકૃતિક સ્થળો પણ ઘણા રમણ્ય અને સંદર જોવાં મળે છે. જેવાં કે લાલપરી તળાવ, ઇશ્વરીયા પાર્ક, ચોટીલા માતાજીનું મંદિર, ભૂતનાથ મહાદેવ જે તાજગીનો અને સંદરતાનો અહેસાસ આપે છે.

સુરત બાદ GDP ની દૃષ્ટિએ તાજેતરમાં રાજકોટનો ક્રમાંક આવેલો હતો. અને રાજકોટ-મોરબી સીરામિકસ, બાલાજી વેફર્સ, ગોલાનું મશીન, સ્ટીલ, નમકીનના ઉદ્યોગ માટે પ્રખ્યાત છે. તેમ જ GIDC ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ ડેવલોપમેન્ટ કોર્પોરેશનની જગ્યા ઘણા બધા ઉદ્યોગો સ્થિત થયેલા છે. શહેરના ઇન્ફાસ્ટ્રકચર વિકાસ માટે વિશ્વબેંકની 280 મિલિયન સહાયથી રાજકોટના અર્થતંત્રને ટેકો મળ્યો હતો. રાજકોટમાં ઝવેરાત, રેશમ, ભરતકામ, બેરિંગસ, સી.એન.સી મશીન ઉત્પાદકોનું ઘર પણ છે. શાપર ભાવનગરરોડ વિસ્તાર સુધી 500 જેટલા ફાઉન્ડ્રી યુનીટ છે. સબમર્શિબલ પમ્પ ક્ષેત્રે રાજકોટ અગાઉ ભારતમાં કેન્દ્ર હતું. છઠી આર્થિક વસ્તી

ગણતરી પ્રમાણે રાજકોટમાં કુલ 2.09 લાખ ઉત્પાદક પેઢીઓ હતી જેમાંથી 34.11% ગ્રામીણ વિસ્તારોમાં અને 65.89% શહેરી વિસ્તારોમાં હતી. કુલ વેપારી પેઢીઓમાંથી 83.40% બિન-ખેતી ક્ષેત્રની અને 16.60 % ખેતી ક્ષેત્રની હતી. લગભગ 7000 વેપારી પેઢીઓ હેન્ડલૂમ અને હસ્તકળાઓ સાથે સંકળાયેલી હતી.

કોષ્ટક : 3 ગુજરાતનાં શહેરો અને તેની મુખ્ય ઉત્પાદક સહકારી મંડળી

| દૂધ ઉત્પાદક સહકારી મંડળી | સ્થળ |
|---|---|
| અમૂલ ડેરી | આણંદ |
| દૂધસાગર ડેરી | મહેસાણા |
| સાબર ડેરી | સાબરકાંઠા |
| સુમુલ ડેરી | બનાસકાંઠા |
| પંચામૃત ડેરી | પંચમહાલ |
| દુધધાર ડેરી | ભરુચ |
| વસુંધરા ડેરી | વલસાડ |

ગુજરાતમાં દૂધ ઉત્પાદકતામાં સહકારી મંડળીઓનો ફાળો ખૂબ મોટો છે. 2009-10માં ગુજરાતમાં 13761 દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ હતી જેની સંખ્યા વધીને 2015-16માં 18149 થઇ છે. 2009-10માં ગુજરાતમાં 113 લાખ લીટરની ક્ષમતા ધરાવતા 15 સહકારી ડેરી પ્લાન્ટોમાં રોજના 94.11 લાખ લિટર દૂધ પ્રાપ્ત થતું હતું. જયારે 2015-16માં ગુજરાતમાં 182.97 લાખ લીટરની ક્ષમતા ધરાવતા 18 સહકારી ડેરી પ્લાન્ટોમાં રોજના 165.85 લાખ લીટર દૂધ પ્રાપ્ત થતું હતું. આમ, ગુજરાતમાં સહકારી ડેરી પ્લાન્ટોની સંખ્યામાં પણ વધારો થયો છે. દૂધ ઉત્પાદનમાં પણ સતત વધારો થયો છે. અહીં એ બાબત પણ મહત્ત્વની છે કે ડેરી ઉદ્યોગ એ માત્ર આર્થિક રીતે જ રાજયને મદદરૂપ થયો છે. તેવુ નથી, ડેરી ઉદ્યોગને કારણે ગામડાઓમાં સામાજિક પ્રશ્નોના પણ ઉકેલ આવ્યા છે. દૂધ ઉત્પાદકોને તેમના દૂધનો યોગ્ય ભાવ મળી રહે દૂધ માટે યોગ્ય બજાર મળી રહે, અને દૂધ સાચવવા માટે યોગ્ય સ્થળ મળી રહે વગેરે જેવી સમસ્યાઓનું નિવારણ પણ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ દ્વારા કરવામાં આવ્યું છે. આમ, સહકારી મંડળીઓનો ફાળો નોંધપાત્ર રહયો છે. 1946 થી ગુજરાતમાં દૂધ ઉત્પાદક સહકારી મંડળીનો પાયો નંખાયો ત્રિભુવનદાસ પટેલ અને શ્વેત ક્રાંતિના પ્રણેતા ર્ડા. વર્ગીસ કુરિયને કારિયા દૂધ ઉત્પાદક સહકારી મંડળીનું નામ અમુલ ( Anand District Milk Producers Union Ltd AMUL) ડેરી રાખ્યુ.

ખંભાતના અખાત પાસે આવેલ શહેર સુરત એ વિશ્વભરના હીરાના વ્યાપાર તથા કારીગરીનું એક મુખ્ય કેન્દ્ર છે. ખંભાતના અખાત પર ભાવનગરની દક્ષિણ–પૂર્વ દિશામાં 50 કિમીના અંતરે અલંગમાં દુનિયાનું સૌથી મોટું વહાણ ભાંગવાનું કારખાનું આવેલું છે. 1859 માં સૌ પ્રથમ 'ધી અમદાવાદ સ્પીનિંગ અને વિવિંગ મિલ્સની કંપની લિમિટેડની સ્થાપના શ્રી રણછોડલાલ દ્વારા કરવામાં આવી હતી. અમદાવાદને ભારતનું માંચેસ્ટર તરીકે પણ ઓળખવામાં આવે છે. અમદાવાદ બાદ સુરત, ભરુચ અને વડોદરાનમાં પણ કાપડની મિલો બની હતી. વડોદરામાં 1885 માં મહારાજા સયાજીરાવ ગાયકવાડે કાપડની પ્રથમ મીલ શરૂ કરાવડાવી હતી. અમદાવાદના મુખ્ય ઉદ્યોગોમાં કાપડ ઉપરાંત કેમિકલ, ફાર્માશ્યુટીકલ અને રાસાયણ ઉદ્યોગોનો પણ સમાવેશ થાય છે. ભારતની સૌથી મોટી બે કંપનીઓ ઝાયડસ અને ટોરેન્ટ ફાર્માશ્યુટીકલ અમદાવામાં આવેલી છે. કોષ્ટક-4 માં ગુજરાતનાં મુખ્ય શહેરો

અને તેના મુખ્ય પાકો અને ઉદ્યોગો દર્શાવ્યા છે.

કોષ્ટક-4 ગુજરાતનાં મુખ્ય શહેરો અને ઉદ્યોગો

| શહેરો | ઉદ્યોગો |
|---|---|
| અમદાવાદ | કાપડઃ કેમિકલ અને ફાર્માશ્યુટીકલ |
| સુરત | કાપડ અને હીરા |
| વડોદરા | કેમિકલ, ફાર્માશ્યુટીકલ અને ડેરી |
| રાજકોટ | સિરામિક અને ઝવેરાત |
| ભાવનગર | કેમિકલ, સ્ટીલ અને રબર |
| જામનગર | બ્રાસ, બાંધણી અને મીઠું |
| જૂનાગઢ | સિમેન્ટ અને મીઠું |
| ગાંધીનગર | ફૂડ પ્રોસેસીગ અને કાપડ |

ગુજરાત સમગ્ર ભારતમાં થતાં મીઠાંના લગભગ 78 % મીઠાનું ઉત્પાદન કરે છે. જામનગર, જૂનાગઢ અને કચ્છ મીઠાંના ઉદ્યોગો માટે જાણીતા છે. રાજયમાં મીઠાંનું સૌથી વધુ ઉત્પાદન કચ્છમાં થાય છે. રાજયમાં થતાં મીઠાંના કુલ ઉત્પાદનમાંથી લગભગ 33 % મીઠું કચ્છમાં 17 % જામનગરમાં અને 14 % જૂનાગઢમાં થાય છે. ગુજરાત હીરા ઉદ્યોગ માટે પણ જાણીતું છે. ગુજરાત રાજયમાં સુરત હીરા ઉદ્યોગ હીરા ઉદ્યોગ માટે જાણીતું શહેર છે. ભારતના કુલ હીરાના વેપારમાં સુરતનો ફાળો 65 % જેટલો છે. સુરત ઉપરાંત અમદાવાદ, રાજકોટ, ભાવનગર અને વલસાડમાં પણ હીરા ઉદ્યોગને લગતી આર્થિક પ્રવૃતિઓ થાય છે. ઈંટ બનાવવા માટે વપરાતી માટી સૌથી વધુ રાજકોટમાંથી મળી આવે છે અને આથી રાજકોટ સિરામિક ઉદ્યોગ માટે જાણીતું છે. જામનગર બ્રાસના ઉત્પાદન માટે જાણીતુ છે.

## 17.6 સારાંશ

આર્થિક વિકાસની દૃષ્ટિએ ગુજરાત એ ભારતનું મહત્ત્વનું રાજય છે. ગુજરાત શરૂઆતથી જ આર્થિક ક્ષેત્રે અગ્રેસર રહયું છે. શહેરીકરણની બાબતમાં પણ અન્ય રાજયો કરતાં ગુજરાત આગળ રહયું છે. ગુજરાતમાં કાપડ,હીરા અને રસાયણ ઉદ્યોગ ખૂબ મોટા પાયે જોવા મળે છે. અમદાવાદને ભારતના માંચેસ્ટર તરીકે જયારે સુરતને ડાયમંડ સીટી તરીકે ઓળખવામાં આવે છે. ગુજરાતનાં ઓદ્યોગિક વિકાસમાં શહેરીકરણનો ખૂબ મહત્ત્વનો ફાળો રહયો છે. આ ઉપરાંત ગુજરાત રાજયમાં બિહાર, ઉત્તરપ્રદેશ, તેમજ ઝારખંડમાંથી પણ મજુરો કામ કરવા માટે આવે છે.

## 17.7 ચાવીરૂપ શબ્દો

શહેરીકરણ : ગ્રામીણ વિસ્તારોની સરખામણીમાં શહેરમાં વસ્તીનું પ્રમાણ વધવુ.

## 17.8 તમારી પ્રગતિ ચકાસો

★ નીચેના પ્રશ્નો ટૂંકમાં સમજાવો

1. શહેરી કરણ એટલે શું ?

2. શહેરીકરણ અને ઓદ્યોગિક વિકાસ વચ્ચેનો સંબંધ સમજાવો.

3. ગુજરાતનાં મુખ્ય શહેરો જણાવો.
4. રાજકોટ શહેરના મહત્ત્વના ઉદ્યોગો જણાવો.
5. સુરત શહેર વિષે માહિતી આપો.

★ નીચેના પ્રશ્નોના જવાબ વિસ્તારે આપો.

1. ગુજરાતનાં મુખ્ય શહેરો અને તેના ઉદ્યોગો વિષે માહિતી આપો.
2. ગુજરાત રાજયની મહત્ત્વની દૂધ ઉત્પાદક ડેરીઓ વિષે જણાવો.
3. વડોદરા શહેરની આર્થિક વિશેષતાઓ સમજાવો.
4. શહેરીકરણનો અર્થ સમજાવી ગુજરાતના કોઇ પણ બે મુખ્ય શહેરો વિષે જણાવો.

★ નીચેના વિધાનો સાચાં છે કે ખોટાં તે જણાવો.

1. અમદાવાદને ભારતના માંચેસ્ટર તરીકે ઓળખવામાં આવે છે.
2. સુરત શહેર ડાયમંડ સીટી તરીકે ઓળખવામાં આવે છે.
3. જૂનાગઢ શહેર સિમેન્ટ અને મીઠાંના ઉદ્યોગ માટે જાણીતુ છે.
4. રાજકોટ હીરા ઉદ્યોગ માટે જાણીતુ છે.
5. જી.એસ.એફ.સી અમદાવાદમાં આવેલી છે.

★ ઉપયોગી લેખો, અહેવાલો, પુસ્તકો અને વેબસાઈટ :


1. દેરાસરી જિગીષા (2013) ગુજરાતમાં ઓદ્યોગિકવિકાસ, ગુજરાત વિશ્વકોષ ટ્રસ્ટ પ્રકાશન
2. અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામક કચેરી (2018-19) સામાજિક-આર્થિક સમીક્ષા 2018-19 ગુજરાત રાજય,
3. http://ic.gujarat.gov.in/documents/pagecontent/Sait/_in_guj_new.pdf
4. http://gujaratindia.gov.in/about-gujrat/cities-guj.htm
5. http://gujaratindia.gov.in/business/major-indus-guj.htm
6. http://vibrantgujarat.com/writereddata/images/pdf/gems.jewellery-sector.pdf
7. http://www.dcmsme.gov.in/dips/DIPS, RAJKOT-guj.pdf
8. http://dcmsme.gov.in/dips/dip ahmedabad_gu.pdf
9. http://www.dcmsme.gov.in/dips/DIP of jamnagar.pdf
10. http://www.dcmsme.gov.in/dips/dip jinagadh_guj.pdf
11. http://www.dcmsme.gov.in/BIP SURAT_guj.pdf
12. http://www.dcmsme.gov.in/dips/BIP VADODARA 100812.doc FRESH.pdf
13. http://www.gadhinagaronline.in/city-guide/business-

and-economy-of-gandhinagar

★ યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પુરો.

1. ગુજરાતમાં વસ્તીની દૃષ્ટિએ પ્રથમ સ્થાન ..............શહેર ધરાવે છે.
   (એ) અમદાવાદ (બી) ગાંધીનગર
   (સી) સુરત (ડી) જૂનાગઢ
2. સમગ્ર વિશ્વમાં જીરાંના ઉત્પાદકતામાં ગુજરાતનો ક્રમ .........છે.
   (એ) પ્રથમ (બી) બીજો
   (સી) ત્રીજો (ડી) ચોથો
3. ગુજરાતમાં 2001 થી 2011 દરમિયાન શહેરી વસ્તીનો વૃદ્ધિદર સૌથી વધારે ............શહેરનો છે.
   (એ) વલસાડ (બી) સુરત
   (સી) અમદાવાદ (ડી) ગાંધીનગર
4. એલેમ્બીક ફાર્મશ્યુટિકલ્સની સ્થાપના.........વર્ષમાં થઈ
   (એ) 1907 (બી) 1928
   (સી) 1910 (ડી) 2015
5. દૂધસાગર ડેરી............શહેરમાં આવેલી છે.
   (એ) આણંદ (બી) મહેસાણા
   (સી) રાજકોટ (ડી) ભાવનગર
6. દૂધધારા ડેરી...........શહેરમાં આવેલી છે.
   (એ) ભરૂચ (બી) રાજકોટ
   (સી) વડોદરા (ડી) અમદાવાદ
7. ગુજરાતમાં દૂધ ઉત્પાદક સહકારી મંડળીનો પાયો.........વર્ષમાં નંખાયો
   (એ) 1925 (બી) 1946
   (સી) 1856 (ડી) 1955
8. શ્વેત ક્રાંતિના જનક.............ને ગણવામાં આવે છે.
   (એ) વર્ગીસ કુરિયન (બી) ત્રિભુવનદાસ પટેલ
   (સી) સ્વામીનાથન (ડી) હરિભાઈ પટેલ
9. મીઠાનું ઉત્પાદન.......જિલ્લામાં સૌથી વધુ થાય છે.
   (એ) કચ્છ (બી) સુરેન્દ્રનગર
   (સી) વલસાડ (ડી) ભાવનગર
10. બ્રાસના ઉત્પાદન માટે.......શહેર જાણીતું છે.
    (એ) જામનગર (બી) રાજકોટ
    (સી) વડોદરા (ડી) ભાવનગર

★ જવાબો :

■ સાચાં ખોટાં.

1. સાચું
2. સાચું
3. સાચું
4. ખોટું
5. ખોટું

■ ખાલી જગ્યા.

| | | | |
|---|---|---|---|
| (1)અમદાવાદ | (2)પ્રથમ | (3)વલસાડ | (4)1907 |
| (5)મહેસાણા | (6)ભરૂચ | (7)1946 | (8)વર્ગીસ કુરિયન |
| (9)કચ્છ | (10)જામનગર | | |

★★★★★★★

BAOU
Education
for all

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

○

DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar, Opp. ShriBalaji Temple
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
Website : www.baou.edu.in

978-93-91468-51-4